Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

વર્ષ : 33 ● અંક : ૨૮૪
તા.૨૩-૧૧-૨૦૧૭, ગુરૂવાર
સંવત ૨૦૭૪ માગસર સુદ - ૦૫
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૫૯ સૂર્યાસ્ત : ૦૫:૫૩

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૧૮.૪ | વડોદરા | ૧૫.૪ |
| અમદાવાદ | ૧૭.૬ | સુરત | ૧૯.૪ |
| ગાંધીનગર | ૧૭.૦ | નલિયા | ૧૦.૦ |

ચાંદી : ૪૦,૬૦૦ સોનું : ૩૦,૫૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# ૫૦ ટકાથી વધુ અનામત અશક્ય : નીતિન પટેલ

## પાટીદારો હાર્દિક અને કોંગ્રેસની લોલીપોપ સામે સાવધ રહે : કોંગ્રેસના એજન્ટોના ચહેરા ઉઘાડા પડી ગયા



અમદાવાદ

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસની તરફેણમાં ઉભા થયેલા પાટીદાર નેતા હાર્દિક પટેલ ઉપર ભાજપે જોરદાર આક્ષેપો કર્યા છે. ભાજપે હાર્દિક પટેલ અને કોંગ્રેસ ઉપર પટેલ સમુદાયને અનામતના નામે ગેરમાર્ગે દોરવા અને તેમને મુરખ બનાવવાનો આક્ષેપ કર્યો છે. ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે આજે હાર્દિક પટેલની જાહેરાત બાદ પ્રતિક્રિયા કરતા કહ્યું હતું કે, એક મૂરખે અરજી આપી હતી અને બીજા મુરખે અરજીને સ્વીકારી લીધી છે. પટેલે હાર્દિકની પત્રકાર પરિષદનો જવાબ આપતા કહ્યું હતું કે, પાટીદાર સમાજની સામે હાર્દિકનો પર્દાફાશ થઇ ચુક્યો છે. તેમણે કહ્યું હતું કે, હાર્દિક હવે વોટ માટે કોંગ્રેસ પાર્ટી સાથે સોદાબાજી કરવામાં લાગેલો છે. પોતાના સ્વાર્થ માટે સમાજને વિભાજિત કરવાના કામ કરી રહ્યો છે. હાર્દિક પર જાતિવાદની રાજનીતિનો આક્ષેપ કરતા નીતિન પટેલે કહ્યું હતું કે, હાર્દિક રાજકીય

અનુસંધાન પાના નં.૬

## ગુજરાત ચૂંટણી : બીજા ચરણ માટે ઉમેદવારી પત્ર ભરવાની શરૂઆત

**પ્રથમ તબક્કા માટે ૧૭૦૩ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી**

અમદાવાદ

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને સ્વતંત્ર અને નિષ્પક્ષરીતે પાર પાડવા તમામ પગાલ લેવામાં આવી રહ્યા છે. એકબાજુ રાજ્યમાં બીજા તબક્કા માટે ઉમેદવારીપત્ર ભરવાની પ્રક્રિયા જાહેરનામુ ૨૦મી નવેમ્બરના દિવસે જારી કરવામાં આવ્યા બાદ શરૂ થઇ ચુકી છે. બીજી બાજુ પ્રથમ તબક્કાની ૮૯ બેઠકો માટે કુલ ૧૭૦૩ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. પ્રથમ અને બીજા તબક્કાની ચૂંટણી માટે ખર્ચ તથા સામાન્ય નિરીક્ષકોને મળીને ૧૯૧ નિરીક્ષકો ગોઠવવામાં આવ્યા છે. હજુ સુધી રાજ્યના ૫૬૪૩૯ હથિયાર પરવાને દારો પૈકી ૫૦૫૮૯એ પોતાના હથિયાર જમા કરાવ્યા છે. રાજ્યમાં આગામી માસમાં ૯ તેમજ ૧૪ ડિસેમ્બર એમ બે તબકકામા રાજ્ય વિધાનસભાની સામાન્ય ચૂંટણી માટે મતદાનની પ્રક્રીયા હાથ ધરવામા આવનાર છે જે દરમિયાન પ્રથમ તબકકામા જે ૮૯ બેઠકો ઉપર ૯ ડીસેમ્બરના રોજ મતદાન પ્રક્રીયા હાથ ધરવામા આવનાર છે તેના માટે કુલ મળીને ૧૭૦૩ જેટલા ઉમેદવારોએ પોતાના ઉમેદવારી પત્રો ભર્યા છે.જેમાં ભાજપે ૧૯૩ અને કોંગ્રેસે ૧૯૬ ઉમેદવારી પત્ર ભરાવ્યા છે.૬મી ફોર્મ પરત ખેંચી લેવાશે.બીજા તબકકા માટે ૧૪મી ડિસેમ્બરના રોજ જે બેઠકો ઉપર મતદાન યોજાવાનુ છે એ બેઠકો માટેનું જાહેરનામુ પ્રસિધ્ધ થતા બીજા તબકકા માટેના ઉમેદવારી પત્ર

અનુસંધાન પાના નં.૬

### ૨૭મી નવેમ્બરથી મોદી મોરચો સંભાળી લેશે

## ગુજરાતમાં ઝંઝાવતી ચૂંટણી પ્રચાર કરવા મોદી તૈયાર

**જુદા જુદા ભાગોમાં ૧૫ રેલી કરશે : ૨૭મી નવેમ્બરના દિવસે ભુજ, અમરેલી, વાપી અને કામરેજમાં રેલી કરશે**

નવીદિલ્હી

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં જીત મેળવી લેવા માટે હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઝંઝાવતી પ્રચાર કરવા માટેની તૈયારી કરી રહ્યા છે. મોદી ૨૭મી નવેમ્બરના દિવસે મોરચો સંભાળી લેશે. મોદી રાજ્યના જુદા જુદા ભાગોમાં ૧૫ રેલી કરનાર છે. આ ઘટનાક્રમ સાથે જોડાયેલા પાર્ટી સુત્રોએ વિગત આપતા કહ્યુ છે કે મોદી જુદા જુદા વિસ્તારોમાં પ્રચાર કરનાર છે. પાટીદારોના ગઢમાં પણ પ્રચાર કરનાર છે. પ્રાથમિક કાર્યક્રમ મુજબ મોદી ૨૭મી નવેમ્બરના દિવસે ભુજ, અમરેલી, વાપી અને કામરેજમાં રેલી કરનાર છે. ૨૯મી નવેમ્બરના દિવસે નવસારી, ભરુચ, જુનાગઢ અને ભાવનગરમાં રેલી કરનાર છે. ત્રીજી ડિસેમ્બરના દિવસે તળાવા, મોરબી અને રાજ-કોટમાં સભા કરનાર છે. ત્યારબાદ ચોથી ડિસેમ્બરના દિવસે રાજ્યના પ્રવાસે આવશે. મોદી સુરેન્દ્ર નગર, પાલિતાણા, કેશોદ અને જામનગરમાં ચૂંટણી પ્રવાસ કરશે. સમગ્ર કાર્યક્રમની ખાસ વિશેષતા એ છે કે મોદી સૌરાષ્ટ્રમાં ૧૧ રેલી કરનાર છે. દક્ષિણ ગુજરાતમાં ચાર રેલી કરનાર છે. આ તમામ વિસ્તારોમાં પાટીદાર સમુદાયના લોકો સૌથી વધારે રહે છે. દક્ષિણ ગુજરાત અને ખાસ કરીને સુરતમાં જીએસટીને લઇને મોટા પાયે વિરોધ પ્રદર્શન થયા હતા. અહીં વેપારીઓને પોતાની તરફેણમાં કરવામાં ખુબ મુશ્કેલી પડી રહી છે. દરમિયાન ભાજપના પ્રવકતા યમલ વ્યાસે કહ્યુ છે કે મોદીના કાર્યક્રમ પર હજુ કામ ચાલી રહ્યુ છે. ગુજરાતમાં છેલ્લા ૨૨ વર્ષથી ભાજપની સરકાર છે.

અનુસંધાન પાના નં.૬

## પાટીદારોને અનામત આપવા માટે કોંગ્રેસ બિલ લાવશે : હાર્દિક પટેલ

**ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં મુખ્ય લડાઇ ભાજપ સાથે છે જેથી પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે કોંગ્રેસને સમર્થન કરશે : કોંગ્રેસ પાસે કોઇ બેઠકો માંગી નથી**

અમદાવાદ

ગુજરાત વિધાનસભાની હાઈપ્રોફાઈલ અને હાઈવોલ્ટેજ ચૂંટણી પહેલા કોંગ્રેસને આજે આખરે મોટી રાહત મળી હતી. કારણ કે પાટીદાર લીડર હાર્દિક પટેલે ભારે કશ્મકશ બાદ કોંગ્રેસ પાર્ટીને સમર્થન આપવાની જાહેરાત કરી હતી. જો કે હાર્દિકે કહ્યુ હતુ કે તેઓ કોઇ પાર્ટીમાં સામેલ થનાર નથી. હાર્દિકે જાહેરાત કરી હતી કે, વિધાનસભા ચૂંટણીમાં તેની લડાઈ ભાજપ સાથે જેથી પ્રત્યક્ષ અથવા પરોક્ષરીતે કોંગ્રેસને સમર્થન આપશે. પાસના સંયોજક હાર્દિક પટેલે કહ્યું હતું કે, કોંગ્રેસે અમારી તમામ માંગો સ્વીકારી લીધી છે. જો કોંગ્રેસ પાર્ટી સત્તામાં આવશે તો અમારી તમામ માંગોને પૂર્ણ કરવા માટે પ્રયાસ કરશે. કોંગ્રેસે અમારી પટેલ અનામતની માંગને સ્વીકારી લીધી છે. પાર્ટીએ વચન આપ્યું છે કે, તે વિધાનસભામાં બિનઅનામત સમુદાય માટે બિલ રજૂ કરશે. હાર્દિકે કહ્યું હતું કે, કેટલાક રાજ્યોમાં અનામતની મર્યાદાને ૪૯ ટકાથી વધુ કરવાને લઇને કોર્ટે પ્રતિબંધ મુકી દીધો છે. આવી સ્થિતિમાં કોઇપણ પ્રકારના બ્રેકથી બચવા માટે કોંગ્રેસ સરકાર બનતાની સાથે જ બિલ લાવશે. તેમણે ઉમેર્યું હતું કે, અનામતની ૪૯ ટકાની મર્યાદાને પાર કરવાની બાબત શક્ય છે અને કેટલાક રાજ્યોમાં આવું થયું પણ છે. કોંગ્રેસે પટેલ સમુદાયને ઓબીસીની જેમ જ અનામત આપવા માટે સંમત થઇ ગઇ છે. પાટીદારોને પણ અન્ય પછાત લોકોની

અનુસંધાન પાના નં.૬

### ૨૬-૧૧ હુમલાની વરસીએઆઈએસ દ્વારા

## હુમલાનો ખુલાસો પીએમ મોદી સહિત મોટા નેતાઓ નિશાન પર

(હિ,સ,) નવીદિલ્હી

૨૬ નવેમ્બર ૨૦૦૮ના રોજ મુંબઈમાં થયેલા આંતકી હુમલાની વરસીની પહેલા એક મોટા આંતકી હુમાલોનું કાવતરુ પકડી પાડવામાં આવ્યું છે. મીડિયાના અહેવાલ મુજબ પાકિસ્તાનની જાસૂસી એજન્સી આઈએસઆઈ એ એક ખતરનાક કાવતરુ કર્યું છે. મીડિયા રિપોર્ટસ મુજતબ આતંકીઓના નિશાના પર પીએમ નરેન્દ્ર મોદી સહિત અનેક મોટા નેતાઓ છે. મળતી માહિતી મુજબ આ હિટ લિસ્ટમાં ગૃહમંત્રી રાજનાથ સિંહ, નાણામંત્રી અરુણ જેટલી, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ નું નામ શામેલ છે.

બતાવામાં આવી રહ્યું છે કે આ નેતાઓની હત્યા માટે ૧૧ આતંકીયોની આત્મઘાતી ટોળી તૈયાર કરવામાં આવી છે. લશ્કર એ તૈયબાના ચીફ મસૂદ અજરહના નજીકના ખાલિદ આ ઓપરેશનું નેતૃત્વ કરી રહ્યો છે. આ ગુપ્ત માહિતી મળ્યા બાદ આંતકીયોના હિટ લિસ્ટમાં શામેલ નેતાઓની સુરક્ષા વધુ સઘન બનાવી દેવામાં આવી છે.

૨૫ નવેમ્બર ૨૦૦૮ના રોજ મુંબઈમામ થયેલા આંતકી હુમલામાં ૧૬૬ લોકોના મોત થયા હતા અને સૈકડો લાકો ઘાયલ થયા હતા. દશ

અનુસંધાન પાના નં.૬

### ચૂંટણીલક્ષી નિર્ણયો લેવાશે અને રણનીતિ ઘડાશે

## ચૂંટણીને લઇને જેડીયુની ૨૫મીએ મહત્વની બેઠક

અમદાવાદ

ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણીમાં જનતાદળ(યુ) વિસર્જિત શરદ યાદવ જૂથ મારફતે ઉત્તર ગુ-જરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રના ૧૪ જિલ્લાના પ્રમુખો અને ઉપપ્રમુખોની એક મહત્વની બેઠક ગાંધીનગર ખાતે તા.૨૫મી નવેમ્બર, ૨૦૧૭ના રોજ બોલાવવામાં આવી છે. જેમાં ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઇ મહત્વના નિર્ણયો લેવાશે. તદુપરાંત, કોંગ્રેસ સાથે ગઠબંધન છે તે ન્યાયસંગત છે કે કેમ તે મુદ્દે પણ નિર્ણય લેવામાં આવશે. તમામ હોદ્દેદારોની રજૂઆત અને અભિપ્રાય ધ્યાનમાં લીધા બાદ ચૂંટણીની આગળની રણનીતિ નક્કી કરવામાં આવશે એમ ગુજરાત પ્રદેશ જનતાદળ(યુ)ના ઉપપ્રમુખ ગોવિંદભાઇ જાદવે જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, કોઇ ગુનાહિત ઈતિહાસ ધરાવનાર કે કોઇ ગંભીર કેસોમાં સંડોવણી ધરાવતા હોય તેવા કોઈપણ ઉમેદવારને અમે ટિકિટ આપીશું નહી. અમારી વિચારધારાને વરેલા સ્વચ્છ ઉમેદવારોને જ જનતાદળની ટિકિટ ફાળવવામાં આવશે. બિહારમાં ભલે નીતિશકુમાર ભાજપ સાથે જોડાણ કરે પરંતુ ગુજરાતમાં જનતાદળ(યુ) તેની રીતે અસ્તિત્વ ટકાવી રાખવા મક્કમ છે એમ ગુજરાત પ્રદેશ જનતાદળ(યુ)ના ઉપપ્રમુખ ગોવિંદભાઇ જાદવે ઉમેર્યું હતું. તેમણે સ્પષ્ટ કર્યું કે, જનતાદળ(યુનાઇટેડ) પૂર્વ

અનુસંધાન પાના નં.૬

### વિચાર વૈભવ...

'રાજન્, આપના ચરણે એક નાનકડી ભેટ મુકવા માગું છું' માળીએ રાજા સમક્ષ પોતાની વાત મૂકી.

'શી ભેટ આપવી છે?'

'જાંબુ'

આમ કહીને માળીએ રાજા સમક્ષ જાંબુની ટોપલી મૂકી. રાજાએ એમાંથી બે - ત્રણ જાંબુ ઉઠાવ્યા અને પોતાના મોઢામાં મૂકયા પણ સ્વાદમાં એ બેસ્વાદ નીકળ્યા અને રાજાએ એ જાંબુ મોઢામાંથી બહાર કાઢીને માળીના મોઢા પર માર્યા પણ જેવા એ જાંબુ માળીના મોઢા પર આવ્યા, માળી હસવા લાગ્યો,

'તું હસે છે કેમ? રાજાએ પૂછ્યું.

'પહેલાં તો આપના ચરણે નાળિયેર મૂકવાનો વિચાર જ મેં કર્યો હતો પણ પછી વિચાર બદલાયો અને જાંબુ લઈ આવ્યો. જો મેં નાળિયેર મૂકયા હોત તો મારી હાલત શી થાત?'

*****

વિજ્ઞાનની એક જ વાત છે સૃષ્ટિ બદલી નાખવાની. જ્યારે ધર્મની એક જ વાત છે દૃષ્ટિ બદલી નાખવાની. સૃષ્ટિને બદલાવી નાખવામાં વિજ્ઞાન સફળ બની પણ જાય તો ય માણસના દુઃખો ઘટવાના નથી. કારણ કે દુઃખનું કેન્દ્રબિંદુ બગડેલી સૃષ્ટિ નથી પણ બગડેલી દૃષ્ટિ છે. જ્યારે દૃષ્ટિ પરિમાર્જનની દિશામાં ધર્મ સફળ બની જાય તો પછી સૃષ્ટિના બગાડા વચ્ચે પણ માણસને સુખી બનતો કોઈ રોકી શકવાનું નથી. કારણ કે સુખનું કેન્દ્રબિંદુ પરિમાર્જિત થયેલ દૃષ્ટિ છે. સાવધાન!

શ્રીમદ્ વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ

### સાર સમાચાર...

**૧૫ ડિસેમ્બરથી ૫ જાન્યુઆરી સુધી ચાલશે સંસદનું શિયાળુ સત્ર**

ન્યુદિલ્હી

સંસદના શિયાળુ સત્ર બાબતે થઈ રહેલો રાજનૈતિક વિવાદ સમી ગયો છે. નાણાં મંત્રી અરૂણ જેટલીએ પ્રેસ કોન્ફરન્સમાં માહિતી આપી કે સંસદનું શિયાળુ સત્ર ૧૫ ડિસેમ્બરથી શરૂ કરીને ૫ જાન્યુઆરી સુધી ચાલશે. શિયાળુ સત્રને લઈને મોદી સરકાર પહેલાથી જ કોંગ્રેસ સરકાર સહિત વિપક્ષના નિશાને છે. આજે અરૂણ જેટલી અને કાયદા મંત્રી રવિશંકર પ્રસાદે જાહેરાત કરી કે સંસદનું શિયાળુ સત્ર ૧૫ ડિસેમ્બરથી ૫ જાન્યુઆરી સુધી ચાલશે. નિયમોનુસાર તારીખ ની જાહેરાતના ૧૫ દિવસ બાદ સંસદનું સત્ર બોલાવવામાં આવે છે. અત્યાર સુધી કોંગ્રેસ સહિત તમામ વિપક્ષી દળ સત્ર શરૂ થવા બાબતે મોદી સરકાર પર સતત વાર કર્યા હતા. કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી ની સાથે જ પાર્ટીના બીજા મોટા નેતાઓએ મોદી સરકારને નિશાને લીધી હતી અને કહ્યુ હતુ કે મોદી સરકારમાં સંસદનો સામનો કરવાની હિમ્મત નથી અને આજ કારણોસર જાણીજોઈને તેઓ સંસદનું શિયાળુ સત્ર પાછુ ઠેલી રહ્યા છે.

### ગતકડું....

- દેવન વ્યાસ



તને ટીકીટ તો મળી ગઈ હવે જીત મળશે કે નહીં ? એ ચિંતામાં રહેવાનું છોડી પ્રચારમાં લાગી જા....!!!!

### પાલનપુરમાં 'ચાય પે ચર્ચા' રાજકીય દંગલમાં ફેરવાઈ

## કોંગ્રેસે તોડફોડ કરી બહિષ્કાર કર્યો : આપના નેતા સાથે ભાજપી કાર્યકરોએ હાથાપાઈ કરી





સંજય જોષી

**ખાનગી ચેનલની ડીબેટમાં રાજકીય કાર્યકરોનું વરવું પ્રદર્શન**

પાલનપુર

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈને પાલનપુર ખાતે ખાનગી ન્યૂઝ ચેનલએ 'ચાય પે ચર્ચા' નામે ડિબેટ યોજી હતી. જે ડીબેટમાં રાજકીય પક્ષોના કાર્યકરોના વરવા પ્રદર્શનને લઈને "ચાય પે ચર્ચા" રાજકીય દંગલમાં ફેરવાઈ હતી.

પાલનપુર અમદાવાદ હાઈવે પર એક ખાનગી રાષ્ટ્રીય ન્યૂઝ ચેનલે 'ચાય પે ચર્ચા' નામે ડિબેટ યોજી હતી. જેમાં આપના નેતા ભેમા ભાઈએ કરેલી લેખિત ફરિયાદમાં જણાવ્યા મુજબ, આ ડિબેટ દરમિયાન ટી. વી.એન્કર દ્વારા એકતરફી વર્તી કૉંગ્રેસ વિરોધી પ્રશ્નો પૂછતાં ઉપસ્થિત કોંગી કાર્યકરો રોષે ભરાઈ હોબાળો મચાવ્યો હતો. જેની સામે ભાજપ ના કાર્યકરોએ પણ ભારે સુત્રોચ્ચાર કરી દેકારો મચાવ્યો હતો. આમ, ટી.વી.ડીબેટમાં ભાજપ તરફી વલણને પગલે રોષે ભરાયેલા કૉંગી કાર્યકરોએ ખુરશીઓ ઉછાળી બેનરો ફાડી તોડફોડ કરી ભારે સુત્રોચ્ચાર સાથે કાર્યક્રમનો બહિષ્કાર કરી પોતાના ધારાસભ્ય મહેશ પટેલને લઈને જતા રહ્યા હતા.

દરમિયાન, રાજકીય દંગલમાં ફેરવાયેલ કાર્યક્રમનું આમ આદમી પાર્ટી ગુજરાતના ઉપાધ્યક્ષ ભેમાભાઈ ચૌધરી પોતાના મોબાઈલ વડે એફ.બી.પર લાઈવ મુકવા માટે શૂટિંગ કરી રહ્યા હતા. ત્યારે ડિબેટ કરવા આવેલી ખાનગી ન્યૂઝ ચેનલના કેમેરામેને "તુમ યે ક્યાં કર રહે હો" કહી માથાના ભાગે કેમેરો મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારે ભાજપ તરફી માનસિકતા ધરાવતી આ ટી.વી. ન્યૂઝ ચેનલની વ્હારે ચડીને આવેલા ભાજપી કાર્યકરોએ પણ આપના નેતા ભેમાભાઈ ચૌધરી સાથે હાથાપાઇ પર ઉતરી આવી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની લેખિત ફરિયાદ પાલનપુર પશ્ચિમ પોલીસ સ્ટેશનએ ભેમાભાઈ ચૌધરીએ આપી તપાસની માંગ કરી હતી. જોકે, ઘટનાને પગલે લોકોના ટોળેટોળાં એકત્ર થઇ ગયા હતા. આ સમગ્ર ઘટના ટોક ઓફ ધી ટાઉન બની હતી.

**જાહેરનામાંનો ભંગ થયો હોવાની રાવ**

પાલનપુરમાં ખાનગી ન્યૂઝ ચેનલે વિના પરવાનગીએ ડિબેટ યોજી હોવાનો આક્ષેપ ભેમાભાઈ ચૌધરીએ કર્યો હતો. હાલમાં આદર્શ આચારસંહિતાના અમલ વચ્ચે જિલ્લા ચૂંટણી અધિકારીના જાહેરનામા પણ અમલમાં છે. ત્યારે વગર મંજુરીએ યોજાયેલા કાર્યક્રમને પગલે ૫૦૦થી વધુ લોકો એકત્ર થયા હતા. જ્યાં આજે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળવાની સાથે જાહેર સુલેહ શાંતિનો ભંગ થવા ની પ્રબળ શક્યતાઓ વચ્ચે વગર પરવાનગીએ યોજાયેલી ડિબેટ પોલીસ સહિત જિલ્લા પ્રશાશન કેટલું સતર્ક છે તેની ગવાહી પુરી પાડી રહ્યું છે. ત્યારે જિલ્લા ચૂંટણી અધિકારી પગલાં ભરે તેવી માંગ ઉઠી છે.

## ધાનેરાના કાર્યકર્તાઓ દ્વારા આયાતી ઉમેદવારોનો વિરોધ




એન.કે.મોદી

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા ખાતે ભાજપ દ્વારા માવજીભાઈ દેસાઈનું નામ ચર્ચામાં આવ્યું છે. ત્યારથી સ્થાનિક ભાજપના કાર્યકર્તાઓમાં નારાજગી છવાઈ છે.

નારાજ કાર્યકર્તાઓની માંગ છે કે ભલે કોઈપણ ઉમેદવારને ટીકીટ આપો પણ સ્થાનિક હોવો જોઈએ જો આયાતી હશે તો ધાનેરાની જનતા તેમને સાથ નહી આપે અને આખરે પાર્ટીને સીટ ખોવાનો વારો આવશે.

ત્યારે ગઈકાલથી ધાનેરામાં આયાતી ઉમેદવારના વિરોધમાં પ્રધાનમંત્રી અમારા મનની વાત સાંભળો અને સ્થાનિક ઉમેદવાર નેજ ટીકીટ આપો એવા બેનર ગામડે ગામડે અને ધાનેરા શહેરમાં લાગ્યા છે.ત્યારે હવે જોવાનું એ રહ્યું છે કે ભાજપ કાર્યકર્તાઓને નારાજ કરીને આયાતી ઉમેદવારને ટીકીટ આપશે કે પછી સ્થાનિક ઉમેદવારને ટીકીટ આપશે.જો સ્થાનિક ઉમેદવાર નહી તો તેનો સીધો ફાયદો વિપક્ષ પાર્ટીને થશે. જ્યારે આ બાબતે વસતભાઈ પુરોહિતનો સંપર્ક સાધતાં તેઓએ જણાવેલ કે કાર્યકર્તાઓમાં કોઈ નારાજગી નથી કમળને જ પ્રાધાન્ય આપવામાં આવશે. ભાજપ જેને પણ ટીકીટ આપશે. તેને બહુમતિથી ચુંટણીમાં આવશે ધાનેરામાં ભાજપની જીત નક્કી જ છે.

**સૂર્યોદય - ૬.૫૯ સૂર્યાસ્ત - ૫.૫૩**

## તિથિદર્શન

માગસર સુદ-૫ ગુરુવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ માગસર સુદ :પાંચમ ગુરૂવાર નક્ષત્રઃ પૂર્વષાઢા સવારે ૬.૫૯ પછી ઉત્તરષાઢા યોગ : ગંડ કરણઃબવ આજે જન્મેલા બાળકની રાશી (ભ.ફ.ધ.) બપોરે ૧.૪૭ પછી મકર (ખ.જ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

**ઈયં પ્રીતિર્વલ્લી હૃદયભુવિ દેવાત્સમુદિતા, તથા યત્નાદક્ષ્યા પ્રકૃતિ મૃદુલાપાય બહુલા**
**યથા નૈનાં સ્દીતાં પિશુનજન દુર્વાક્ય દહનો દહત્યન્તઃ શેષં વ્રંજતિ ન પુનઃ સૌહૃદનિધેઃ**

આ પ્રીતિરૂપી વેલ, દૈવ કૃપાથી હૃદયભૂમિ ઉપર ઉગી છે, પ્રકૃતિથી જ એ મૃદુ છે, અને તેના પર વિઘ્નો અને હાનિઓ પણ ઘણી રહેલી છે. આવાં જોખમોમાંથી પસાર થઈને વેલ મોટી થઈ હોય તેને દ્વેષી ચાડિયાઓ દુષ્ટ વચનો રૂપ અગ્નિથી બાળી ન નાંખે અથવા સૌહાર્દ- મૈત્રી (પ્રેમ- સંબંધ) રૂપી નિધિની અંદર ને અંદર જ શંકાને કારણે સુકાઈ ન જાય તે માટે પ્રયત્નપૂર્વક રક્ષણ કરવું જોઈએ.

આજના યુગમાં- કુટુંબ- પરિવાર કે સમાજમાં એકતા- પ્રેમ- મીઠાશના સંબંધો હોય તે દ્વેષી- ઈર્ષાળુ - ચાડિયા જેવા લોકોને વિના કારણ ફાટફૂટ થાય એવાં કારણો શોધી જે પ્રેમ- લાગણી સંબંધો હોય એમાં ફાયર મારવાના પ્રયાસ કર્યા કરતા જ હોય છે. આવા માણસો જાતે નકારાત્મક વિચારશ્રેણી ધરાવતા હોય છે. આવા મંથરા ટાઈપ માણસો કોઈ પણ જગ્યાએ પ્રેમ- લાગણી - વાત્સલ્ય જોઈને ખુશ નથી થતા પણ દાઝે છે, 'પ્રેમીઓ'માં આજે કુટુંબની મર્યાદાના નામે 'મર્સી કિલિંગ' હાલી નીકળ્યું છે. આજના આવા કલુષિત કલયુગી વાતાવરણમાં સ્નેહ-પ્રેમ સાચવવો મુશ્કેલ છે.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) આકસ્મિક ધન લાભ થાય, દિવસ આનંદમય વ્યતિત થાય.**
**વૃષભ : (બ.વ.ઉ.) વડીલ વર્ગથી લાભ મેળવી શકશો, નવિન શુભ સમાચાર મળે.**
**મિથુન : (ક.છ.ઘ.)આર્થિક લાભ મેળવી શકશો, શેર-સટ્ટામાં લાભ મેળવી શકશો.**
**કર્ક : (ડ.હ.) જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે, કોર્ટ-કચેરીને લગતા કાર્યમાં સફળતા મળે.**
**સિંહ : (મ.ટ.) સ્વમાન ઘવાય તેવા પ્રસંગ બને, આર્થિક પરિસ્થિતિ તંગ રહે.**
**કન્યા : (પ.ઠ.ણ.) મુસાફરી-પ્રવાસમાં લાભ થાય, આરોગ્ય બાબતે સાવચેતી રાખવી.**
**તુલા : (ર.ત.) પડવા-વાગવાથી સંભાળવું, આવક કરતા જાવકનું પાસુ વિશેષ રહે.**
**વૃશ્ચિક : (ન.ય.) પ્રગત્તિની દિશા ખુલે, મનમાં ગુપ્તચિંતા રહે.**
**ધન : (ભ.ફ.ધ.)વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું, મનમાં ગુપ્ત ચંતા રહે.**
**મકર : (ખ.જ.)મનનું ધાર્યુ થાય નહીં, કાર્યબોઝમાં વધારો થાય.**
**કુંભ : (ગ.શ.સ.) મનમાં આનંદ રહે, પ્રસાવ-મુસાફરીના યોગ છે.**
**મીન : (દ.ચ.જ.થ.)નવિન કાર્યમાં સફળતા મળે, લાભની તક સાંપડે.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

પ્રચંડ મેધાવી વૈજ્ઞાનિક સર જગદીશચંદ્ર બોઝની પુણ્યતિથિ છે.

એમનો જન્મ ૩૦-૧૧-૧૮૫૮ના રોજ થયો હતો. ભૌતિક રાસાયણિક અને વનસ્પતિવિષયક શાસ્ત્રોમાં લંડન તથા કેમ્બ્રિજમાં જઈને ઉપાધિઓ મેળવી અને ત્યાંથી પાછા આવ્યા પછી કલકત્તાની પ્રેસિડન્સી કોલેજમાં ભૌતિક વિજ્ઞાનના પ્રોફેસર નિમાયા. 'વાયરલેસ'ની શોધ 'માર્કોની' પહેલા એમણે કરી.

૭૯ વર્ષનું દીર્ઘ આયુષ્ય ભોગવી તેઓનું ૨૩-૧૧-૧૯૭૩ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

ISO 9001 : 2015 CERTIFIED
॥ રોકાણકારોની શ્રધ્ધા અતૂટ..... અમે વિશ્વાસનું પ્રતિક ॥
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
www.Investmentpoint.in
Stock Market Trading Consultancy
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808
hellonikhilbhatt@gmail.com

## તા.૨૩.૧૧.૨૦૧૭ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે.......

**નિફ્ટી ફ્યુચર ૧૦૪૦૪ પોઈન્ટ સ્ટ્રોંગ સપોર્ટ...!!**

**તા. ૨૨.૧૧.૨૦૧૭ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૩૬૦ પોઈન્ટ :-**

**આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૪૦૪ પોઈન્ટના પ્રથમ અને ૧૦૪૪૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૩૩૩ પોઈન્ટ થી ૧૦૩૦૩ પોઈન્ટ, ૧૦૨૭૩ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૪૪૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા.૨૨.૧૧.૨૦૧૭ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૫૮૦૦ પોઈન્ટ :-**

**આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૫૯૦૯ પોઈન્ટના પ્રથમ અને ૨૬૦૦૯ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૫૭૩૦ પોઈન્ટ થી ૨૫૬૬૦ પોઈન્ટ, ૨૫૬૦૬ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૬૦૦૯ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક.....

**HDFC લીમીટેડ (૧૭૧૮) :- HDFC ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૭૦૩ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૬૯૩ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૭૩૩ થી રૂ.૧૭૪૦ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૭૪૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**તાતા સ્ટીલ (૭૧૧) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૬૯૦ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૬૭૩ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૭૩૩ થી રૂ.૭૪૦નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!**

**સન ફાર્મા (૫૩૮) :- રૂ.૫૧૬ પ્રથમ તેમજ રૂ.૫૦૯ ના બીજા સપોર્ટથી ફાર્મા સેક્ટરનો રોકાણલક્ષી રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૫૫૭ થી રૂ.૫૬૫ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!**

**બાયોકોન (૪૧૦) :- બાયો - ટેકનોલોજી સેક્ટરના આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૪૨૯ થી રૂ.૪૩૫ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૩૯૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!**

**JSW સ્ટીલ (૨૬૯) :- રૂ.૦૧ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૨૫૬ના સ્ટોપલોસ આસપાસ રોકાણલક્ષી ખરીદવાલાયક ..!! સ્ટીલ સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૨૮૩ થી રૂ.૨૯૦ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ......!!**

**હીરો મોટો કોર્પ (૩૬૭૨) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ઓટો સેક્ટરનો આ સ્ટોક રૂ.૩૭૦૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૩૬૧૬ થી રૂ.૩૬૦૩ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૩૭૩૭ સ્ટોપલોસ ધ્યાને લેવો....!!**

**TCS લીમીટેડ (૨૬૯૦) :- રૂ.૨૭૦૯ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૨૭૧૭ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૨૬૬૦ થી રૂ.૨૬૪૪ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૨૭૨૭ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

**ડીવીઝ લેબ (૧૦૨૩) :- ફાર્મા સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૧૦૩૯ ના સ્ટોપલોસથી વેચાણ લાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૧૦૦૯ થી રૂ.૯૯૭ ના ભાવની આસપાસ નફો બુક કરવો....!!**

**HCL ટેકનોલોજી (૮૪૨) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ટેકનોલોજી સેક્ટરનો આ સ્ટોક રૂ.૮૬૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૮૩૦ થી રૂ.૮૧૮ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૮૭૩ સ્ટોપલોસ ધ્યાને લેવો......!!**

**રિલાયન્સ ઇન્ફ્રા (૪૪૮) :- રૂ.૪૫૮ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૪૬૭ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૪૩૩ થી રૂ.૪૨૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૪૭૩ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!
તબક્કાવાર નફો બુક કરે એ શાણો રોકાણકાર...!!

**એક્ષપેન્ડીચર ઓબ્ઝર્વરોની ઉપસ્થિતિમાં**

# પાલનપુર ખાતે ચૂંટણીના નોડલ ઓફિસરોની બેઠક યોજાઇ



પાલનપુર

વિધાનસભા સામાન્ય ચુંટણી-૨૦૧૭ અન્વ યે ચૂંટણી ખર્ચ પર દેખરેખ અને નિયંત્રણ માટે ભારતના ચૂંટણી પંચ ધ્વારા બનાસકાંઠા જિલ્લાની નવ વિધાનસભા બેઠકો માટે ત્રણ એક્ષપેન્ડીચર ઓબ્ઝર્વરશ્રીઓની નિમુંણક કરવામાં આવી છે. તેઓશ્રીની ઉપસ્થિતિમાં પાલનપુર મુકામે કલેકટરની કચેરી ખાતે ચૂંટણીના નોડલ ઓફિસરોની બેઠક યોજાઇ હતી.

બેઠકમાં વિધાનસભા ચૂંટણીમાં ખર્ચ સંબંધી કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. નોડલ ઓફિસરઓએ ચૂંટણીલક્ષી કામગીરી માટે ગોઠવાયેલ વ્યવસ્થાની જાણકારી આપી હતી. બેઠકમાં એક્ષ પેન્ડીચર ઓબ્ઝર્વર સંજય પાંડેએ જણાવ્યું કે બનાસકાંઠામાં જિલ્લાબ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી આર.જે.માકડીયાના નેતૃત્વય અને માર્ગદર્શન હેઠળ ચૂંટણીલક્ષી તમામ તૈયારીઓ સારી રીતે કરવામાં આવી છે. તેમણે કહ્યું કે વિધાનસભા ચૂંટણી તટસ્થમ, નિર્ભય અને નિષ્પેક્ષ માહોલમાં યોજાય તે માટે કાળજીપૂર્વક ફરજ બજાવીએ. તેમણે ખર્ચ નિયંત્રણ અંગે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી આર.જે. માકડીયાએ ચૂંટણીલક્ષી કામગીરી માટે અધિકારીઓને જરૂરી માર્ગદર્શન અને સુચના આપી હતી. તેમણે કહ્યું કે વિધાનસભા ચૂંટણી તટસ્થર, નિર્ભય, નિષ્પલક્ષ અને મુક્ત માહોલમાં યોજવા કાળજીપૂર્વક આપણી ફરજ નિભાવીએ.

બેઠકમાં ચીફ નોડલ ઓફીસર ખર્ચ નિયંત્રણ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી અમિત અરોરા, પોલીસ અધિક્ષકશ્રી નિરજ બડગુજર, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી વી.કે. ઉપાધ્યાય, આદર્શ આચારસંહિતાના નોડલ ઓફિસરશ્રી વિપુલ મહેતા સહિત તમામ નોડલ ઓફિસરશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ડીસામાં હઝરત સૈયદ અફ્સરઅલી બાવાની દિકરીના લગ્ન પ્રસંગે હિન્દુ - મુસ્લિમ એકતાના દર્શન

પ્રતિનિધિ રાજપુર



જમીલ મેમણ

ડીસામાં હિન્દુ- મુસ્લિમો એકતાના પ્રખર હિમાયતી હઝરત સૈયદ ભાઈજાનબાવાના ભાઈ સૈયદ અફ્સરઅલી બાવાની દિકરી સૈયદા સદાઅત ફાતેમાના લગ્ન પ્રસંગે દરગાહ કંમ્પાઉન્ડમાં જમણવારનું આયોજન કરાયું હતું. જેમાં હજ્જારોની સંખ્યામાં મુસ્લિમ અગ્રણીઓ હાજર રહ્યા હતા. જ્યારે ગત રાત્રિના સુમારે ડીસાની હોટલમાં આયોજીત સ્વાગત સમારોહમાં ડીસાના હિન્દુ આગેવાનોમાં જાણીતા ડૉક્ટરો, ઉદ્યોગપતિઓ, રાજકારણીઓ, કોર્પોરેટરો નામાંકિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સૈયદ અફ્સરઅલી બાવા તથા હઝરત સૈયદ મહંમદઅલીબાવા તથા હઝરત સૈયદ હસનઅલીબાવાએ ઉપસ્થિત રહી મહેમાનોને આવકાર્યા હતા. જ્યારે ઉપસ્થિત મહાનુભાવોએ દિકરીના શુભ લગ્ન નિમિત્તે આશીર્વચન પાઠવી લગ્ન સુખમય વિતે તેવી શુભેચ્છા પાઠવી હતી. તેથી કોમી એકતાના દ્રશ્યો સર્જાયા હતા.

# ડીસા બેઠક માટે પ્રાંત કચેરી ડીસા ખાતે ઉમેદવારી નોંધાવી શકાશે

પાલનપુર

વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અન્વયે ૧૩-ડીસા વિધાનસભા મતદાર વિભાગ માટે ઉમેદવારી પત્રો તા.૨૦/૧૧/૧૭ થી તા.૨૭/૧૧/૧૭ સુધી (જાહેર રજાના દિવસો સિવાય) સવારના ૧૧.૦૦ થી બપોરના ૩.૦૦ વાગ્યા સુધી સ્વીકારમાં આવશે. ઉમેદવારી પત્રોની ચકાસણી પ્રાંત ઓફિસર ડીસાની કચેરી ખાતે તા.૨૮/૧૧/૨૦૧૭ના રોજ હાથ ધરવામાં આવશે. ઉમેદવારી પાછી ખેંચવાની સમય મર્યાદા તા.૩૦/૧૧/૧૭ ના બપોરના ૩.૦૦ વાગ્યા સુધીની છે તેમ ચૂંટણી અધિકારી ૧૩-ડીસા વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત ઓફિસરશ્રી ડીસા ધ્વારા જણાવાયું છે.

# ભાભરમાં રોહિત સમાજના તેજસ્વી તારલા સન્માન સમારોહ યોજાયો

પ્રતિનિધિ ભાભર

ભાભરમાં ખાતેના સૂચિત ડૉ.આંબેડકર ભવન ભાભરમાં ઉત્તર ગુજરાત રોહિત સમાજ સેવા ટ્રસ્ટ- રાધનપુરનો દશમો તેજસ્વી તારલા સન્માન સમારોહ યોજાયો હતો.

જેમાં સમારોહનો અધ્યક્ષ પદે રમણભાઈ કે. પરમાર અને મુખ્ય મહેમાન પદે મોહનભાઈ રાજ રહ્યા હતા. સમારોહમાં તેજસ્વી તારલાઓ, તેના વાલી, નવનિયુક્ત, નિવૃત્ત કર્મચારીઓ, ચૂંટાયેલા પદાધિકારીઓનું શિલ્ડ, પ્રમાણપત્ર આપી શાલ ઓઢાડીને સન્માનિત કરાયા હતા. ૧૮૦ સન્માનિતોને ડૉ.બાબાસાહેબના પુસ્તકો અને ફોટા આપીન સન્માન કર્યું હતું. દાતાઓએ વિદ્યાર્થીઓને સહાયક બને તેવી ભેટો આપી હતી. સંત ગણપતદાસ બાપુએ આશીર્વચન આપ્યા હતા. મોહનભાઈએ ડૉ.બાબા સાહેબના જીવન પ્રસંગો, સંઘર્ષ વિશે વિદ્યાર્થીઓને સફળતાની પ્રેરણા પુરૂ પાડતુ હૃદયસ્પર્શી વક્તવ્ય આપ્યું હતું.

આ સમારોહને સફળ બનાવવા અને સંચાલન ધરમસિંહ પરમાર, રત્નાભાઈ ચાંચાણી, સુરેશભાઈ પરમાર, રઘુભાઈ પરમાર, મગનલાલ ડી. પરમાર, આલજીભાઈ પરમાર, રવાભાઈ પરમાર વગેરે ભારે જહેમત ઉઠાવી પુરૂ પાડ્યું હતું.

# જવાહર નવોદય વિદ્યાલયમાં બાળકોના પ્રવેશ મુદ્દે જનજાગૃતિ



મહાદેવ પરમાર

પ્રતિનિધિ રવિયાણા

કાંકરેજ તાલુકામાં જવાહર નવોદય વિદ્યાલય દાંતીવાડામાં પ્રવેશ માટે વિદ્યાલય દ્વારા પ્રચાર પ્રસાર અને ધો.૬ થી પ્રવેશ મળતો હોઈ તાલુકાના વાલપુરા, થરા, સમણવા, ખોડી, ખીમાણા અને રવિયાણા ગામની શાળાઓમાં વિદ્યાલય ના શિક્ષક ગુમાનસિંહ દ્વારા પ્રચાર પ્રસાર તથા કેન્દ્ર, પુરૂષકૃત ધો. ૬ થી ૧૨ આવાસી નિઃશુલ્ક અને ગુણવત્તા યુક્ત શિક્ષણ માટે શાળાઓનું મુલાકાત લે છે અને બહોળા બાળકો આમાં પ્રવેશ મેળવે તે હેતુથી વિદ્યાલય દ્વારા પ્રચાર પ્રસાર કરવામાં આવી રહ્યો છે સંસ્થાના આવા પ્રચાર પ્રસારથી બાળકો તથા વાલીઓ અને શિક્ષણવિદો આ કાર્યને બિરદાવી રહ્યા છે. ફોર્મની ચકાસણી અને સ્વીકારી રહ્યા છે.

**પાલનપુર બેઠકના ઉમેદવારના**

# સોગંદનામાની નકલ રાજકીય પક્ષો, ઉમેદવારો અને મિડીયાના પ્રતિનિધિઓ મેળવી શકાશે

પાલનપુર

વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અન્વયે ૧૨-પાલનપુર વિધાનસભા મતદાર વિભાગમાં ગુજરાત વિધાન સભાના સભ્યની ચૂંટણી તા.૧૪/૧૨/૨૦૧૭ના રોજ યોજાનાર છે. જે અંગેના ઉમેદવારી પત્રો તા.૨૦/૧૧/૧૭ થી તા.૨૭/૧૧/૧૭ સુધી (જાહેર રજાના દિવસ સિવાય) સવારના ૧૧.૦૦ થી બપોરના ૩.૦૦ કલાક દરમ્યાન ચૂંટણી અધિકારી ૧૨-પાલનપુર વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી પાલનપુરની કચેરી તથા મદદનીશ ચૂંટણી અધિકારી ૧૨-પાલનપુર વિધાનસભા મતદાર વિભાગ અને મામલતદાર પાલનપુરની કચેરી ખાતે રજુ કરી શકાશે. આ ઉમેદવારીપત્રો સાથે નમૂના-૨૬ મુજબના સોગંદનામા તથા વધારાના સોગંદનામાની નકલ ઉમેદવારો, પ્રસાર માધ્યમના પ્રતિનિધિશ્રીઓ, રાજકીય પક્ષો કે વ્યક્તિગત માંગણી કરવાથી ધોરણસરની પ્રક્રિયા બાદ મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી ૧૨-પાલનપુર મતદર વિભાગ અને મામલતદારશ્રી પાલનપુર ની કચેરી ખાતેથી મેળવી શકાશે.

**પદ્માવતીના રિલિઝ પર પ્રતિબંધ મૂકતુ ગુજરાત ચોથુ રાજ્ય**

# ફિલ્મ પદ્માવતી ગુજરાતમાં રિલિઝ નહિ થાય : રૂપાણી

**આ ફિલ્મથી લોકોની લાગણી દુભાઈ છે : મુખ્યમંત્રી**

(જી.એન.એસ) ગાંધીનગર

ફિલ્મ 'પદ્માવતી'નો વિવાદ હજુ પણ શમ્યો નથી, જેના પડઘા ગુજરાતમાં પણ પડ્યા હતા. થોડા દિવસ પહેલાં જ સમાચાર આવ્યા હતા કે, ફિલ્મ નિર્માણ કંપનીએ સ્વેચ્છાએ આ ફિલ્મની રિલીઝ તારીખ પાછળ ખેંચી લીધી છે. હવે બુધવારે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પત્રકાર પરિષદ કરી જાહેરાત કરી હતી કે, ફિલ્મ 'પદ્માવતી' રાજ્યમાં રિલીઝ નહીં થાય. તેમણે કહ્યું હતું કે, આ ફિલ્મથી લોકોની લાગણી દુભાઈ છે. ફિલ્મ અંગેનો વિવાદ પૂરો થયા બાદ આ અંગે વિચારણા કરવામાં આવશે. કાયદો અને વ્યવસ્થાની જવાબદારી સરકારની છે. વિવાદોથી વાતાવરણ બગડે નહીં, ખાસ કરીને ચૂંટણી નજીક છે એને માટે પણ કાયદો વ્યવસ્થા જળવાય જરૂરી છે. આથી આ નિર્ણય લેવાયો છે.

# કાંકરેજ બેઠક માટે મામલતદાર કચેરી શિહોરી ખાતે ઉમેદવારી નોંધાવી શકાશે

પાલનપુર

વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અન્વયે ૧૫-કાંકરેજ વિધાનસભા મતદાર વિભાગ માટે ઉમેદવારી પત્રો તા.૨૦/૧૧/૧૭ થી તા.૨૭/૧૧/૧૭ સુધી (જાહેર રજાના દિવસો સિવાય) સવારના ૧૧.૦૦ થી બપોરના ૩.૦૦ વાગ્યા સુધીમાં ઉમેદવાર કે તેમના નામની દરખાસ્ત મુકનાર પૈકી કોઇ એક વ્યક્તિ ચૂંટણી અધિકારી વ જિલ્લા પુરવઠા અધિકારીશ્રી બનાસકાંઠા પાલનપુરને મામલતદાર કચેરી, કાંકરેજ મુ.શિહોરી ખાતે અથવા મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદારશ્રી, કાંકરેજ મુ.શિહોરી ખાતે રજુ કરી શકશે.

ઉમેદવારીપત્રોની ચકાસણી મામલતદાર કચેરી, કાંકરેજ ખાતે તા.૨૮/૧૧/૧૭ના રોજ ૧૧.૦૦ વાગે હાથ ધરવામાં આવશે. ઉમેદવારી પાછી ખેંચવાની સમયમર્યાદા તા.૩૦/૧૧/૧૭ બપોરના ૩.૦૦ વાગ્યા સુધીની છે. તેમ ૧૫-કાંકરેજ વિધાનસભા મતદાર વિભાગ અને જિલ્લા પુરવઠા અધિકારીશ્રી બનાસકાંઠા, પાલનપુરની અખબારી યાદીમાં જણાવ્યું છે.

# લવાણા કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયમાં રાણી લક્ષ્મીબાઈની જન્મજયંતિની ઉજવણી

પ્રતિ. લવાણા

ગત તા.૧૯/૧૧/૨૦૧૭ રવિવારના રોજ લવાણાની કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયમાં રાણી લક્ષ્મીબાઈની જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાલયની બાલિકાઓ રાણી લક્ષ્મીબાઈની વેશભૂષા ધારણ કરીને તૈયાર થઈ હતી. રાણી લક્ષ્મીબાઈની વિરતા અને શુરવીરતા વિષય પર બાળાઓને માહિતી આપવામાં આવી હતી.'ખૂબ લડી મર્દાની, વો તો ઝાંસી વાલી રાની થી' ગીત રજૂ કરવામાં આવ્યું હતું.અંગ્રેજો સામે ઝનૂનથી લડનાર વિરાંગના લક્ષ્મીબાઈના જીવનપ્રસંગો, યુદ્ધ, વિરતા વગેરે પ્રસંગો નાટક સ્વરૂપે રજુ કરવામાં આવ્યા હતા. વોર્ડન કમ હેડ ટીચર વિમળાબેને વિદ્યાલયની બાળાઓને દેશપ્રેમ, એકતા અને અખંડીતતા વિષય પર પ્રવચન આપ્યું હતું.

વ્યાયામ શિક્ષક સુખીબેહન પટેલે બાળાઓને ઘોડેસવારી તેમજ લાઠીદાવ અને યોગની તાલીમ આપી હતી. સર્વ શિક્ષા અભિયાન કચેરી પાલનપુરના હિનાબેન પટેલ તરફથી માર્ગદર્શન અને પ્રેરણા આપવામાં આવી હતી.

# પાલનપુર વિધાનસભા બેઠકમાં ચૂંટણીલક્ષી કામગીરી માટે સુદ્રઢ વ્યવસ્થા ગોઠવાઈ

પાલનપુર

ચૂંટણી અધિકારી ૧૨-પાલનપુર વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારી, પાલનપુર એ.ડી.જોષી દ્વારા અખબારી યાદીમાં જણાવ્યાન પ્રમાણે, વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ ના અનુસંધાને જાહેર જનતાને, ઉમેદવારઓને અને રાજકીય પક્ષોને સરળતાથી વિવિધ પ્રકારની પરવાનગીઓ જેવી કે સભા-સરઘસ, રેલી, લાઉડ સી?પરવકર વગાડવું વગેરેની પરવાનગી એક જ સ્થળ ઉપરથી મળી રહે તે માટે મામલતદાર કચેરી પાલનપુર ખાતે તથા પ્રાંત કચેરી પાલનપુર ખાતે સિંગલ વિન્ડોલ સિસ્ટખમ કાર્યરત કરવામાં આવી છે. તેમજ તમામ અભિપ્રાયો ચૂંટણી દરમ્યારન એક જ જગ્યાએથી મળી રહે તેવી સરળ વ્યવવસ્થાા ગોઠવવામાં આવી છે.

આ ઉપરાંત ઉમેદવારોના ખર્ચ ઉપર નિયંત્રણ અને દેખરેખ માટે ત્રણ ફ્લાઈંગ સ્કવોર્ડ ટીમ અને છ સ્ટેટીક સર્વેલન્સ ટીમની રચના કરવામાં આવી છે. આ ટીમો દ્વારા તપાસ દરમ્યાનન કોઈ ઉમેદવાર કે તેના એજન્ટ કે પક્ષનો કોઈ કાર્યકર તેના વાહનમાં રૂપિયા ૫૦,૦૦૦ (પચાસ હજાર) કરતાં વધુ રોકડ રકમની હેરફેર કરતા માલુમ પડશે અથવા ઉક્ત વાહનમાં રૂ.૧૦,૦૦૦ (દસ હજાર) કરતાં વધુ રકમની ચૂંટણી સંબંધી સામગ્રી જેવી કે ચોપાનીયા, ભીતચિત્રો અથવા કોઈપણ પ્રકારની નશીલી દવાઓ, દારૂ, હથિયારો કે ભેટ સોગાદો લઈ જવાતી હશે અને તેનો ઉપયોગ મતદારને લલચાવવા માટે થવાની સંભાવના હોય તો તેને તાત્કાલીક અસરથી જપ્ત કરી લેવાની કાર્યવાહી કરશે. આ સમગ્ર ઘટનાનું વિડીયો ટીમ દ્વારા વિડીયો શુટીગ કરવામાં આવશે.

# રોજગારની નવી તકો ઉભી કરશે મોદી સરકાર

(જી.એન.એસ) ન્યુ દિલ્હી

રોજગાર મામલે સતત વિપક્ષો દ્વારા ઘેરાઈ રહેલી સરકાર હવે વડાપ્રધાન રોજગાર યોજનાનો સહારો લેવા જઈ રહી છે. સરકાર આ યોજનાનું બજેટ વધારવાની તૈયારી કરી રહી છે. સામાન્ય બજેટ ૨૦૧૭-૧૮માં આ યોજના પર ૧૦૨૪ કરોડ રૂપિયા ખર્ચની જોગવાઈ છે, પરંતુ સરકાર હવે આને વધારીને ૧૨૨૪ કરોડ રૂપિયા કરવા જઈ રહી છે. થોડા સમય પહેલા થયેલી મિનિસ્ટ્રી ઓફ માઈક્રો, સ્મોલ એન્ડ મીડિયમ એંટરપ્રાઈઝીઝ અને ડિપાર્ટમેંટ ઓફ એક્સપેંડિચર વચ્ચે થયેલી બેઠકમાં આ વિશે સહમતી સધાઈ હતી.

મિનિસ્ટ્રી ઓફ એમએસએમઈના એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર ફાઈનાંસ મિનિસ્ટ્રીએ વડાપ્રધાન રોજગાર યોજનાના બજેટમાં ૨૦૦ કરોડ રૂપીયા વધારવા માટે મંજૂરી દર્શાવી છે.

તો આના સિવાય ખાદી રીફોર્મ ડેવલપમેંટ પ્રોગ્રામ અને ટેક્નોલોજી સેંટર સિસ્ટમ પ્રોગ્રામના બજેટમાં ૫૬૩ કરોડ રૂપીયાનો વધારો કરવા માટે સહમતિ આપવામાં આવી છે.

# કોંગ્રેસે અમદાવાદની છ બેઠકો માટે ઉમેદવારોને ફોન પર જાણ કરી

(જી.એન.એસ) અમદાવાદ

અમદાવાદ શહેરની બેઠકોની ચૂંટણી ૧૪મી ડિસેમ્બરે, બીજા તબક્કાની યોજનારી છે. જેના માટેનાં ઉમેદવારો નક્કી કરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. પરંતુ કોંગ્રેસે આજે અમદાવાદની બાપુનગર, દરિયાપુર, ખાડીયા-જમાલપુર, દાણીલીમડા, સાબરમતી અન્ વેજલપુરની બેઠકોનાં ઉમેદવારો નક્કી કરી નાખ્યા છે. જેની જાણ ટેલીફોનતી કરી દેવાઈ છે. બાપુનગર, દરીયાપુર, ખાડીયા-જમાલપુર, દાણીલીમડા, સાબરમતી અને વેજલપુરની બેઠકો નક્કી ટિકિટ ફાળવણીના મુદ્દે કોંગ્રેસમાં ભારે આક્રોશ ઊભો થયો છે. અમદાવાદની ૧૬ પૈકીમાંથી હાલમાં માત્ર બે બેઠકો જ કોંગ્રેસ પાસે છે. આ વખતે કોંગ્રેસ જો સારા અને લાયક ઉમેદવારોને ટિકિટ આપશે તો વધુ બેઠકો જીતી શકે એવી શક્યતાઓ છે.

પરંતુ કોંગ્રેસે જેના માટે ખૂબ જ વિરોધ થઈ રહ્યો છે તેવા ઉમેદવારોને ટિકિટ આપવાનું નક્કી કરતાં કોંગ્રેસની હાલત કફોડી બનશે. ફોન પર જેને જાણ કરાઈ છે તેમાં બાપુનગરની હિંમતસિંહ પટેલ, દરીયાપુરથી ગ્યાસુદ્દીન શેખ, ખાડીયા-જમાલપુરની સાબીર કાબલીવાલા, દાણીલીમડાથી શૈલેષ પરમાર, સાબરમતીથી ડૉ. જીતુ પટેલ અને વેજલપુરી કોઈ પટેલ બિલ્ડર જૂથનાં પરિવારના સભ્યને ટિકિટ આપવાની વાત છે.

# ડીસા શહેરી વિસ્તારમાં મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત રેલી યોજાઈ



ડીસા

તા. ૨૧/૧૧/૨૦૧૭ ના રોજ ડીસા ખાતે લોકોને મતદાન અંગે જનજાગૃતિ લાવવા માટે સરદાર બાગ ખાતેથી પગપાળા રેલીનું તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી જાગૃતિબેન દેસાઈ, જે.ડી.ચૌધરી માહિતી અને પ્રસારણ કાર્યાલય પાલનપુર અને સી.એમ. દરજી નાયબ તાલુકા વિકાસ અધિકારી ડીસાએ લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. જેમાં શહેરી વિસ્તારના શિક્ષક-ભાઈઓ બહેનો - ઝઈઝર્ઝ ડીસા- આઈ.સી.ડી.એસ. વિભાગના કર્મચારીઓ બહોળી સંખ્યામાં જોડાઈ ઉત્સાહપૂર્વક સુત્રોચ્ચાર કરતા કરતા લોકોને મતદાન અંગે જાગૃત કરવા વિશેષ પ્રયત્નો કર્યા હતા. સ્લોગન પટ્ટીઓ-બેનર્સ દ્વારા રેલીએ શહેરી વિસ્તારમાં આકર્ષણ જમાવ્યું હતું. પગપાળા રેલીના અંતે સરદાર બાગ ખાતે પ્રવીણભાઈ સાધુએ તમામ કર્મચારીઓ, નાગરિકોને મતદાન કરવા અંગેના સંકલ્પ જે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા પ્રસારિત કરેલા સંકલ્પ લેવડાવ્યા હતા.

**અમદાવાદના રિવર ફ્રન્ટ ખાતે ૫૦૦થી વધુ સાધુ-સાધ્વીજીઓની ઉપસ્થિતિમાં**

## શનિવારે ૨૬ મુમુક્ષો એક સાથે જૈન દિક્ષા અંગીકાર કરશે

અમદાવાદ

અમદાવાદ ખાતે તા.૨૫ને શનિવારે એકસાથે ૨૬મુમુક્ષાઓ સંયમ જીવન સ્વિકારવા જઈ રહ્યા છે. આ મુમુક્ષાઓમાં ૧૦ ભાઈ, ૧૬ બહેનોનો સમાવેશ થાય છે. આ દિક્ષાર્થીઓ જૈનાચાર્ય રામચંદ્રસૂરીશ્વરજી તથા શાંતિચંદ્રસૂરિશ્વરજીના સમુદાયમાં સંયમ જીવન સ્વિકારશે.આ દિક્ષાના પર્વ નિમિત્તે આજથી એનઆઈડીની પાછળ આવેલા રિવરફ્રન્ટ ખાતે 'વિશ્વાનંદ ઉત્સવ' ઉજવવામાં આવશે. આ ઉત્સવ માટે ૪ લાખ ફૂટ ચોરસ વિસ્તારમાં બંગાળી કારીગરો દ્વારા 'વિશ્વાનંદ નગરી'નું નિર્માણ કરવામાં આવ્યું છે. જેમાં 'આનંદ' અંગેનો નવો દ્રષ્ટિકોણ દર્શાવાશે.

આ દિક્ષાની સાથે ૪ મહાત્માઓને અનુયોગાચાર્યની પદવી આપવામાં આવશે. આ ઉત્સવના ચાર દિવસના મુખ્ય કાર્યક્રમમાં પદ્મશ્રી કુમારપાળ દેસાઈના હસ્તે પુસ્તક સમર્પણ, મુમુક્ષના મુખે દીક્ષાની દાસ્તાન, ભવ્ય વર્ષીદાન યાત્રા પણ યોજાશે.

જૈનાચાર્ય સોમસુંદરસૂરિજી-જિનચંદ્રસૂરીજી - દર્શનરત્નસૂરીજી - યોગતિલકસૂરીજી આદિ ૫૦૦ થી વધુ સાધુ-સાધ્વીજી ભગવંતો આ પ્રસંગે ઉપસ્થિત રહેશે. દેશભરમાંથી ૬૦ હજારથી વધુ જૈનો આ પ્રસંગે ઉપસ્થિત રહેશે.

# ડીસાના નેહરુનગર ટેકરા વિસ્તારમાં મારામારી : બે વિરૂધ્ધ ફરિયાદ નોંધાઇ

**ગાળો બોલવાની ના કહેતા ઉશ્કેરાયેલા બે શખ્સોએ મહિલાને હોકી મારી ફેક્ચર કર્યું**

ડીસા

તમે મા બેન સાંભળે તેવી ગાળો કેમ બોલો છો ?, તમે ગાળો ના બોલો તેમ કહેવા જતા ઉશ્કેરાઈ ગયેલા બે શખ્સોએ ભાઈની ખબર પૂછવા આવેલી બહેનને માર મારી જાતિ અપમાનિત શબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી .આ મામલે શહેરના ઉત્તર પોલીસ મથકે બે શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.મળતી માહિતી અનુસાર ધાનેરા તાલુકાના ધાખા ગામની પરણિતા ધનીબેન પ્રકાશભાઈ માજીરાણા તેમના ડીસાના નેહરુનગર ટેકરા વિસ્તારમાં રહેતા ભાઈ નારણભાઇ માજીરાણા બીમાર હોવાથી શનિવારે તેમની ખબર પૂછવા આવ્યા હતા. આ દરમ્યાન બપોરે તેઓ તેમના પરિવાર સાથે વાતો કરી રહ્યા હતા ત્યારે તેમના ઘરના રોડ પર બે શખ્સો બીભત્સ ગાળો બોલતા હતા .

આ દરમ્યાન ધનીબેને તેઓને ગાળો બોલવાની ના કહેતા બન્ને શખ્સ ઉશ્કેરાઈ જઇ ગાળો બોલી જાતિ અપમાનિત અપશબ્દો ઉચ્ચારી હોકી વડે માર મારી હાથે ફેક્ચર કરી દીધું હતું બનાવમાં વચ્ચે પડેલા કમલેશભાઈને પણ માર મારતા તેઓ ઘવાયા હતા.બાદમાં આ શખ્સોએ તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી જતા રહયા હતા. આ મામલે ધનીબેન માજીરાણાએ જિગરભાઈ ગંગુભાઈ લુહાર તથા અલ્પેશભાઈ ગંગુભાઈ લુહાર (બન્ને રહે નેહરુનગર ટેકરા વિસ્તાર) વિરુદ્ધ ડીસા ઉત્તર પોલીસ મથકે ફરિયાદ નોંધાઇ હતી.

## ભાભર પોલીસે અલગ- અલગ ત્રણ જગ્યાએ દેશી દારૂ પકડયો

તા.પ્રતિનિધિ ભાભર

જિલ્લા પોલીસ અધિક્ષકની સૂચના અને માર્ગદર્શનથી આગામી વિધાનસભાની ચૂંટણી યોજાનાર હોવાથી ભાભર તાલુકામાંથી ગેરકાયદેસર પ્રવૃત્તિ સદંતર નેસ્ત નાબુદ કરવા સુચના કરતા ભાભર પી.એસ.આઈ. બી.ડી. શાહ અને સ્ટાફ મંગળવારની સવારે ભાભરના જુદા- જુદા વિસ્તારોમાં રેડ કરતા રમેશભા નથુભા રાઠોડના ઘરેથી દેશી દારૂ બનાવવાનો વોશ લીટર ૪૫૦ કિ.રૂા. ૧૮૦૦/- તથા શૈલેષ ભીખુભા રાઠોડના ઘરેથી દેશી દારૂ બનાવવાનો વોશ લિટર- ૮૦ કિ.રૂા. ૩૨૦ તથા ટીનુભા વદનસિંહ રાઠોડના ઘરેથી વોશ લીટર-૪૦ કિ.રૂા.૧૬૦ નો મુદ્દામાલ પકડી પાડી ત્રણેય ઈસમો સામે કાયદેસરની કાર્યવાહી કરી છે.

## જન વિકલ્પના ૬૯ ઉમેદવાર જાહેર કર્યા

અમદાવાદ

શંકરસિંહ વાઘેલાનો જન વિકલ્પ મારવકલ્પ પાર્ટી અને ઓલ ઈન્ડિયા હિન્દુસ્તાન કોંગ્રેસ પાર્ટી ઘટક પાર્ટીઓ છે. જન વિકલ્પ મોરચો આ વખતે ઓલ ઈન્ડિયા હિન્દુસ્તાન કોંગ્રેસ પાર્ટીના ટ્રેકટર ચલાવતો ખેડૂતના નિશાન પર ચૂંટણી લડવાનો છે ત્યારે આજે શંકરસિંહ વાઘેલાએ પક્ષના પ્રવકતા પાર્થેશ પટેલ, ઉપપ્રમુખ યજ્ઞેશ દવે સહિતના મહાનુભાવોની હાજરીમાં તેમના પક્ષના ૬૯ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી હતી. જયારે પાંચ ઉમેદવારો કોઇ કારણસર મોડા પડતાં તેઓને અન્ય નિશાન પરથી ચૂંટણી લડવાની છૂટ અપાઇ હતી.

## રાહુલ ગાંધી આગામી ૨૪ અને ૨૫મીએ ગજવશે સૌરાષ્ટ્ર, મધ્ય અને ઉત્તર ગુજરાત

ગાંધીનગર

કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી ૨૪મી ઉપરાંત ૨૫મી નવેમ્બરે પણ ગુજરાત મુલાકાતે રહેશે. ૨૫મી નવેમ્બરે રાહુલ ગાંધી નવસર્જન યાત્રાના ભાગરૂપે અરવલ્લી અને સાબરકાંઠાની કેટલીક વિધાનસભા બેઠકોની મુલાકાત લેશે. અગાઉ ચાર તબક્કામાં યાત્રા કરી ત્યારે અરવલ્લી-સાબરકાંઠાના કેટલાક વિસ્તારોમાં મુલાકાત બાકી રહી હતી. જયારે ૨૪મીએ અમદાવાદ, પોરબંદર, સાણંદની મુલાકાત લેશે. કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી ૨૪મીની સાથે ૨૫મીનો એક દિવસનો પ્રવાસ લંબાવશે. પોરબંદરમાં પ્રદેશ નેતા અર્જુન મોઢવાડિયાને ટિકિટ અપાઈ છે, છેલ્લે મોઢવાડિયા ચૂંટણી હારી ગયા હતા, જોકે રાહુલની મુલાકાતથી માહોલ સારો બને તે માટે આ પ્રદેશ નેતાએ રજૂઆત કરી હતી, જેના ભાગરૂપે રાહુલ ગાંધી ૨૪મીએ પોરબંદરની મુલાકાત લેશે, રાહુલ ૨૪મીએ સવારે પોરબંદર ખાતે માછીમાર સમુદાય સાથે વાર્તાલાપ કરશે, તેમની સમસ્યાઓ સાંભળશે.

# ગુજરાતમાં પ્રથમ ચરણમાં ૫૩ પટેલ ઉમેદવારો રહ્યા

અમદાવાદ

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં આ વખતે પાટીદાર સમુદાય ઉપર તમામનું ધ્યાન કેન્દ્રિત થઈ ગયું છે. પાટીદાર સમુદાયને પ્રભાવિત કરવાના ભાજપ અને કોંગ્રેસ તરફથી તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આંકડા પણ આની તરફ ઈશારો કરે છે. વર્ષ ૨૦૧૭માં યોજાઈ રહેલી ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કા માટે હજુ સુધી ૫૩ પટેલો મેદાનમાં છે. જયારે વર્ષ ૨૦૧૨માં ૪૮ પટેલ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં હતા. આનો મતલબ એ થયો કે પ્રથમ તબક્કામાં ૫૩ પટેલ ઉમેદવારો બાદ હજુ બીજા તબક્કામાં બીજા પટેલ ઉમેદવારો પણ જાહેર કરાશે. ૨૦૧૨ની સરખામણીમાં આંકડો પહેલાથી જ વધી ગયો છે. વર્ષ ૨૦૧૭માં આ સંખ્યા ૫૩ ઉપર પહોંચી ગઈ છે. વર્ષ ૨૦૧૨માં ૧૮ મત વિસ્તારો એવા હતા જયાં ભાજપ અને કોંગ્રેસ દ્વારા પાટીદાર ઉમેદવારોને મેદાનમાં ઉતારવામાં આવ્યા હતા જયારે આ વખતે આ સંખ્યા ૨૦ ઉપર પહોંચી છે. કોંગ્રેસના પ્રવક્તાનું કહેવું છે કે, પાટીદાર સમુદાયને તેમની અપેક્ષાઓને ધ્યાનમાં લઈને પુરતુ પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું છે. બીજી બાજુ ભાજપના પ્રવક્તા ભરત પંડ્યાએ માહિતી આપતા કહ્યું છે કે, પાટીદારો અન્ય સમુદાયની જેમ જ છે.

અમારા નાયબ મુખ્યમંત્રી, ૧૦ પ્રધાનો, બે કેન્દ્રીય પ્રધાનો અને રાજ્ય પાર્ટી પ્રમુખ પાટીદાર સમુદાયના છે. ભાજપ વિજેતા ઉમેદવારો ઉપર પ્રાથમિકતા આપે છે. પાટીદાર સમુદાયના લોકો કોંગ્રેસ પાર્ટીના ગેમ પ્લાનને સમજી ચુકી છે જેથી જો વધુ પ્રમાણમાં કોંગ્રેસ પાટીદાર સમુદાયને ટિકિટ આપશે તો પણ આ સમુદાય પ્રભાવિત થશે નહીં. બીજી બાજુ ભાજપને તેની કોઇ અસર થશે નહીં. ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી માટેનો કાર્યક્રમ ૨૫મી ઓકટોબરના દિવસે જાહેર કરવામાં આવ્યો હતો. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલા અટકળોનો અંત આવ્યો હતો. ગુજરાતમાં બે તબક્કામાં ૯મી અને ૧૪મી ડિસેમ્બરના દિવસે ચૂંટણી યોજાશે.

પ્રથમ તબક્કામાં ૯મી ડિસેમ્બરના દિવસે ૮૯ વિધાનસભા બેઠકો માટે મતદાન થશે જયારે બીજા તબક્કામાં ૧૪મી ડિસેમ્બરના દિવસે ૯૩ વિધાનસભા બેઠકો માટે મતદાન થશે. ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં બંને જગ્યાઓએ મતગણતરી એક જ દિવસે એટલે કે ૧૮મી ડિસેમ્બરે થશે. ગુજરાત ચૂંટણીમાં આ વખતે ૫૦૧૨૮ પોલિંગબુથ અથવા તો મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા છે.

ગોવા બાદ હિમાચલ અને ગુજરાત એવા રાજ્ય બની ગયા છે જ્યાં ચૂંટણીમાં ૧૦૦ ટકા વીવીપેટ મશીનનો ઉપયોગ કરવામાં આવશે. પ્રદેશમાં ૧૦૦ ટકા સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણી યોજવામાં આવશે. વીવીપેટ ઉપરાંત હાઈપ્રોફાઈલ ગુજરાત ચૂંટણી માટે અન્ય કેટલાક પગલા પણ લેવામાં આવી રહ્યા છે.

## થરાદ ઢીમા રોડ પર અકસ્માતમાં એકને ઇજા એક ગંભીર



થરાદ

થરાદ પંથકમાં અકસ્માતોમાં વધતી જતી અકસ્માતની ઘટનાઓ વધી રહી છે ત્યારે થરાદ ઢીમા રોડ પર બાઈકની આગળ ગાય આવતા અકસ્માત સર્જાયો હતો. જેમાં રાજસ્થાનના બાખાસરના વરજંગભાઈ ભીલ ઉંમર ૨૮ વર્ષને ગંભીર ઈજાઓ થતાં ૧૦૮ મારફતે થરાદની સરકારી હોસ્પિટલ ખસેડાયો હતો.

## થરાદમાં ધારાસભ્યના વિરોધમાં ભીંતસૂત્રો લખાતાં ચકચાર

**શહેરના કેટલાંક ગામડાંઓની દિવાલો પર સુત્રો લખાયાં**

(પ્રતિ.) થરાદ

થરાદમાં રાજયના મંત્રી, પુર્વ ધારાસભ્ય બાદ વર્તમાન ધારાસભ્યના વિરોધમાં ભીતસુત્ર લખવામાં આવતાં ચકચાર મચવા પામી હતી.જોકે આવાં સુત્રો વિરોધપક્ષ દ્વારા લખવામાં આવતું હોવાનું પણ ચર્ચાસ્પદ બની રહ્યું છે.

થરાદ શહેરમાં થોડા સમય પહેલાં વાવના ધારાસભ્ય અને રાજયના મંત્રી શંકરભાઇ ચૌધરી સામે ભીતસુત્રો લખવામાં આવ્યાં હતાં.જોકે ત્યાર બાદ કૉંગ્રેસના પુર્વ ધારાસભ્ય માવજીભાઇ પટેલ સામે પણ આવાં સુત્રો લખાયાં હતાં.ત્યાર બાદ બુધવારે થરાદના ધારાસભ્ય પરબતભાઇ પટેલના વિરોધમાં શાળા સહિતની જાહેર જગ્યાઓની દિવાલો પર પરબતભાઇ પટેલને હરાવવાનાં સુત્રો લખવામાં આવ્યાં હતાં. આ બાબતની જાણ થતાં તેના પર કુચડા ફેરવવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી.બુધવારે પરબતભાઇ પટેલ જે સંભવિત ગામોની મુલાકાત લેવા જવાના હતા તેવાં તેમના મત વિસ્તારના ગામો કરણાસર, પડાદર, મલુપુરમાં જાહેરમાર્ગો અને સ્કૂલોની દીવાલો પર સુત્રો લખાયાં હતાં. વિરોધ પક્ષ દ્વારા આવાં કૃત્યો કરવામાં આવતાં હોવાનું પણ ચર્ચાસ્પદ બન્યું હતું.

**ટિકિટ ફાળવણીને લઇને અસંતોષ યથાવત જારી**

## ચોટીલાના ધારાસભ્ય ચૌહાણનું ભાજપમાંથી આખરે રાજીનામુ

અમદાવાદ

ભાજપ દ્વારા જાહેર કરવામા આવેલી ઉમેદવારોની ત્રીજી યાદી બાદ પક્ષમાંથી વિરોધના સૂર વધુને વધુ પ્રબળ બનતા જાય છે.ભાજપના ચોટીલા બેઠકના સીટીંગ ધારાસભ્ય શામજી ચૌહાણ દ્વારા આજે પક્ષ તરફથી ઉમેદવારી કરવાની તક આપવામા ન આવતા નારાજ થઈ રાજીનામુ આપી દેવામા આવ્યું છે.આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર,ભાજપ દ્વારા પ્રથમ તબકકામાં યોજાનારી સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતની ૮૯ બેઠકો માટે ઉમેદવારોની જાહેરાત કરી દીધી છે.જેમાં ભાજપ દ્વારા સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર જિલ્લાની ચોટીલા બેઠકના વર્તમાન ધારાસભ્ય અને સંસદીય સચિવ શામજીભાઈ ચૌહાણની ટિકીટ

**અનુસંધાન પાના નં.૬**

# સુરત ઉમરા સંઘના ઈતિહાસમાં પહેલી વાર ચૌદ દિક્ષાનું આયોજન

વસંત બારોટ



સુરત

શ્રી પીપલોદ ઉમરા જૈન શ્વે.મૂ.સંઘના ઉપક્રમે દાંતા નિવાસી ગજીબેન અંબાલાલ તલકચંદ મહેતા પરિવાર આયોજીત સામુહીક ૧૪ દીક્ષા પ્રવજ્યા પર્વના મહોત્સવના બીજા દિવસે ૩૭૦ દીક્ષા દાનેશ્વરી આચાર્ય શ્રી ગુણરત્ન સુરીશ્વરજી મ.સા.આદિ આઠ આચાર્ય ભગવંતો તથા ૩૦૦ થી વધુ જૈન સાધુ-સાધ્વી ભગવંતોની નિશ્રામાં ૧૪ મુમુક્ષુઓની વર્ષીદાન યાત્રા જાજરમાન અને યાદગાર રહી.

વરઘોડામાં સહુથી આગળ શરણાઈ, ઈંદ્રધ્વજા, નિશાન ડંકો, વિવિધ મંડળીઓના કરતબ, ૧૪ બગીઓમાં પાલીતાણાના શ્રમણ સંમેલનના ઠરાવ મુજબ ત્રણ જગ્યાએ ઉભા રહી વર્ષીદાન આપ્યું. વર્ષીદાનમાં સાડી, પેન્ટપીસ, શર્ટપીસ અને રૂપિયાનો સમાવેશ કરાયો. આયોજક પરિવારના મુમુક્ષુ સંસ્કૃતિ નિરવભાઈ બે માળના ફ્લેટમાં બેસી વર્ષીદાન કર્યું.

આચાર્ય શ્રી રશ્મિરત્નસૂરીજીએ પ્રવજયા પર્વના છેલ્લા દિવસના કાર્યક્રમની વિગત આપતાં

**ડુમસ રોડ પર ૧૪ મુમુક્ષુઓની ભવ્ય વર્ષીદાન યાત્રા**

જણાવ્યું કે સવારે ૫.૧૫ કલાકે સુરીપ્રેમ ભુવન ભાનુ જીતેન્દ્ર પ્રવજ્યા નગરીમાં ચૌદ મુમુક્ષ-ઓ અને તમામ ગુરૂ ભગવંતો સકળ સંઘની સાથે વાજતે ગાજતે પ્રવેશ કરશે. પરમાત્માની શણગારેલી નાણના ચતુર્મુખી પરમાત્માને અપૂર્વ ભાવોલ્લાસ સાથે પ્રદક્ષિણા આપી પૂજ્ય ગુરૂ ભગવંતશ્રીના વરદ્ હસ્તે ભવભ્રમણને હરનારૂં રજોહરણ ગ્રહણ કરશે. ત્યારબાદ મંગલ મુહુર્તે અંતિમ વેષ પરિવર્તન, કેશલોચ અને નામ પરિવર્તન નામકરણની વિધિ એક પછી એક તમામ મુમુક્ષુઓ કરશે.

## થરાદ ભાજપના ઉમેદવાર પરબતભાઈ પટેલ આવતીકાલે ઉમેદવારી પત્ર ભરશે

પ્રતિનિધિ થરાદ

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા હોઈ ભાજપ અને કોંગ્રેસ દ્વારા ઉમેદવારો ની પસંદગીનો દોર ચાલી રહ્યો છે. જેમાં ભાજપ દ્વારા ૮-થરાદ વિધાનસભા બેઠક ઉપર પીઢ સહકારી આગેવાન અને રાજકીય અગ્રણી પરબતભાઈ પટેલ ઉપર પુનઃ વિશ્વાસ મુકી તેમને ટીકીટની ફાળવણી કરી છે. તેઓ આવતીકાલે તા. ૨૪/૧૧/૨૦૧૭ ના રોજ શુક્રવારે ભાજપના સર્વે કાર્યકર્તાઓ, શુભેચ્છકો,



વિવિધ સમાજના અગ્રણીઓ તથા યુવામિત્રોની બહોળી ઉપસ્થિતિ માં ૧૨.૩૯ કલાકના વિજય મુહુર્તે ઉમેદવારી ફોર્મ રજૂ કરશે. જે અનુસંધાને થરાદ ગાયત્રી વિદ્યાલય (પટેલ બોર્ડીંગ) ખાતે ઉપસ્થિત રહેવા સર્વ શુભેચ્છકોને જણાવાયુ છે.

# શિવનગરમાં આંગણવાડી પાસે વિજપોલ નમતાં દુર્ઘટનનાની દહેશત

થરાદ

થરાદ શહેરના વોર્ડ નંબર એકના શિવનગર વિસ્તારમાં હનુમાનજીના મંદીર પાસે આંગણવાડી કેન્દ્ર આવેલું છે.તેની દિવાલને અડીને વિજકંપની દ્વારા તાજેતરમાં રોડની કામગીરી કરવાની હોઇ વિજથાંભલા ખસેડવામાં આવ્યા હતા.જોકે તે પૈકીનો એક થાંભલો નમી પડતાં રાહદારીઓ ,આજુબાજુના



(વિષ્ણુ દવે)

રહીશો અને આંગણવાડીમાં ભણવા આવતાં ભુલકાંના પરિવારમાં પણ ચિંતાની લાગણી ફેલાવા પામી છે.નજદીકમાં દુકાન ધરાવતા વેપારી હિતેશકુમાર ત્રીવેદીએ જણાવ્યું હતુંકે તાંણીયા જેવા કોઈ પણ પ્રકારના આધાર વગર એક માત્ર વિજવાયરના સહારે ઉભેલો થાંભલો વિજવાયર લૂઝ થાય તેમ વધારે નમવાની અથવા તો વાયર તુટેતો તુટી પડવાની પણ પુરી દહેશત હોઇ જો આમ થશે તો ગંભીર દુર્ઘટના પણ સર્જાઇ શકે તેમ છે.વળી થાંભલાને લઈને આખો દિવસ ભય અને ફફડાટની લાગણી પણ પ્રવર્તી રહીછે.આથી વિજકંપની દ્વારા આ થાંભલાને સીધો કરી તેણે તાંણીયાના આધારથી ઝકડી રાખવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

### થરાદના ભુરીયા વળાદર રોડની કામગીરી શરૂ કરવા માંગ

તાજેતરમાં થરાદ તાલુકામાં વિકાસકામોના લોકાર્પણ પ્રસંગે આવેલા રાજયના નાયબ મુખ્યમંત્રી નિતીનભાઇ પટેલ દ્વારા થરાદ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોના આઠ મહત્વના માર્ગો પાકા કરવાની જાહેરાત કરવામાં આવી હતી.જેમાં થરાદના ભુરીયા વળાદર માર્ગનો પણ સમાવેશ કરાયો હતો.જોકે આઠ પૈકી અન્ય માર્ગોની કામગીર ચાલુ પણ કરી દેવામાં આવી છે.જયારે આ રોડ મંજુર થઇ ગયેલ હોવા છતાં પણ તેનો ભાવ પુછવામાં નહી આવ્યો હોવાનું ગ્રામજનોએ જણાવ્યું હતું.ચાંગડાના જાગૃત નાગરીક ઘેવરદાસ સાધુએ જણાવ્યું હતું કે તાજેતરમાં આવેલ ભારે વરસાદ અને પુરના કારણે આ કાચો માર્ગ અત્યંત ખરાબ થઇ ગયેલ છે.આથી ચાલવામાં અનેક પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.આથી રાજકીય નેતાઓ દ્વારા કામગીરી શરૂ કરવા વહીવટીતંત્રનું ધ્યાન દોરવામાં આવે એવી પ્રબળ માંગ પણ ઉઠવા પામીછે.

## આચાર સંહિતાનો અમલ કયારે ?




ગુજરાત રાજયમાં વિધાનસભાની ચુંટણી જાહેર થતાં રાજકીય માહોલ શિયાળાની ઠંડીમાં ગરમાયો છે.ત્યારે ચુંટણીપંચ દ્વારા ચુંટણીને લગતા વિવિધ નિયમો સાથે આચાર સંહિતાનો ચુસ્તપણે અમલ કરી દેવામાં આવ્યો છે જેને પગલે દરેક પક્ષ દ્વારા પોતાના પ્રચાર પ્રસારાર્થ શહેરમાં લગાવેલ પોસ્ટરો - બેનરોદુર હટાવી દિવાલો પર ચિતરવામાં આવેલ જાહેરાતો ઉપર પણ ચુનાના કુચડા ફરેવા દેવામાં આવ્યા છે ત્યારે ડીસા નજીક ચોકડી પર ભાજપના હોડીંગનું બેનર લાગેલ છે ત્યારે લોકોમાં તર્ક - વિર્તક જાગ્યા છે.

ફોટો નરસિંહ દેસાઈ

# તંત્રી સ્થાનેથી ...

**દરેક અંધકાર એ પ્રકાશ આવવાનો સૂચક છે.**

## મોદી કેન્દ્રિત ભાજપ

ઉત્તર પ્રદેશમાં બઢત બીજેપીની નથી.. આ નરેન્દ્ર મોદીની બઢત છે. એ જ રીતે જો ગુજરાતમાં પાટીદાર, કોંગ્રેસ અને દલિતોના રાજનીતિકરણ વચ્ચે પણ જો બીજેપી જીતી જાય છે તો તે બીજેપી નહી પણ મોદીની જ જીત કહેવાશે. ઉલ્લેખનીય છે કે નરેન્દ્ર મોદીએ પબ્લિક મૂડને કેપ્ચર કરી લીધો છે. ભલે તે નોટબંધીનો મુદ્દો હોય કે ભલે પાકિસ્તાન વિરુદ્ધ તેમની રણનીતિ હોય કે પછી ઉજ્જવલા સ્કીમ કેમ ન હોય. આ બધામાં તેમણે પોતાની એક છબિ બનાવી લીધી છે. આ છબિ એવા નેતાની છે જે કઠોર નિર્ણય લઈ શકે છે. લોકોનુ દિલ જીતી શકે છે. તેમની રાજનીતિક રીત-ભાતને જુઓ, તેઓ રોડ શો પણ કરવો જાણે છે. સોશિયલ મીડિયા પર દમદાર ઉપસ્થિતિ નોંધાવે છે. રાજનીતિક પ્રતિદ્વંદીયોને ધીરે ધીરે કમજોર કરવાની રમત પણ તેમને આવડે છે. આ માટે મોદીએ જોડ-તોડની પણ મદદ લીધી છે. ઉત્તરાખંડમાં કોંગ્રેસના નેતાઓને તોડયા. ઉત્તર પ્રદેશમાં બહુજન સમાજ પાર્ટીના સ્વામી પ્રસાદ મોર્યાને પોતાની સાથે લીધા.આ સાથે સાથે નરેન્દ્ર મોદી જાતિની રાજનીતિ પણ કરી રહ્યા છે. યૂપીમા યાદવ સમાજ બહારના ઓબીસીને વિશેષ રૂપે ફોકસ કર્યા. આ ઉપરાંત કબ્રસ્તાન અને સ્મશાનનસ્મશાનનો મુદ્દો પણ ઉઠાવ્યો છે. સાથે જ તેઓ વિકાસનો મુદ્દો પણ ઉઠાવવો જાણે છે. ગરીબોના વિકાસની વાત પણ કરે છે.મતલબ બધી રીતે જોઈએ તો એ સ્પષ્ટ થાય છે કે નરેન્દ્ર મોદી પોતાના પ્રતિદ્વંદીયો માટે કોઈ તરક કોઈસ્પેસ જ નથી છોડી રહ્યા અને સામાન્ય લોકોને એ વિશ્વાસ અપાવવામાં સફળ થઈ રહ્યા છે કે તેમના વિકાસ માટે તેઓ દરેક પ્રકારનું કામ કરવા માટે તૈયાર છે.ઉલ્લેખનીય છે નરેન્દ્ર મોદીની આ રાજનીતિએ સોશિયલ એંજિનિયરિંગની જૂની રાજનીતિને એક હદ સુધી બેઈમાની બનાવી દીધી છે. જૂની સોશિયલ એંજિનિયરિંગમાં માયાવતી અને મુલાયમ ધુરંધર માનવામાં આવતા હતા. મુલાયમે યાદવ અને મુસ્લિમને જોડી લીધા હતા તો તેઓ એક તાકત બની ગયા. જે ત્રિપલ તલાકે બીજેપીની યુપીમાં આટલી મોટી સફળતા અપાવી એ જ ત્રિપલ તલાકનો જાદુ આ વખતે બીજેપીને ગુજરાતમાં પણ મળી શકે છે. મતલબ એકવાર ફરી ગુજરાતમાં પણ મુસ્લિમાજ બીજેપીની જીતનુ મોટુ કારણ બની શકે છે. પણ નવી પેઢી આ પ્રકારની રાજનીતિથી હવે કંટાળી ગઈ છે. નવી પેઢીને જાતિવાદને લઈને મેદાનમાં ઉતરેલા હાર્દિક-અલ્પેશ કે જીજ્ઞેશનુ રાજનીતિકરણ ગમે એવુ લાગતુ નથી. એમાય હાર્દિકની સીડી બહાર આવ્યા પછી તો કોંગ્રેસનો છેડો પકડીને બેસેલા હાર્દિકની છબિ સાથે કોંગ્રેસ પર પણ તેની અસર પડી શકે છે.પણ એવુ પણ નથી કે સોશિયલ એંજિનિયરિંગનુ મહત્વ નથી. ઉત્તર ભારતની રાજનીતિમાં સોશિયલ એંજિનિયરિંગનુ મહત્વ રહ્યુ હતુ.. અને એ જ જાદુ ગુજરાતમાં બીજેપી ચલાવશે.. જાતિગત સમીકરણો સાથે સાથે વિકાસની નૈયાને પણ વધારવાની જરૂર છે. સાથે જ એક લીડરશિપવાળી ક્વોલિટી પણ બતાડવી પડશે. આ બધુ નરેન્દ્ર મોદી કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે સૌ પહેલા ભારતીય જનતા પાર્ટીના પ્રવક્તા પછી ગુજરાતના મુખ્યમંત્રી અને હવે પ્રધાનમંત્રીના રૂપમાં પોતાની યાત્રામાં નરેન્દ્ર મોદી ખુદને રિઈન્વેંટ કરતા રહ્યા છે.

## ડેલ દ્વારા ડેલ ચેમ્પ્સની સીઝન પના રાષ્ટ્રીય વિજેતા જાહેર

**પ્રથમ રનર-અપ તરીકે અમદાવાદની આનંદ નિકેતન સ્કૂલની અનુષ્કા જૈન જીતી**



અમદાવાદ

Dell in India દ્વારા આજે ડેલ ચેમ્પ્સની પમી સીઝનના રાષ્ટ્રીય વિજેતા જાહેર કરાયા હતા. ડેલ ચેમ્પ્સનું લક્ષ્ય શીખવાની પ્રક્રિયામાં પર્સનલ કોમ્પ્યુટરની ભૂમિકા પ્રદર્શિત કરવાનું છે. આ કાર્યક્રમ જૂન ૨૦૧૬માં રજૂ કરાયેલી ડેલની દેશવ્યાપી પીસી ફોર એજ્યુકેશન પહેલ ડેલ આરંભની રેખામાં ૨૫ ટિયર ૨ અને ટિયર ૪ શહેરોની ૬૨૫ સ્કૂલોમાં યોજાયો હતો.આ વર્ષે પ્રથમ રનર-અપ અમદાવાદની આનંદ નિકેતન સ્કૂલની અનુષ્કા જૈન અને તેના પિતા મનોજ જૈન હતા.

ડેલ ચેમ્પ્સ ૨૦૧૭માં ઈન્ટરએક્ટિવ ટેકનોલોજી આધારિત ક્વિઝનો સમાવેશ થાય છે, જે વાલીઓને તેમના બાળકો સાથે એકત્ર આવવા અને પીસીનો ઉપયોગ કરવા માટે જોડાણ કરવા માટે અજોડ મંચ તરીકે કામ કરે છે. આ કાર્યક્રમનું લક્ષ્ય ભણવાનાં વહેલાં વર્ષોમા રહેલા વિદ્યાર્થીઓ માટે પીસીની શક્તિ સાથે ઊંડાણથી જોડાણ સ્થાપિત કરવાનું છે. આ સાથે તે બાળકોના જીવનમાં પ્રભાવશાળી તરીકે કામ કરતા વાલીઓને બાળકોના ભણતરમાં ટેકનોલોજી કઈ કઈ રીતે યોગદાન આપી શકે તે સમજાવવાના સાથે તેમને સુસજ્જ કરવા પર કેન્દ્રિત છે.આ વર્ષે કાર્યક્રમ સ્પર્ધાના ક્રમ થકી પ્રયોગાત્મક ભણતર પૂરું પાડવા માટે તૈયાર કરાયો હતો. વિદ્યાર્થીઓ અને તેમના પાલકો સાથે ઊંડાણથી સહભાગી કરવા માટે કાર્યક્રમમાં ફાઈનલ રાઉન્ડ્સમાં ઓનલાઈન ક્વિઝનો ઉમેરો કરવામાં આવ્યો હતો.

### આત્મચિંતન

## હિંમત પેદા કરો

ભાગ્યોદય, વરદાન, અનુગ્રહ, ઉદારતા, અનુકંપાના નામે ઘણું બધું મેળવવાની ઈચ્છા થાય છે પણ આ બધું ભેગું થઈને પણ ઝાકળબિંદુઓના કણોથી અધિક કંઈ નથી બની શકતું. મોતી તો પરસેવામાંથી ટપકે છે. દોલત તો હાથ ભેગી કરે છે. પ્રગતિ માટે હિંમતથી ઓછામાં કામ ન ચાલે.. કોઈ ગમે તેટલો સરંજામ ભેગો કરી લે, પણ એને સુવ્યવસ્થિત અને આયોજનબધ્ધ કર્યા વિના કંઈ કામ નથી લાગતો, શક્તિનો મહિમાં તો ખૂબ છે.પણ માત્ર તે તેની પાસે જ રહે છે, જે તેના સુસંચાલનની વિદ્યાનો જાણકાક હોય. **ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## લેક્સસ ઈન્ડિયાએ પોતાના આગામી હાઈબ્રિડ ઈલેક્ટ્રિક વાહન એનએક્સ ૩૦૦ એચ રજૂ કર્યા



ફોટો : શાંતી શાહ

લેક્સસ એનએક્સ ૩૦૦ એચ ભારતીય માર્ગોની શાન વધારવા માટે તૈયાર છે, જે પોતાની સાથે અદ્વિતીય વ્યક્તિત્વ ધાંસૂ વિવરણ અને પ્રાણપોષક પ્રદર્શન લાવી રહ્યું છે. આ નવીનતમ હાઈબ્રિડ ઈલેક્ટ્રિક વાહનની રજૂઆતના આગમનથી ભારતમાં લેક્સસની ઉત્પાદન શ્રેણી મજબૂત બને છે જે માર્ચ ૨૦૧૭માં બજારમાં બ્રાન્ડના પ્રવેશ બાદ દેશમાં ઝડપથી વિકાસમાં વધારો કરશે. લેક્સસ ઈન્ડિયાની નવીનતમ રજૂઆત મહેમાનોની એક નવી શ્રેણીને ઉત્સાહિત કરવા માટે તૈયાર છે જે ફાર્મ અને પ્રદર્શનના સંકેતોને તોડનારા કોઈ એસયૂવીના વિસ્તૃત પરંતુ એજી સ્ટાઈલિંગમાં ડ્રાઈવ કરવાનો આનંદ ઉઠાવે છે. લેક્સસ એનએક્સ ૩૦૦ એચ ભારતમાં બે પ્રકારમાં ઉપલબ્ધ હશે. એક સ્પોર્ટ અને લક્ઝરી મોડલ જે યુવાન પ્રભાવશાળી સફળ વ્યક્તિની જરૂરિયાતોને પૂરી કરશે જે એજી આક્રમક અને બોલ્ડની પ્રશંસા કરે છે.આ પ્રીમિયમ શહેરી સ્પોર્ટ્સ ગિયર અસાધારણ ડિઝાઈન અને આરામ આપે છે અને ફેશનેબલ કાર છે જે શહેરી શૈલી અને ઉપયોગ માટે યોગ્ય છે. એનએક્સ ૩૦૦ એચના સ્ટ્રાઈકિંગ બોલ્ડ ડિઝાઈનને એક હાઈબ્રિડ ઈલેક્ટ્રિક વાહનના પ્રદર્શનથી જોડવામાં આવે છે જે એક કૂલ એસયૂવી બનાવે છે. પોતાની એક્સટેરિયર સ્ટાઈલિંગની શાર્પ બાહ્ય આકૃતિથી લઈને પૈનોરૈમિક રુફ સુધી એનએક્સ ૩૦૦ એચ સંકેતોથી વધારે આપે છે. લેક્સસ એનએક્સ ૩૦૦ એચના એલઈડી ટ્રિપલ પ્રોજેક્ટર બીમ હેડલાઈટ્સ અને નાટકીય ઢંગથી સ્ટાઈલ્ડ ફ્રન્ટ અને રિયર ફાસિયાસ માર્ગ પર એક સ્ટેટમેન્ટ કરે છે. ચૂંટેલા રત્નના પહેલુઓથી પ્રેરિત થઈને નવા એલઈડી ટેલ લેમ્પ એ અનેક વિવરણોમાંથી એક છે જે એનએક્સને અલગ કરે છે.

## દાઈવા એ પોતાના નવીનતમ સ્માર્ટ એંડ્રોયડ ટીવી


ફોટો : શાંતી શાહ

દાઈવા ભારતમાં વાજબી કિંમતોમાં નવીનતમ ટેકનિક રજૂ કરવા માટે પ્રતિબદ્ધ છે. કંપનીએ ૩૨ ઈંચના નવા સ્માર્ટ ટીવી ડી૩૨સી૪એસ રજૂ કર્યા છે. આમાં અનેક ફંક્શનલ ખૂબીઓ, અસરકારક પિક્ચર્સ અને સુપર સ્લિમ ડિઝાઈનની ખાસિયત ઉપસ્થિત છે. સર્વશ્રેષ્ઠ વાજબી કિંમતોમાં વધુ પાવર, વધુ પર્ફોર્મન્સ અને વધુ સૌંદર્યની સાથે તમારી જિંદગીમાં વધુ રંગોનો સમાવેશ કરો.ટીવી જોવાનો સ્પષ્ટ અને વિસ્તૃત અનુભવ : ૧૨૬૬*૭૬૮ ના પોતાના ડિસ્પ્લે રિઝોલ્યૂશનની સાથે એચડી રેડી ટીવી ટેલીવિઝન જોવાનો વાસ્તવિક અને અસરકારક અનુભવ આપે છે. આની સાથે જ યોગ્ય રંગ અને કૉન્ટ્રેસ્ટની સાથે એકદમ સ્પષ્ટ વ્યૂ આપે છે. શ્રેષ્ઠ ઈમેજ ક્વૉલિટીની સાથે દરેક ચીજનો આનંદ ઉઠાવો.

**કનેક્ટિવિટી માટે વિસ્તૃત વિકલ્પ :** આમાં અનેક કનેક્ટિવિટી ઑપ્શન્સ છે જે આ સુનિશ્ચિત કરે છે કે તમને સ્માર્ટ એન્ડ્રોયડ ટીવી અનુભવ મળે. ૨એચડીએમઆઈ, ૨યૂએસબી અને કો-એએક્સ આઉટપુટ પોર્ટની સાથે તમે ટીવી જોવાનો શાનદાર અનુભવ પ્રાપ્ત કરવા માટે તમારા મીડિયા ડિવાઈસેઝને સરળતાથી કનેક્ટ કરી શકો છો.

**ઈન-બિલ્ટ માઉસ રિમોટ :** ઉત્કૃષ્ટ ખૂબીઓની સાથે ટીવીમાં રિમોટ અને એક ઈનબિલ્ટ માઉસ પણ આપવામાં આવ્યું છે, જે ટેલીવિઝનના માધ્યમથી નેવિગેટ કરવું સરળ અને ઝડપી બનાવે છે.

## વત્સલ શેઠની ઠગ ડાયટ જાહેર!



'હાસિલ' શોમાંથી' 'વત્સલ શેઠ' એક સંપૂર્ણ ખોરાક જંકી છે, તેના સમકક્ષ જાવેદ ખાન અને નિકિતા દત્તા, જેમને આહાર અને કસરત વચ્ચે તંદુરસ્ત સંતુલન જાળવવામાં વિશ્વાસ છે. વત્સલનો વત્સલનો તેના ખોરાકથી પ્રેમ આ દુનિયામાં બીજા બધા જ પ્રેમથી વધી ગયો છે અને તે જલેબી અને ફાફડા પૂરતું નથી થતું -જે તેના તમામ સમય માટે પ્રિય નાસ્તો છે! તેટલા જ શરારતી જે તે છે, તે ઘણી વખત તેના સુપર સ્વાસ્થ્ય સભાન મિત્રો ઝાયેદ અને નિકિતાને ચિડાવતા દેખાય છે, જે કડક વર્કઆઉટ જીવનપદ્ધતિને અનુસરે છે, તેમને સેટમાં સ્વાદિષ્ટ સ્ટ્રીટ ફૂડ ખાવા માટે લલચાવતા હોય છે. વાસ્તવમાં, નિકિતાને મીઠી દાંત હોવાનુ જણાય છે અને મીઠાઈઓનો પ્રતિકાર કરવા માટે તેને ઘણીવાર અઘરું લાગે છે. ઝાયેદ, બીજી બાજુ, રસોઈ બનાવામાં આનંદ આવે છે અને તેના મિત્ર વત્સલ, જે પૂરા દિલથી બધા ઉત્તમ શાકાહારી ભોજનનો સ્વાદ લે છે તેને ખવડાવવાની તક ક્યારેય નહીં છોડે!હું નિયમિત રૂપે ૪૫ મિનિટ માટે વર્કઆઉટ કરું છું પરંતુ જો હું મારી વર્કઆઉટ ચૂકી જતો હોઉં તો હું તેને શારીરિક પ્રવૃત્તિ સાથે વળતર આપીશ, જેમ કે ક્રિકેટ અથવા સ્વિમિંગ જે મને મારા વજન પર અંકુશ રાખવા મદદ કરે છે. હું નિકિતા અને ઝાયેદને તેમના આહાર વિશે વધુ સભાન રહેવા અને મારા તમામ મનપસંદ વાનગીઓ સાથે લલચાવી રાખવા માટે હંમેશા દુઃ ખી કરું છું, પરંતુ તેઓ આ બધા વિક્ષેપોના શિકાર બની શકતા નથી."

સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન પર રાત્રે ૯.૩૦ વાગ્યે દર સોમવાર-શુક્રવારે 'હાસિલ' જુઓ!

## ભારતમાં જેમસ્ટોન માઈનિંગ અને માર્કેટિંગ કંપની ફયુરાનું આગમન

મુંબઈ

જેમસ્ટોન માઈનિંગ અને માર્કેટિંગ કંપની ફયુરા જેમ્સ ઈન્ક. ભારતમાં વિવિધ જેમસ્ટોન માઈનિંગ પ્રોજેક્ટ્સ શરૂ કરવાની યોજના બનાવી રહી છે અને સાથે જ તે પોતાના રંગીન જેમસ્ટોન પોર્ટફોલિયોનું ભારતમાં માર્કેટિંગ કરશે. ટોરોન્ટો, કેનાડામાં પોતાના મુખ્યાલયની સાથે અને દુબઈમાં અલમાસ ટાવરમાં એડમિનિસ્ટ્રેટિવ મુખ્યાલયની સાથે ફયુરા જેમ્સ ઈન્ક જેમસ્ટોન માઈનિંગ, એક્સપ્લોરેશન અને માર્કેટિંગમાં સામેલ છે. કંપનીએ પોતાનું કાર્ય ભારતમાં ૨૦૧૭ના છેલ્લા ક્વાર્ટરમાં શરૂ કર્યુ છે. ફયુરાએ હાલમાં જ કોલમ્બિયામાં કોસક્યુઝમાં અનોખી એમરલ્ડ (નીલમણિ) ખાણને સ્થળાંતરિત કરવાની ઘોષણા કરી હતી. કંપનીએ મોઝામ્બિકમાં પણ રુબી માઈનિંગ અને એક્સપ્લોરેશનમાં પ્રવેશ કરવા માટે પરચેઝ એગ્રીમેન્ટ પણ કર્યો છે. જેમાં ચાર લાયસન્સીસમાં ૮૦ ટકા ઈફેક્ટિવ ઈન્ટરેસ્ટના સૂચિત સ્થળાંતરિત અને વધારાની રુબી લાયસન્સીસ માટે આવેદન આપવું સામેલ છે.

ફયુરાના ઈન્ડિયન ઓપરેશન્સમાં ચાર (૪) સિનિયર મેનેજમેન્ટના લોકો બહોળા અનુભવ સાથે સામેલ છે અને તે પોતાની શક્તિ પોતાના ઓપરેશન્સ સાથે વધારશે. કંપનીએ ટોરોન્ટોમાં લિસ્ટિંગ કર્યુ છે અને ફોર્બ્સ અને મેનહટન દ્વારા કેનેડાની એક અગ્રણી ખાનગી વેપારી બેન્ક દ્વારા ટેકો આપ્યો છે, જેમાં વિવિધ સેક્ટરમાં ૩૩ કંપનીઓમાં રોકાણ સાથે ફયુરા ખાણકામ ક્ષેત્રમાં કોઈપણ મેગા પ્રોજક્ટ્સ મેળવવા માટે સક્ષમ છે.

## ભૈરવનો લૂક ધારણ કરવા માટે મને ૨ કલાક લાગે છે: રોહિત બક્ષી



બિગ મેજિકની વૈવિધ્યપૂર્ણ સામાન્ય મનોરંજન ચેનલ રોમાંચક અને સહભાગી કન્ટેન્ટ માટે ઓળખાય છે ત્યારે હવે તે ૪ નવા શો લાવવા માટે સુસજ્જ છે. ધાર્મિક સિરીઝ શક્તિપીઠ કે ભૈરવ અને હળવાફૂલ કોમેડી શો દીવાને અંજાને, તેરા બાપ મેરા બાપ અને કુવારા હૈ પર હમારા હૈ ખાસ કરીને તેના પુરુષ દર્શક વર્ગને રીઝવવા માટે લાવવામાં આવી રહ્યા છે.ભારતીય ટેલિવિઝન પર પહેલી વાર આગામી મેગ્નમ ઓપસ શો શક્તિપીઠ કે ભૈરવ ભગવાન શિવના અત્યંત શક્તિશાળી અને ક્રોધિત સ્વરૂપ ભૈરવના પરિપ્રેક્ષ્યથી ૫૨ શક્તિપીઠની આધ્યાત્મિક ગાથા બતાવશે. પ્રતિભાશાળી અભિનેતા રોહિત બક્ષી અપવાદાત્મક અભિનય માટે જાણીતો હોવાથી તેને ભૈરવની ભૂમિકા ભજવવા માટે રોકવામાં આવ્યો છે.

વારુ, મને ખાતરી છે કે દર્શકો ભૈરવ તરીકે રોહિતની અનન્ય કામગીરીનાં વખાણ કરશે. આજથી આરંભ કરતાં શક્તિપીઠ કે ભૈરવનું પ્રસારણ દર સોમવારથી શુક્રવારે સાંજે ૭ વાગ્યાથી ફક્ત બિગ મેજિક પરથી થશે.

## પ્રાંજલ ભટ્ટની ફિલ્મ 'ધી એન્ડ' ૨૪મી નવેમ્બરે ગુજરાતભરમાં રિલીઝ



'ધી એન્ડ' ફિલ્મ યુવા પેઢી પર આધારિત એક થ્રિલર ફિલ્મ છે. આજના યુવા વર્ગમાં થતી ગુનાહિત પ્રવૃતિ પર ફોકસ કરતી આ ફિલ્મ રહસ્ય, રોમાંચ અને ભેદથી ભરપુર છે આ ફિલ્મમાં કોલેજ કેમ્પસની વાત કરવામાં આવી છે જ્યાં અમુક અમીર બાપના નબીરાઓ કેમ્પસમાં રેગિંગનું દુશણ કરીને નવા અને જુના સ્ટુડન્ટને હેરાન અને પરેશાન કરતા હોય છે.એવામાં એક હોશિયાર સ્ટુડન્ટ આ ગુના સામે અવાજ ઉઠાવે છે. અને એ ગેરકાયદેસર હરકત બંધ કરવાનો પ્રયત્ન શરુ કરે છે. પણ ત્યાંજ એક રાત્રે તે સ્ટુડન્ટનું કોઈ અજાણ્યા માસ્ક મેન દ્વારા હત્યા કરવામાં આવે છે.આ ફિલ્મને સેન્સર બોર્ડની ત્રણ અલગ અલગ ટીમોએ નિહાળી હતી. ગુજરાતી ફિલ્મમાં પહેલી વાર સસ્પેશન થ્રિલર ફિલ્મ જોઈને સેન્સર બોર્ડની ટીમ આશ્ચર્યચકિત થઈ ગઈ હતી.ફિલ્મમાં મુખ્ય પાત્રમાં પ્રાંજલ ભટ્ટ જેમણે ૨૦ થી પણ વધારે ફિલ્મમાં કામ કર્યું છે અને પ્રોડ્યુસર તરીકે તેમની આ પ્રથમ ફિલ્મ છે. ફિલ્મના ડિરેક્ટર અને રાઈટર યોગેશ જોષી છે અને અન્ય પાત્રોમાં રોનક પંડ્યા, વિકાસ ચૌધરી, સુષ્મા જાદવ, રોહન પટેલ, કરણ, દિશા, ડિમ્પલ બિસ્કુટવાલા, ચિંતન, જલ્પા, પાર્થ પટેલ, સુમિત અને તૃષ્ણા જોવા મળશે. વાત કરીએ ફિલ્મના મ્યુઝિકની તો ફિલ્મનું મધુર સંગીત મૌલિક મહેતાએ આપ્યું છે.

## એમિરેટસ દ્વારા અમદાવાદને વિશ્વ સાથે જોડવાના ૧૦ વર્ષની ઉજવણી

અમદાવાદ

એમિરેટસ ગુજરાતના સૌથી મોટા શહેર અમદાવાદમાં ૧૦ વર્ષની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કર્યાની ઉજવણી કરી રહ્યું છે. તેની પ્રથમ ફ્લાઈટ ઓક્ટોબર ૨૦૦૭માં શરૂ કરાઈ તે પછી તેણે ૨ મિલિયન પેસેન્જર્સ અને ૭૪,૦૦૦ટન કાર્ગોની અમદાવાદથી હેરફેર કરી છે.

સપ્તાહમાં ૧૦ ફ્લાઈટ અને સપ્તાહમાં ૨૬૦ ટનની કાર્ગો કેપેસિટી ઓફર કરતી એમિરેટસની સર્વિસીસ અમદાવાદના પ્રવાસીઓ, નિકાસકારો અને આયાતકારો માટે વિતેલા વર્ષોમાં અવિભાજ્ય બની રહી છે." સાબરમતી નદીના કાંઠે આવેલું અમદાવાદ ભારતના એક મહત્વના વેપાર અને ઉદ્યોગના મથક તરીકે ઉભરી રહ્યું છે. તે દેશમાં કપાસના બીજા નંબરના સૌથી મોટા ઉત્પાદક તરીકે અને ફાર્માસ્યુટિકલ અને ઓટોમોબાઈલ ઉદ્યોગમાં મહત્વના મથક તરીકે જાણીતું છે.

છેલ્લા ૫ વર્ષ દરમ્યાન ગુજરાતનું નિકાસ બજાર ૧૨ થી ૧૫ ટકાના દરે વિકસી રહ્યું છે. આગામી વર્ષોમાં આ વૃધ્ધિદરમાં વધારો થવાની સંભાવના છે. 'મેક ઈન ઈન્ડિયા' પહેલ દ્વારા મળેલા ટેકાને કારણે ગુજરાતના મેન્યુફેક્ચરીંગ સેક્ટરનું ભાવિ ઊજળું છે અને ભવિષ્યમાં હકારાત્મક વૃધ્ધિ થવાની આગાહી છે.

## ૨૬ મી નવે.ના રોજ રાત્રે ૮ કલાકે ઝી એકશન ઉપર એકશન થ્રીલર કયામત :સીટી અન્ડર થ્રેટ




તમને કયારેય આશ્ચર્ય થયું છે કે ભારતના સૌથી વધુ શોરબકોર વાળા શહેર મુંબઈને શું થંભાવી દઈ દેશે ? બસ આને જ સંબોધતાં કયામત સીટી અન્ડર થ્રેટ જીવલેણ મીસાઈલ્સ અને વાયરસો તથા એક ત્રાસવાદી જુથના શહેરને માથે લેવા તથા નિર્દોષ નાગરીકોના જીવ માટે જોખમ બનેલા હોવાના ઉન્માદ બાબતે છે. ભ્રષ્ટ પાકીસ્તાની જનરલના પીઠબ દ્વારા ત્રાસવાદી ભાઈઓ હલી અને અબ્બાસ રામાની તથા તેઓની કોમન લેડી લવ લૈલા ભારતી સરકાર પાસેથી નાણાં મેળવવાની યોજના બનાવે છે. તેઓ ૨૧૩ પ્રવાસીઓને બંધક બનાવવા પકડી લે છે અને એક વિચક્ષણ વૈજ્ઞાનીક ગોપાલ સાથે હાથ મીલાવી લે છે. ભેગા મળીને તેઓ જીવલેણ વાયરસની સાથેની ત્રણ મીસાઈલ્સ તરતી મુકે છે અને મુંબઈની જળસંશાધન પદ્ધતીમાં લોંચ કરી કયામત સર્જવાની ધમકી આપે છે.

## એન્ડ પીકચર્સ ઉપર ૨૫ નવે.ના રોજ રાત્રે ૮ કલાકે મુન્ના માઈકલનું વર્લ્ડ ટેલી.પ્રીમીયર



ફોટો : શાંતી શાહ

જીવલેણ સ્ટંટસ કરવાની તેની ક્ષમતા અને તેના માખણ જેવા સુંવાળા ડાન્સ મુવ્ઝે લાખો લોકોને તેના પ્રશંસકો બનાવી દીધાં છે તે છે ઈન્ડીયાના યુથ આઈકન ટાઈગર શ્રોફ અને તેમની રીલીઝ મુન્ના માઈકલ નયે ઈન્ડીયા કા બ્લોક બસ્ટર મુવી ચેનલ એન્ડ પીકચર પર શનીવાર ૨૫ મી નવે.ના રોજ રાત્રે ૮ કલાકે પ્રીમીયર માટે સુસજ્જ છે. મુન્ના માઈકલ નવાજુદીન સીદીકી તથા પદાર્પણ કરી રહેલ નીધી અગરવાલ સાથે મુખ્ય ભૂમિકામાં ટાઈગર શ્રોફનું નિરૂપણ કરે છે. આ સપાટો શમણાં, ઘેલછા, રોમાન્સ અને વિશ્વાસઘાતની એક લાચારની કહાણી છે.

મુન્ના માઈકલ એક અનાથ છોકરાની આસપાસ ઘુમે છે જેને એક સંઘર્ષરત ડાન્સર, માઈકલ દ્વારા ઉછેરવામાં આવેલ છે. મુંબઈની ચાલીમાંથી આવતો, મુન્નો અભ્યાસ છોડી દઈ ઝડપથી પૈસા કમાવવાનું વિચારે છે. તે દીલ્હી આવે છે જ્યાં તે એક સ્થાનીક ડોન મહેન્દર ફોજીને મળે છે.૪૨ વર્ષની વયનો ગેંગસ્ટર માણસને શુટ કરતાં અગાઉ બીજી વખત વિચાર કરતો નથી. એક યુવાન અને પ્રતીભાશાળી છોકરી ડોલી પર પોતાનું દિલ દઈ બેસે છે. મહીન્દર મુન્નાના વિશ્વાસઘાતનો બદલો લેવા તૈયાર થઈ જવા સાથે એકશન પેકડ સીકવન્સીસની આખી શ્રૃંખલા પરીમાણોને પૂર્ણપણે બદલી નાખે છે. શું મુન્ના મહીન્દર તથા તેની ગુંડાગેંગ સાથે લડી લેવા શકય બનશે ?

## ક્વાન્ટમ હાઈટેકે પોતાની હેવી ડ્યૂટી ૧૫૦૦૦ એમએએચ પાવર બૈંક રજૂ કરી : કિંમત રૂ. ૨૪૯૯



યૂએચએમપીએલે 'ક્વાન્ટમ હાઈ ટેક' બ્રાન્ડ અંતર્ગત નવીનતમ ૧૫૦૦૦ એમએએચ પાવર બૈંકની સાથે પોતાના પાવર બૈંક પોર્ટફોલિયોનો વિસ્તાર કર્યો છે. આ ટેકનિકના ચાહકો અને તે લોકો માટે અનુકૂળ છે જે હંમેશા યાત્રા કરતા રહે છે. ક્યૂએચએમપીએલ કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ અને મોબાઈલ એક્સેસરીઝ, સિક્યુરિટી સૉલ્યુશન્સ અને હાઈ-ક્વૉલિટી આઈટી પેરિફેરલ્સમાં ભારતની અગ્રણી કંપની છે. આ પાવર બૈંક એટલી કૉમ્પૈક્ટ છે કે આને બૈકપૈક, સૂટકેસ કે લેપટોપ બેગમાં સરળતાથી રાખી શકાય છે. આ રીતે તમે જરૂરીયાતના સમયે તમારા ડિવાઈસને તરત જ ચાર્જ કરી શકો છો. આ પાવર બૈંક ૫૦૦ વખત સુધી ચાર્જજડિસ્ચાર્જ થયા બાદ પણ પોતાની ક્ષમતાને ૮૫ ટકાથી વધુ બનાવી રાખે છે. ડ્યુઅલ આઉટપુટ પોર્ટ્સ અને ૧૦ વૉટ આઉટપુટ પાવરની સાથે આ પાવર બૈંક ઝડપી ચાર્જ થવા માટે આરઆઈએસસી માઈક્રો પ્રેસસરથી સક્ષમ બનાવવામાં આવ્યું છે. ઉપરાંત ટોર્ચ લાઈટની પણ સાથે આપવામાં આવી છે જે યાત્રા દરમ્યાન સગવડતા આપે છે. બ્લેક અને વ્હાઈટ રંગોમાં ડિઝાઈન કરવામાં આવેલ આ પાવર બૈંક ભારતમાં પ્રમુખ સ્ટોર્સ પર ઉપલબ્ધ છે.

## રિતીક દિવાકર સુપર ડાન્સર પ્રકરણ ૨ પર શાહરુખ ખાનને હરાવ્યા



દીપિકા પાદુકોણે સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝનનો બાળકોનો ડાન્સ રિયાલિટી શો સુપર ડાન્સર પ્રકરણ ૨ ના સેટ પર તેમની ફિલ્મ પદ્માવતીને પ્રમોટ કર્યુ હતું. અભિનેત્રી ગીતા કપૂર સાથે સારા સમય સાથે વાતચીત કરી હતી, જેમણે ભૂતકાળમાં તેના કેટલાક ડાન્સ સિક્વન્સને કોરિયોગ્રાફ કર્યાં હતાં, શિલ્પા શેટ્ટી કુન્દ્રા સાથે જેમણે તેણીને એક ફન સેલ્ફી માટે પોઝ આપ્યો અને અનુરાગ બાસુ સાથે સારી હસી શેર કરી હતી.

દીપિકા તમામ સ્પર્ધકોની પરફોર્મન્સથી પ્રભાવિત થયા હતા, પરંતુ જે જોડીએ તેમનું ધ્યાન ખેંચ્યું તે કાનપુરથી રિતીક દિવાકર અને તેમના ગુરુ પ્રતિક હતા. આ બન્નેએ ઓમ શાંતિ ઓમની 'આંખો મેં તેરી' પર ડાન્સ કર્યું હતું, જે સુંદર અભિનેત્રી માટે ઋણપ્રદર્શન હતું.

દીપિકાએ તેમના અભિનયથી સમ્મોહિત થયા હતાં અને જણાવ્યું હતું કે તે તેનો ખૂબ પ્રિય ગીત છે અને ડાન્સ એટલો પ્રભાવશાળી હતો કે તેઓ આ ગીત પર શાહરુખ ખાનની પરફોર્મન્સને સરળતાથી હરાવશે. રિતીક દિવાકર તેની ટિપ્પણીથી ભરાઈ ગયા હતા અને સેટ પર તમામ સ્મિત આપ્યું હતું.

સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન પર માત્ર દર શનિવાર અને રવિવાર, રાત્રે ૮:૦૦ વાગે સુપર ડાન્સર પ્રકરણ ૨ જુઓ.

## ફળોમાંથી મેળવો સુંદરતા

દિવાળી પત્યા પછી લગ્નસરાની મોસમ પૂરબહારમાં છે. આ પ્રસંગે કંઈક એવું કરો જેનાથી આનંદ પણ થઈ જાય અને સુંદર રૂપ પણ મળી શકે. આ માટે તમારા વેનિટી બોક્સમાં પણ ફ્રુટ્સને સામેલ કરો. જો સ્કિન ડ્રાય છે તો કેળા અને દૂધને સારી રીતે મસળી નાખો. આ પેસ્ટમાં થોડા ટીપાં લીંબુના રસના નાકો અને રોજ તમારા ચહેરા પર ૧૦ મિનિટ લગાવીને મૂકો. આ પેકના નિયમિત ઉપયોગથી ત્વચા કોમળ અને ખીલેલી દેખાશે. નારિયેળ પાણી જ્યાં શરીર માટે ગુણકારી હોય છે ત્યાં તે દાગ-ધબ્બા માટે પણ કારગર છે. ચહેરા પરના દાગને દૂર કરવા રૂના પૂમડામાં નારિયેળ પાણી લઈને ચહેરા પર લગાવો થોડી વાર પછી ચહેરાને ધોઈ નાખો. આમ કરવાથી વહેલી તકે ફરક જોવા મળશે. મોસંબીમાં ફાયબર મોટા પ્રમાણમાં હોય છે. આ કારણે તેના સેવનથી પેટ જલદી ભરાઈ જાય છે. તેના જ્યુસથી વજન ઘટાડી શકાય છે.

રાત્રે સફરજનનો રસ રૂમા પૂમડામા લઈને વાળ પર લગાવો અને સવારે ધોઈ નાખો. તેનાથી ખોળો દૂર થઈ જશે. જો એડી ફાટી રહી છે તો ગાજરના રસમાં દૂધ મિલાવી રાત્રે પગ સાફ કરી આ મિશ્રણને દરારમાં ભરો. થોડી વાર પછી પગ ધોઈ લો અને ક્રીમ લગાવીને સૂઈ જાવ. આમ કરવાથી દરારો ભરાઈ જશે અને એડીઓ નરમ દેખાશે.

## સાઈના ધમાકેદારે જીત સાથે ચાઈના ઓપનના બીજા રાઉન્ડમાં પહોંચી



(જી.એન.એસ) બેઈજિંગ

ભારતની દિગ્ગજ મહિલા બેડમિન્ટન ખેલાડી સાઈના નેહવાલે ચાઈના ઓપન બેડમિન્ટન વર્લ્ડ સુપરસિરીઝ પ્રીમિયરનં શાનદાર શરૂઆત કરી છે. વર્લ્ડ નંબર ૧૧ રેંકિંગ ધરાવતી સાઈના નહેવાલે બુધવારે ચાઈના ઓપનની મહિલા સિંગલ્સના પ્રથમ તબક્કામાં અમેરિકાની બીવેન ઝાંગને હરાવી.ભારતીય બેડમિન્ટન ખેલાડી સાઈનાએ માત્ર ૩૦ મિનિટના અંદર બીવેન ઝાંગને ૨-૧૨, ૨૧-૧૩ થી હરાવતા બીજા તબક્કામાં પ્રવેશ મેળવ્યો હતો. આ સિવાય પુરુષ યુગલ વર્ગમાં સાત્વિક સાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની ભારતીય જોડીને હારનો સામનો કરવો પડ્યો.મહત્વનું છે કે સાત્વિક સાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની જોડીને પાંચમું રેંકિગ ધરાવતા ચીનના લિયુ ચેંગ અને ઝાંગ નાનને સીધી ગેમોમાં ૧૩-૨૧, ૧૩-૨૧ હારતા ટુર્નામિન્ટમાંથી બહાર થવું પડ્યું. બીજી તરફ આજે મહિલા સિંગલ્સમાં વર્લ્ડ નંબર ૨ પીવી સિંધુનો મુકાબલો વર્લ્ડ નંબર ૧૩ સાયાકા સાટો સાથે થશે.

## ટેસ્ટ રેંકિંગમાં સ્ટાર વિરાટ કોહલી પાંચ સ્થાને પહોંચ્યો

**બોલરોની યાદીમાં રવિન્દ્ર જાડેજા ત્રીજા સ્થાને પહોંચ્યો**
**વિરાટ કોહલીની વિરાટ સિદ્ધિઓનો દોર જારી**



ટેસ્ટ રેન્કિંગમાં ભારતીય કેપ્ટન વિરાટ કોહલી પાંચમા સ્થાને પહોંચી ગયો છે. વિરાટે વિરાટ સિદ્ધી હાંસલ કરવાનો સિલસિલો જારી રાખ્યો છે. આઈસીસી દ્વારા જારી કરવામાં આવેલી રેન્કિંગમાં ભારતીય ખેલાડીઓ શાનદાર દેખાવ સાથે આગળ વધી રહ્યા છે. જો કે સ્પીનર રવિન્દ્ર જાડેજા બોલરોની યાદીમાં એક સ્થાન નીચે ગબડીને ત્રીજા સ્થાને પહોંચી ગયો છે. કોહલીએ હાલમાં શ્રીલંકા સામે કોલકત્તા ટેસ્ટ મેચમાં ભારતની બીજી ઈનિંગ્સમાં સદી ફટકારી હતી. કોહલીએ પોતાની કેરિયરની ૧૮મી સદી ફટકારી હતી. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વિરાટે ૫૦મી સદી ફટકારી હતી. બોલિંગમાં ભુવનેશ્વર કુમાર ૨૯માં ક્રમાકે પહોંચી ગયો છે. મોહમ્મદ સામીની રેન્કિંગમાં પણ સુધાર થયો છે. તે રેન્કિંગમાં ૧૮મા સ્થાને પહોંચી ગયો છે. આ ઉપરાંત પણ કોહલીએ કેટલીક નવી સિદ્ધિ મેળવી હતી. ઈડન ગાર્ડન પર કોહલીએ પ્રથમ સદી ફટકારી હતી. આ ઉપરાંત ભારતના કેપ્ટન તરીકે સુનિલ ગાવસ્કરના સૌથી વધુ ૧૧ સદી ફટકારવાના રેકોર્ડની પણ કોહલીએ બરોબરી કરી હતી. સચિન તેંડુલકરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૧૦૦ સદીનો રેકોર્ડ બનાવ્યો છે. વિરાટ કોહલી હવે અડધે સુધી પહોચી ગયો છે. તમામ ક્રિકેટ ચાહકો નક્કરપણે માને છે કે, વિરાટ કોહલી સચિન તેંડુલકરના રેકોર્ડને સરળતાથી તોડી દેશે.શ્રીલંકાના ખેલાડી ડિકવિલ્લાને હવે ૩૭માં સ્થાને રાખવામાં આવ્યો છે. દુલરુવાન પરેરા હવે ૨૨માં સ્થાને પહોંચી ગયો છે. ટીમ રેન્કિંગમાં હાલમાં ઓસ્ટ્રેલિયા પાંચમાં સ્થાને છે. ભારત ૧૨૫ પોઈન્ટ લઈને પ્રથમ સ્થાને છે. જ્યારે આફ્રિકા ૧૧૧ પોઈન્ટ સાથે બીજા સ્થાને છે.

## ઓસ્ટ્રેલિયાના પસંદગીકારોની એશિઝ માટેની ટીમ યોગ્ય નથી : શેન વોર્ન

**ટીમ સ્પીરીટ**

(જી.એન.એસ) સિડની

પ્રતિષ્ઠિત એશીઝ જંગના કાઉન્ટ ડાઉનનો પ્રારંભ થઈ ગયો છે અને ઓસ્ટ્રેલિયાએ તેની ટીમની જાહેરાત પણ કરી દીધી છે. ત્યારે ભૂતપૂર્વ સ્પિનર શેનવોર્ને ટીમની પસંદગીની ટીકા કરી છે. વોર્ને વિશેષ કરીને વિકેટ કિપર તરીકે ટીમ પાઈનેના સમાવેશથી આશ્ચર્ય અનુભવ્યું છે. તેણે કહ્યું કે ટીમ ચાઈને તેના રાજ્યની ટીમમાં પણ વિકેટ કિપર તરીકેની પ્રથમ પસંદગી નથી ત્યારે તેને સીધો જ એશિઝ જેવા મુકાબલામાં કઈ રીતે ઉતારી શકાય.



વોર્ને કહ્યું કે પસંદગીકારો ગૂંચવાયેલા લાગે છે. ૩૨ વર્ષીય ટીમ પાઈને ઓસ્ટ્રેલિયા તરફથી ચાર ટેસ્ટ રમ્યો છે જેમાંની છેલ્લી છેક ૨૦૧૦ ઓક્ટોબરમાં રમ્યો હતો. એશિઝની પ્રથમ બે ટેસ્ટ માટેની ૧૩ ખેલાડીઓની ટીમમાં મેથ્યુ વેડ અને પીટર નેવિલને બાજુએ મુકાયા તે આઘાતજનક છે તેમ વોર્ને ઉમેર્યું હતું. પાઈનને તેની ટીમ તાસ્માનિયામાં વેડ પછી બીજી હરોળનો વિકેટ કિપર મનાતો હોય છે.

વોર્ને ઓસ્ટ્રેલિયાને ચેતવ્યા હતા કે ઈંગ્લેન્ડ ઓસ્ટ્રેલિયામાં આવી ઘણો જ સારો દેખાવ પ્રેક્ટિસ મેચોમાં કરી રહી છે. તેઓ વધુ સ્પષ્ટ, દ્રઢ નિશ્ચયી અને સમતોલ છે. ૧૪૫ ટેસ્ટમાં ૭૦૮ વિકેટ લઈ ચૂકેલા વોર્ને બંને ટીમને સમાન તક છે તેમ જણાવ્યું હતું. ઓસ્ટ્રેલિયા ભલે ઘરઆંગણે રમતુ હોય પણ આ શ્રેણીમાં ખૂબ જ નજીકનો મુકાબલો રહેશે. જોકે ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ કેપ્ટન માર્ક ટેલરે પસંદગી સમિતિને ટીમ બદલ અભિનંદન આપતા કહ્યું કે તેઓએ વર્તમાન ફોર્મને નજરમાં રાખીને ટીમ જાહેર કરી છે જે યોગ્ય અભિગમ છે.

## સ્પોર્ટ્સ ક્વીઝ

ડો.પી.ડી.શર્મા

**સવાલ :**

૧. હાલમાં ભારતના ફર્સ્ટ કલાસ ક્રિકેટમાં સૌથી વધુ બેવડી સદી કરનાર ખેલાડી કોણ છે ?

૨.એશીયાકપ મહિલા હોકી ટુર્નામેન્ટની શરૂઆત કયારે કરવામાં આવી હતી ?

૩. હાલમાં જ પુર્ણ થયેલ એશીયાકપ મહીલા હોકી ટુર્નામેન્ટ કયા દેશે જીતી હતી ? કયા દેશને હરાવીને ?

૪.હાલમાં જ કયા ખેલાડીને હરાવીને એચ. એસ. પ્રણોયે નેશનલ બેડમીન્ટન ચેમ્પિયનશીપ જીતી હતી ?

૫. હાલમાં જ કઈ મહિલા ખેલાડીએ ડબલ્યુટીએ એલીટ ટ્રોફી જીતી હતી ? કઈ મહિલા ખેલાડીને હરાવીને ?

૬. હાલમાં જ એશિયન વિમેન્સ બોક્સિંગ ચેમ્પિયનશીપનું આયોજન કયાં કરવામાં આવ્યું હતું ?

૭. હાલમાં જ ૨૦૧૭ એશિયાકપ મહિલા હોકી ટુર્નામેન્ટ જીતવાથી ભારતીય મહિલા હોકી ટીમ કયા રમતોત્સવ માટે કવોલીફાય થઈ હતી ?

૮. ભારતીય મહિલા હોકી ટીમે પહેલી જ વાર મહિલા એશિયા કપ કયારે જીત્યો હતો ?કયા દેશને હરાવીને ?

૯. હાલમાં જ પુર્ણ થયેલ ભારત-ન્યુઝીલેન્ડ ટી-૨૦ ની શ્રેણી કયા દેશે જીતી હતી ?

૧૦.હાલમાં જ પૂર્ણ થયેલ ભારત-ન્યુઝીલેન્ડ ટી-૨૦ ની શ્રેણીમાં 'મેન ઓફ ધ સીરીઝ' નો એવોર્ડ કયા ખેલાડીને આપવામાં આવ્યો હતો ?

૧૧. 'ભારત હારે તે માટે ધોની સામે જ આંગળી ચીંધવી યોગ્ય નથી' હાલમાં જ આ વિધાન કોણે કર્યું હતું ?

૧૨. હાલમાં જ કઈ ભારતીય મહિલા ખેલાડીએ એશિયન બોક્સિંગમાં પાંચમી વખત ગોલ્ડમેડલ જીતીને ઈતિહાસ રચ્યો હતો ?

૧૩. હાલમાં જ કઈ મહિલા ખેલાડીને હરાવીને સાયના નેહવાલે નેશનલ બેડમીન્ટન ચેમ્પિયનશીપ જીતી હતી ?

જવાબ :

૧. હાલમાં ભારતના ફર્સ્ટ કલાસ ક્રિકેટમાં સૌથી વધુ બેવડી સદી કરનાર ખેલાડી ગુજરાતના ચેતેશ્વર પુજારા છે.

૨.એશીયાકપ મહિલા હોકી ટુર્નામેન્ટની શરૂઆત ૧૯૮૫ થી કરવામાં આવી હતી.

૩. હાલમાં જ પુર્ણ થયેલ એશીયાકપ મહીલા હોકી ટુર્નામેન્ટ ભારતે ૫-૪ પેનલ્ટી શુટઆઉટમાં ચીન દેશને હરાવીને જીતી હતી.

૪.હાલમાં જ કિદામ્બી શ્રીકાંત નામના ખેલાડીને હરાવીને એચ. એસ. પ્રણોયે નેશનલ બેડમીન્ટન ચેમ્પિયનશીપ જીતી હતી.

૫. હાલમાં જ જર્મનીની જુલીયા ગોજેસે અમેરીકાની વાન્ડેવોહ નામની મહિલા ખેલાડીને હરાવીને ડબલ્યુટીએ એલીટ ટ્રોફી જીતી હતી.

૬. હાલમાં જ એશિયન વિમેન્સ બોક્સિંગ ચેમ્પિયનશીપનું આયોજન વિયેતનામમાં હોચિ મીન્હ સીટીમાં કરવામાં આવ્યું હતું.

૭. હાલમાં જ ૨૦૧૭ એશિયાકપ મહિલા હોકી ટુર્નામેન્ટ જીતવાથી ભારતીય મહિલા હોકી ટીમ ૨૦૧૮ હોકી વર્લ્ડકપ રમતોત્સવ માટે કવોલીફાય થઈ હતી.

૮. ભારતીય મહિલા હોકી ટીમે પહેલી જ વાર મહિલા એશિયા કપ ૨૦૦૪ માં જાપાનને ૧-૦ થી ગોલથી હરાવીને જીત્યો હતો.

૯. હાલમાં જ પુર્ણ થયેલ ભારત-ન્યુઝીલેન્ડ ટી-૨૦ ની શ્રેણી ભારતે ૨-૧ થી શ્રેણી દેશે જીતી હતી.

૧૦.હાલમાં જ પૂર્ણ થયેલ ભારત-ન્યુઝીલેન્ડ ટી-૨૦ ની શ્રેણીમાં 'મેન ઓફ ધ સીરીઝ' નો એવોર્ડ જસપ્રીત બુમરાહ નામના ખેલાડીને આપવામાં આવ્યો હતો.

૧૧. 'ભારત હારે તે માટે ધોની સામે જ આંગળી ચીંધવી યોગ્ય નથી' હાલમાં જ આ વિધાન સુનીલ ગાવસ્કરે કર્યું હતું.

૧૨. હાલમાં જ એમ.સી.મેરીકોમ નામની ભારતીય મહિલા ખેલાડીએ એશિયન બોક્સિંગમાં પાંચમી વખત ગોલ્ડમેડલ જીતીને ઈતિહાસ રચ્યો હતો.

૧૩. હાલમાં જ પી.વી.સિંધુએ ૨૧-૧૭, ૨૭-૨૫ થી હરાવીને મહિલા ખેલાડીને હરાવીને સાયના નેહવાલે નેશનલ બેડમીન્ટન ચેમ્પિયનશીપ જીતી હતી.

-ડો.પી.ડી.શર્મા (અમદાવાદ)

## ક્રિકેટમાં આશ્ચર્યજનક રેકોર્ડસ : વર્ષગાંઠના દિવસે હેટ્રીક





**ખેલના મેદાનમાંથી**

કમલેશ કંસારા

કોઈ બોલરને પોતાના જન્મદિવસે હેટ્રીકનો રેકોર્ડ બનાવ્યો હોય તો પછી તેના આનંદની કોઈ સીમા રહેતી નથી. ઓસ્ટ્રેલિયાના પીટર સીડલના નામે આ રેકોર્ડ છે ૨૫ નવેમ્બર ૨૦૧૦ ના રોજ પોતાના જન્મદિવસે એણે એલીસ્ટર કુક, મૈટ પ્રાયર અને સ્ટુઅર્ટ બ્રૌંડને આઉટ કરીને હેટ્રીક મેળવી હતી. જન્મદિવસે હેટ્રીક લેનાર વિશ્વનો એક માત્ર બોલર સિડલ છે. પીટરે આ ટેસ્ટમાં એ દાવમાં ૬ વિકેટો મેળવી હતી પણ આ ટેસ્ટ ડ્રોમાં પરીણમી હતી.

હેન્ડલીંગ ધ બોલ અને ઓબ્સ્ટ્રકીટંગ ધ ફિલ્ડ

આ બંને પ્રકારે બેટસમેન આઉટ થઈ શકે છે પણ ક્રિકેટમાં એવા ઉદાહરણો બહુ દુર્લભ છે. આંતરરાષ્ટ્રીય ક્રીકેટમાં (ટેસ્ટ વન-ડે) અત્યાર સુધી ૧૦ ખેલાડીઓ હેન્ડલીંગ ધ બોલ અને ૬ ખેલાડીઓ ઓબ્સ્ટ્રકટીંગ ધ ફિલ્ડ રૂપે આઉટ થયા છે. બેટસમેન ભુલ કરે તો આ પ્રકારે આઉટ થવાની ઘટના બને છે. કોઈ ખેલાડી બંને પ્રકારે આઉટ થયો છે ખરો ? તો આનો જવાબ હામાં છે.

માત્ર એક જ ભારતીય બેટસમેન છે કે જેઉપરોકત બે પ્રકારે આઉટ થયેલ છે. ભારતના મોહીન્દર અમરનાથ એક માત્ર વિશ્વનો ખેલાડી છે કે જે ઉપરોકત બંને પ્રકારે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં આઉટ થયા છે. ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ ૧૯૮૫-૮૬ માં મેલબોર્નમાં રમાયેલ બેન્સન એન્ડ હેજીસ સીરીઝમાંની બીજી ફાઈનલ વખતે ૧૫ ના અંગત સ્કોરે ક્રેગ મેથ્યુઝના દડાને હાથો વડે વિકેટમાં જતા રોકેલ. એક દિવસીય ક્રિકેટમાં આ સૌ પ્રથમ ઘટના હતી. જ્યારે કોઈ બેટસમેન હેન્ડલમાં ધ બોલ આઉટ આપવામાં આવ્યો હતો.

ત્યારબાદ ૧૯૯૮-૯૦ માં અમદાવાદમાં રમાયેલ વર્લ્ડ સીરીઝ અર્થાત નેહરૂ કંપની છઠ્ઠી મેચમાં શ્રીલંકા વિરૂદ્ધ રમાયેલ મેચમાં ૨૮ રનના અંગત સ્કોરે જ્યારે મોહીન્દરે એ સમયે બોલને લાત મારી જ્યારે બોલર રત્નાનાયકે અને રણતુંગા એને પકડવાને માટે આવી રહ્યા હતા. એ સમયે બોલર ફિલ્ડર દ્વારા અપીલ થતાં અમ્પાયર ખિઝર હયાતે મોહીન્દર અમરનાથને ક્ષેત્ર રક્ષણમાં ખલેલ પાડવા બદલ આઉટ આપ્યો હતો. તે સમયે વન-ડે માં માત્ર બીજી ઘટના બની હતી. આ પહેલાં પાકિસ્તાનના રમીઝ રાજા પણ આ પ્રકારે આઉટ થયા હતા.

દરેક ફોર્મેટમાં પ્રથમ વિજય ઓસ્ટ્રેલિયાના નામે

ઓસ્ટ્રેલિયાએ ક્રિકેટના દરેક ફોર્મેટમાં સૌ પ્રથમ મેચ જરૂર રમી છે અને દરેક મેચોમાં જીત હાંસલ કરી છે. મેલબોર્નમાં રમાયેલ ૧૮૭૭ માં ઈતિહાસની સૌ પ્રથમ ટેસ્ટમેચમાં ઈંગ્લેન્ડને ૪૫ રને હરાવીને વિજય મેળવ્યો હતો. ત્યારબાદ ટેસ્ટ ક્રિકેટના ૧૦૦ વર્ષ પુરા થતાં વર્ષ ૧૯૭૭ માં રમાયેલ સેન્ટનરી ટેસ્ટમાં પણ ફરીથી ઈંગ્લેન્ડને ૪૫ રનોથી જ હાર આપી. ૧૯૭૧ માં રમાયેલ મેલબોર્નમાં ઈતિહાસની પ્રથમ એક દિવસીય મેચમાં ઓસ્ટ્રેલિયાએ ઈંગ્લેન્ડને ૫ વિકેટે હરાવીને વન-ડે ઈન્ટરનેશનલની સૌ પ્રથમ મેચમાં વિજય મેળવ્યો હતો. ઓસ્ટ્રેલિયાની જીત માત્ર આટલાથી જ ન રોકાઈ પરંતુ જ્યારે વિશ્વ ક્રિકેટમાં ૨૦ -૨૦ મેચમાં ઓસ્ટ્રેલિયાએ ન્યુઝીલેન્ડને ઓકલેન્ડના ઈડનપાર્કમાં ૪૪ રનોથી હરાવીને વિજય મેળવ્યો હતો.

હાલમાં ક્રિકેટના ઈતિહાસમાં રાત્રી ટેસ્ટનું આયોજન થયું. એડીલેઈડ ઓવલ, ઓસ્ટ્રેલિયામાં ૨૦૧૬ માં રમાયેલ ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ વચ્ચેની ઈતિહાસની સૌ પ્રથમ રાત્રી ટેસ્ટમાં સનસનીખેદ રૂપથી ત્રણ વિકેટે હરાવીને એક અનોખો રેકોર્ડ પોતાના નામે નોંધાવી દીધો હતો. હજી પણ ઓસ્ટ્રેલિયા આગળ જતા કયા નવા રેકોર્ડ પોતાના નામે નોંધાવે છે તે તો આવનારો સમય દર્શાવશે.

**-કમલેશ કંસારા**

## બીજી ટેસ્ટમાંથી ભુવનેશ્વર અને શિખર ધવન થયા બહાર

**ટર્નીંગ પોઈન્ટ**

ઓલરાઉન્ડર વિજય શંકરને અપાઈ તક

લગ્નના કારણે ભુવનેશ્વર કુમાર બાકીની બે ટેસ્ટમાં નહીં રમે : શિખર ધવન પણ અંગત કારણોસર નહીં રમે ટેસ્ટ

**બીજી ટેસ્ટની ટીમ**

વિરાટ કોહલી (કેપ્ટન), કેએલ રાહુલ, મુરલી વિજય, ચેતેશ્વર પુજારા, અજિક્યે રહાણે, રોહિત શર્મા, રિદ્ધીમન સાહા (વિકેટ કિપર), આર અશ્વિન, જાડેજા, કુલદીપ યાદવ, મોહમ્મદ સમી, ઉમેશ યાદવ, ઈશાંત શર્મા, વિજય શંકર.

શ્રીલંકા સામેની પ્રથમ ટેસ્ટ રોમાંચક તબક્કા બાદ ડ્રોમાં પરિણમી છે. ત્યારે હવે બીજી ટેસ્ટ પહેલા ભારતીય ટીમને બે મોટા ઝટકા લાગ્યા છે. પ્રથમ ટેસ્ટમાં શાનદાર બોલિંગ કરીને તમામનું દિલ જીતનાર ભુવનેશ્વર કુમાર અને બીજી ઈનિંગમાં આક્રમક ૯૪ રનની ઈનિંગ રમનાર શિખર ધવન અંગત કારણોસર બીજી ટેસ્ટમાં નહીં રમે. બીજી ટેસ્ટ નાગપુરમાં ૨૪થી ૨૮ નવેમ્બર દરમિયાન રમાશે. જે માટે ભારતે ૧૪ સભ્યોની ટીમની જાહેરાત કરી છે.

ભુવનેશ્વર કુમાર પોતાના લગ્નના કારણે હવે શ્રીલંકા સામેની બાકીની બન્ને ટેસ્ટ મેચમાં નહીં રમે. જ્યારે શિખર ધવન પણ અંગત કારણોસર બીજી ટેસ્ટમાં રમવાનો નથી. જોકે ટીમમાં આ બન્નેની જગ્યાએ વિજય શંકર નામના એક માત્ર બોલરની પસંદગી કરવામાં આવી છે. જેથી ૧૫ સભ્યોની જગ્યાએ ૧૪ સભ્યની જ ટીમ જાહેર કરવામાં આવી છે. નાગપુર ટેસ્ટમાં શિખર ધવનની જગ્યાએ ઓપનર મુરલી વિજયને રાહુલ સાથે ઈનિંગની શરૃઆત કરવાની તક મળી શકે છે. જ્યારે ભુવનેશ્વર કુમારના સ્થાને ટીમ વધારાના એક બેટ્સમેન તરીકે રોહિત શર્માને મેદાનમાં ઉતારી શકે છે.

## ગુજરાતનો રાજસ્થાન સામે ઈનિંગ અને ૧૦૭ રને વિજય, ૨૭ પોઈન્ટ સાથે પ્રથમ

આઠ વિકેટ ઝડપનાર ચિંતન જગાને પ્લેયર ઓફ મેચ જાહેર કરાયો

ગુજરાત રણજી ટીમે રાજસ્થાન સામે ઈનિંગ અને ૧૦૭ રને શાનદાર વિજય મેળવી ગ્રૂપ બીમાં ૨૭ પોઈન્ટ સાથે ટોચનું સ્થાન મેળવી લીધું છે. રાજસ્થાન પ્રથમ દાવમાં ૧૫૩ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી જેના જવાબમાં ગુજરાતની ટીમે પ્રિયાંક પંચાલ, ભાર્ગવ મેરાઈ અને પાર્થિવ પટેલની સદીની મદદથી ચાર વિકેટે ૬૦૧ રન બનાવી દાવ ડિક્લેર કર્યો હતો. પ્રથમ દાવના આધારે રાજસ્થાન સામે ગુજરાતે ૪૪૮ રનની સરસાઈ મેળવી હતી જેના જવાબમાં રાજસ્થાનની ટીમ ૩૪૧ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. પ્રથમ ઈનિંગમાં ગુજરાત તરફથી આઠ વિકેટ ઝડપનાર ચિંતન ગજાને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરાયો હતો.

રાજસ્થાને મેચના ત્રીજા દિવસે ૧૮૩ રનમાં ચાર વિકેટ ગુમાવી દીધી હતી. મેચના અંતિમ દિવસે ગુજરાતના સ્પિનરો સામે રાજસ્થાનના બેટ્સમેનોએ સંઘર્ષ કર્યો હતો પરંતુ સમગ્ર ટીમ ૩૪૧ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. ગુજરાત તરફથી યુવા સ્પિનર સિદ્ધાર્થ દેસાઈએ પાંચ, પીયૂષ

ચાવલાએ ત્રણ જ્યારે ઈશ્વર ચૌધરી અને ઋજુલ ભટ્ટે ૧-૧ વિકેટ ઝડપી હતી.

કેરળ સામેની રણજી મેચમાં સૌરાષ્ટ્રની ટીમ ૪૦૫ રનના લક્ષ્યાંક સામે માત્ર ૯૫ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. કેરળની ટીમે આ જીત સાથે ગ્રૂપ બીમાં ૨૪ પોઈન્ટ સાથે બીજું સ્થાન મેળવી લીધું છે જ્યારે સૌરાષ્ટ્રની ટીમ ૨૩ પોઈન્ટ સાથે ત્રીજા ક્રમે છે. કેરળની ટીમે પ્રથમ બેટિંગ કરતાં ૨૨૫ રન બનાવ્યા હતા જેના જવાબમાં સૌરાષ્ટ્રની ટીમે ૨૩૨ રન બનાવી સાત રનની નજીવી સરસાઈ લીધી હતી. જોકે, બીજી ઈનિંગમાં કેરળ તરફથી સંજુ સેમસનના આક્રમક ૧૭૫ રન અને અરુણ કાર્તિકના ૮૧ રનની મદદથી છ વિકેટે ૪૧૧ રન બનાવી દાવ ડિક્લેર કર્યો હતો. સૌરાષ્ટ્રને જીત માટે ૪૦૫ રનનો લક્ષ્યાંક મળ્યો હતો જેના જવાબમાં સમગ્ર ટીમ ૯૫ રનમાં જ ધરાશાયી થઈ ગઈ હતી. સૌરાષ્ટ્રના પાંચ બેટ્સમેનો તો ડબલ ફિગરે પણ પહોંચી શક્યા નહોતા. કેરળ તરફથી જલજ સક્સેનાએ ચાર જ્યારે કેસી અક્ષય અને જોસેફે ૩-૩ વિકેટ ઝડપી હતી.

બરોડા અને ઓડિશા વચ્ચે રમાયેલી હાઈસ્કોરિંગ રણજી મેચ ડ્રો રહી હતી. આ મેચમાં બરોડાએ ઓડિશા સામે સરસાઈ મેળવતાં તેને ત્રણ પોઈન્ટ મળ્યા હતા જ્યારે ઓડિશાને એક પોઈન્ટ અપાયો હતો.

બરોડાએ પ્રથમ દાવમાં ૫૦૩ રન બનાવ્યા હતા જેની સામે ઓડિશાની ટીમ ૪૪૫ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. ઓડિશાએ ૪૨૨ રને છઠ્ઠી વિકેટ ગુમાવી હતી. તે પછી ધબડકો થતાં સમગ્ર ટીમ ૪૪૫ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. બરોડાએ બીજા દાવમાં એક વિકેટે ૨૫૯ રન બનાવ્યા ત્યારે મેચ ડ્રો જાહેર કરાઈ હતી.

## ૩ વર્ષ બાદ દંગલમાં વાપસી કરશે પહેલવાન સુશીલકુમાર

**રાષ્ટ્રીય કુસ્તી ચેમ્પિયનશિપમાં લેશે ભાગ**
**સુશીલકુમાર રેલવેની બી ટીમ તરફથી ૭૪ કિલોગ્રામ વર્ગમાં પડકાર રજૂ કરશે : યોગેશ્વર દત્ત નહીં રમી શકે**

ભારતના સ્ટાર પહેલવાન અને ઓલમ્પિકમાં બે મેડલ જીતી ચુકેલ સુશીલકુમાર ઈંદૌરમાં ૧૫થી ૧૮ નવેમ્બર વચ્ચે યોજાનાર રાષ્ટ્રીય કુસ્તી ચેમ્પિયનશિપમાં ભાગ લેવા જઈ રહ્યો છે. જોકે યોગેશ્વર દત્ત આ સ્પર્ધામાં ભાગ લેતો જોવા નહીં મળે. બેજિંગ ઓલમ્પિકમાં બ્રોન્ઝ મેડલ અને લંડન ઓલમ્પિકમાં સિલ્વર મેડલ જીતી ચુકેલ સુશીલકુમાર ૩ વર્ષ બાદ કુસ્તીમાં વાપસી કરી રહ્યો છે. તે રેલવે તરફથી રાષ્ટ્રીય ચેમ્પિયનશિપમાં ભાગ લેશે. રેલવે તરફથી તે ૭૪ કિલોગ્રામ વર્ગમાં ભાગ લેવાનો છે. આ પહેલા આ ટૂર્નામેન્ટ માટે સુશીલ અને દિનેશ વચ્ચે ટ્રાયલ થવાનો હતો. જોકે દિનેશે પોતાના આ સિનીયર પહેલવાનને વાક ઓવર આપી દીધુ છે.

પૂર્વ રાષ્ટ્રીય જુનિયર ચેમ્પિયન દિનેશને પહેલા ૭૪ કિલોગ્રામ વર્ગમાં રેલવેની બી ટીમમાં પસંદ કરાયો હતો. કારણ-કે રેલવેની બે ટીમ રાષ્ટ્રીય ચેમ્પિયનશિપમાં ભાગ લેવાની છે ત્યારે હવે રેલવેની બી ટીમમાં દિનેશની જગ્યાએ સુશીલકુમારને સ્થાન અપાયુ છે. જ્યારે પ્રવિણ રાણા ૭૪ કિલોગ્રામ વર્ગમાં રેલવેની એ-ટીમ તરફથી ભાગ લેશે.

સુશીલકુમાર ગ્લાસ્ગો કોમેનવેલ્થ ગેમ્સ ૨૦૧૪ બાદ પ્રથમ વખત કોઈ સ્પર્ધામાં ભાગ લેવા જઈ રહ્યો છે. આ ૩૪ વર્ષીય પહેલવાનનુ કહેવુ છે કે તે પોતાનુ શ્રેષ્ઠ ફોર્મ પરત મેળવવા માટે ભારે સંઘર્ષ કરશે. તેની નજર આગામી વર્ષે શરૃ થનાર પીડબલ્યુએલ પર ટકેલી છે. સુશીલનુ કહેવુ છે કે મને પુરો વિશ્વાસ છે કે દર્શકો મને રાષ્ટ્રીય ચેમ્પિયનશિપ અને પીડબલ્યુએલમાં નવા ઉત્સાહ સાથે રમતો જોશે.

### ૫૦ ટકાથી...

પાના નં.૧ ચાલુ

ફાયદા માટે સમાજમાં જુદી જુદી જાતિઓને પારસ્પર લડાવીને આગળ વધવાના પ્રયાસમાં છે. નીતિન પટેલે પાટીદાર સમાજને અપીલ કરતા કહ્યું હતું કે, હાર્દિક અને કોંગ્રેસના પ્રલોભનોથી લોકો સાવધાન રહે તે જરૂરી છે. નીતિન પટેલે કહ્યું હતું કે, બંધારણની દ્રષ્ટિએ ૫૦ ટકાથી વધુ અનામત આપવાની સ્થિતિ જ નથી તે બાબત હાર્દિક પણ જાણે છે. નીતિન પટેલે આક્ષેપ કરતા કહ્યું હતું કે, હાર્દિક પટેલ કોંગ્રેસની જ સ્ક્રીપ્ટ વાંચી રહ્યા છે. ૫૦ ટકાથી ઉપર અનામત કાયદાની સામે ટકી શકશે નહીં.

ઈન્દ્રા સાહની કેસમાં સુપ્રીમ કોર્ટમાં સ્પષ્ટતા કરતા કહ્યું છે કે, કોઈપણ સરકાર ૫૦ ટકાથી વધુ અનાતમ આપી શકે નહીં. રાજસ્થાનમાં પણ ૫૦ ટકાથી વધુ અનામત પર પ્રતિબંધ મુકવામાં આવી ચુક્યો છે. નીતિન પટેલે કહ્યું હતું કે, હાર્દિક નાદાન છે. તેને આ બાબત સમજવી જોઈએ. કોંગ્રેસના વકીલ રાજસ્થાન પર આપવામાં આવેલા ચુકાદાની અવગણના કરી રહ્યા છે. પટેલોના અનામત ઉપર કોંગ્રેસે પોતાના મોંને છુપાવવા માટે હાર્દિકની તરફેણમાં બોલ ફેંકી દીધો છે. હાર્દિક કોંગ્રેસની તરફેણમાં બોલ ફેંકી રહ્યા છે.

### ગુજરાત ચૂંટણી...

પાના નં.૧ ચાલુ

ભરવાનો પણ આરંભ થવા પામ્યો છે.રાજયમાં બે તબક-કામા યોજાનારી વિધાનસભાની ચૂંટણી સમયે કરવામા આવનારા ચૂંટણી ખર્ચ અને તેના ઉપર દેખરેખ રાખવા કુલ ૧૯૧ નિરીક્ષકોને જવાબદારી સોંપવામા આવી છે.આ અંગે મળતી વિગતો અનુસાર,વર્તમાન વિધાનસભાની મુદત ૨૨ જાન્યુઆરી-૨૦૧૮ના રોજ પૂરી થઈ રહી છે આથી નવી વિધાનસભાની રચના કરવા માટે હાથ ધરવામા આવેલી ચૂંટણી પ્રક્રીયા દરમિયાન બીજા તબકકામા કુલ ૧૪ જિલ્લાની ૯૩ બેઠકો માટેની ચૂંટણી અંગે ૨૦ નવેમ્બરના રોજ જાહેરનામુ પ્રસિધ્ધ કરવામા આવ્યું છે.તે અનુસાર ઉમેદવારીપત્રો ભરવાની અંતિમ તારીખ ૨૭ નવેમ્બર રાખવામા આવી છે.ઉમેદવારીપત્ર ચકાસવાની પ્રક્રીયા ૨૮ નવેમ્બરના રોજ હાથ ધરવામા આવશે.જ્યારે ૩૦ નવેમ્બર સુધીમા ઉમેદવારીપત્ર પાછા ખેંચી શકાશે.આ અગાઉ રાજયમાં પ્રથમ તબકકામા જયા ૯ ડીસેમ્બરના રોજ મતદાન યોજાવાનુ છે તેવી ૮૯ બેઠકો માટે કુલ મળીને ૧૭૦૩ ઉમેદવારોએ પોતાના ઉમેદવારી પત્ર ભર્યા છે.દરમિયાન પ્રથમ તબકકાની ૮૯ બેઠકો માટે વિવિધ રાજકીય પક્ષો દ્વારા કુલ ૯૧૫ ફોર્મ અને અપક્ષો દ્વારા ૭૮૮ એમ કુલ મળીને ૧૭૦૩ ઉમેદવારીપત્રો ભરવામા આવ્યા છે.કેન્દ્રીય ચૂંટણીપંચ દ્વારા ગુજરાતમાં ચૂંટણીપ્રક્રીયા પર દેખરેખ રાખવા માટે પહેલા અને બીજા તબકકાની ચૂંટણી માટે ૭૯ ખર્ચ નિરીક્ષકો અને ૧૧૨ સામાન્ય નિરીક્ષકો એમ કુલ ૧૯૧ નિરીક્ષકો ફાળવ્યા છે.જેમાં પ્રથમ તબકકામાં ૫૭ સામાન્ય નિરીક્ષકો અને ૩૯ ખર્ચ નિરીક્ષકો તતા બીજા તબકકામા ૫૫ સામાન્ય નિરીક્ષકો અને ૪૦ ખર્ચ નિરીક્ષકોની ફાળવણી કરવામા આવી છે. દરમિયાન રાજયમાં ચૂંટણી પ્રક્રીયા શરૂ થઈ ત્યારથી આજદિન સુધીમાં વિવિધ સંસ્થા-અરજદારો દ્વારા આચારસંહિતા અંગેની કુલ મળીને ૬૬ જેટલી ફરિયાદો ચૂંટણીપંચને મળવા પામી છે.આ ફરિયાદો પૈકી ૩૩ ફરિયાદોનો નિકાલ કરવામા આવ્યો છે. અન્ય મામલાઓમા નિકાલ કરવાની કાર્યવાહી ચાલી રહી છે.

### પાટીદારોને અનામત...

પાના નં.૧ ચાલુ

જેમ જ લાભ મળશે. હાર્દિકે કહ્યું હતું કે, કોંગ્રેસ સરકાર પેનલ બનાવીને મંડળ કમિશનની ભલામણોના આધાર પર સર્વે કરાવશે અને બિનઅનામત પછાત લોકોને તેના આધાર પર લાભ આપવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે, કોંગ્રેસ અને તે પોતે સમજૂતિ પર કામ કરી ચુક્યા છે. એટલું જ નહીં હાર્દિ-કે કહ્યું હતું કે, કોંગ્રેસ અને પાસ વચ્ચે થયેલી સમજૂતિને લઈને કોઈપણ પ્રકારની કાયદાકીય અડચણો આવશે નહીં. હાર્દિકે દાવો કરતા કહ્યું હતું કે, કોંગ્રેસે કોઈ સીટની માંગ કરી નથી જેથી ટિકિટોને લઈને કોઈ વિવાદ નથી. હજુ અઢી વર્ષ સુધી કોઈ પાર્ટીમાં સામેલ થનાર નથી. કોંગ્રેસને મત આપવા માટે કોઈને અમે અપીલ કરી નથી પરંતુ કોંગ્રેસના લોકો માટે કામ કરી રહ્યા છે. ભાજપે હમેશા પાટ-ીદાર સમાજની સાથે ખરાબ વર્તન કર્યું છે. તેને કોંગ્રેસના એજન્ટ તરીકે ગણાવ્યો છે. પાટીદાર સમાજના અધિકારો માટે લડવાની બાબત અમારો અધિકાર છે. પાસના લોકોને ચૂંટણી લડવા માટે પણ પૈસાની ઓફર કરાઈ હતી. ભાજપે વોટ વિભાજિત કરવા માટે ૨૦૦ કરોડ રૂપિયા ખર્ચ કરીને અપક્ષોને ઉતાર્યા છે. ભાજપે પાટીદારોના મતને વિભાજિત કરવાના પ્રયાસમાં છે પરંતુ ભાજપ ચૂંટણી હારી ચુકી છે. હાર્દિકે દાવો કરતા કહ્યુ હતુ કે અમારા લોકોને ખરીદવા માટેના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ભાજપ હારને લઈને ભયભીત છે. અન્યાય સામે લડવાની બાબત સૌથી મહત્વપૂર્ણ છે. તેમણે કહ્યુ હતુ કે અમે ક્યારેય કોઈને કોંગ્રેસ પાર્ટીને મત આપવા માટે કહ્યુ નથી. પરંતુ તેઓ અમારા અધિકારની વાત કરી રહ્યા છે. જેથી લોકો પોતાની રીતે નિર્ણય લઈ શકે છે. તેમણે કહ્યુ હતુ કે પાસની અંદર ટિકિટની ફાળવણીને લઈને કોઈ વિવાદ નથી. હાર્દિકે જાહેરાત કરી હતી કે કોંગ્રેસ પાર્ટીએ અનામતની વાત સ્વીકારી છે. સત્તામાં આવ્યા બાદ ગુજરાત વિધાનસભામાં બિલ લાવવામાં આવશે. તેણે કહ્યુ હતુ કે કોંગ્રેસ પાર્ટી અમારા સંબંધી નથી. જો કે ઓબીસી સર્વેની વાત કોંગ્રેસ પાર્ટીએ કરી હતી. પાટીદાર સમાજને શિક્ષણ અને રોજગારના અધિકારની જરૂર છે. આના કારણે સમગ્ર સમાજના લોકોને ફાયદો થનાર છે. કોંગ્રેસ પાર્ટી અને પાસના લોકો હાલમાં જ ટિકિટ ફાળવણીને લઈને સામ સામે આવી ગયા હતા. મારામારીની સ્થિતી પણ સર્જાઈ ગઈ હતી. પાટીદાર લીડર હાર્દિક પટેલે આજે પણ ભાજપ પર તેજાબી પ્રહારો કર્યા હતા.

કોંગ્રેસ પાર્ટીના લોકો આ નિવેદનથી સંતુષ્ટ દેખાઈ રહ્યા છે. પ્રાથમિક રીતે ભાજપ તરફથી કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી. જો કે ભાજપના લોકો પહેલાથી જ કહી રહ્યા છે કે હાર્દિક પાસે હવે કોંગ્રેસને ટેકો આપવા સિવાય કોઈ વિકલ્પ નથી. હાર્દિક હવે ખુલ્લી રીતે કોંગ્રેસને ટેકો આપતો નજરે પડશે. હાર્દિક પટેલે એમ પણ કહ્યું હોવાનું જાણવા મળ્યું છે કે, પારીદાર અનામત આંદોલનને સમેટી લેવા માટે ૧૨૦૦ કરોડ રૂપિયાની ઓફર કરવામાં આવી હતી. આ ઓફર જ્યારે તે જેલમાં હતો ત્યારે કરવામાં આવી હતી.

### ચૂંટણીને લઇને..

પાના નં.૧ ચાલુ

વડાપ્રધાન મોરારજીભાઈ દેસાઈની વિચારધારા અને આદર્શોને વરેલી પાર્ટી છે. સૌને ન્યાય, સૌને રોજગાર અને સૌના અધિકાર મામલે પક્ષ કયારેય બાંધછોડ નહી કરે. આ મુદ્દાઓ પર જનતાને હંમેશા લાભાન્વિત કરવા પક્ષ તત્પર છે. ભાજપ અને કોંગ્રેસે ગુજરાતની જનતા સાથે દગો કર્યો છે. પ્રજાને જૂઠા વચનો આપી સત્તામાં આવ્યા બાદ તેની પરિપૂર્તતા કરી નથી, તેથી હવે ગુજરાતની જનતા માટે નવા વિકલ્પ તરીકે જનતાદળ(યુનાઈટેડ)ની તક છે. ગુજરાત પ્રદેશ જનતાદળ(યુ)ના ઉપપ્રમુખ ગોવિંદભાઈ જાદવે જણાવ્યું હતું કે, લોકકલ્યાણના કાર્યો, ખાસ કરીને શિક્ષણ, આરોગ્ય, રોજગાર, મહિલા સુરક્ષા અને ખેડૂતો તેમ જ વીજળી પાણીના પ્રશ્ને પક્ષ દ્વારા પ્રાથમિકતાના ધોરણે લોકોની ઈચ્છાઓ અને જરૂરિયાતો સંતોષવામાં આવશે. પ્રજાનો અવાજ સાંભળીને તેમની ઈચ્છા મુજબ કાર્યો કરવાનો અમારો નિર્ધાર છે.

આગામી તા.૨૫મી નવેમ્બરની પક્ષની બેઠકમાં વિધાનસભાની ચૂંટણીને લઈ મહત્વના નિર્ણયો કરવામાં આવશે, જેમાં ચૂંટણીલક્ષી રણનીતિ પણ ઘડી કાઢવામાં આવશે.

### ગુજરાતમાં ઝંઝાવતી..

પાના નં.૧ ચાલુ

આ વખતે ભાજપને કોંગ્રેસ અને પાટીદાર આંદોલનના કારણે પડકારનો સામનો કરવો પડી રહ્યો છે. આવી સ્થિતીમાં ભાજપ મોદીની સૌથી વધારે રેલી રહે તેમ ઈચ્છે છે. સામાન્ય રીતે મોદી ૧૦ વિધાનસભા સીટ માટે એક રેલી કરે છે. અત્રે નોંધનીય છે કે ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી માટેનો કાર્યક્રમ ૨૫મી ઓક્ટોબરના દિવસે જાહેર કરવામાં આવ્યો હતો.ગુજરાતમાં બે તબક્કામાં ૯મી અને ૧૪મી ડિસેમ્બરના દિવસે ચૂંટણી યોજાશે. પ્રથમ તબક્કામાં ૯મી ડિસેમ્બરના દિવસે ૮૯ વિધાનસભા બેઠકો માટે મતદાન થશે જ્યારે બીજા તબક્કામાં ૧૪મી ડિસેમ્બરના દિવસે ૯૩ વિધાનસભા બેઠકો માટે મતદાન થશે. ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં બંને જગ્યાઓએ મતગણતરી એક જ દિવસે એટલે કે ૧૮મી ડિસેમ્બરે થશે. ગુજરાત ચૂંટણીમાં આ વખતે ૫૦૧૨૮ પોલિંગબુથ અથવા તો મતદાન મથકો ઉભા કરવામાં આવનાર છે. ગોવા બાદ હિમાચલ અને ગુજરાત એવા રાજ્ય બની ગયા છે જ્યાં ચૂંટણીમાં ૧૦૦ ટકા વીવીપેટ મશીનનો ઉપયોગ કરવામાં આવશે. ગુજરાત પ્રદેશમાં ૧૦૦ ટકા સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણી યોજવામાં આવશે. વીવીપેટ ઉપરાંત હાઈપ્રોફાઈલ ગુજરાત ચૂંટણી માટે અન્ય કેટલાક પગલા પણ લેવામાં આવી રહ્યા છે. આ ચૂંટણીમાં નજર રાખવા માટે અને પેમેન્ટ સુધીમાં આઈટીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. મોદીના પ્રચાર માટે કાર્યકરો પહેલાથી જ તૈયારીમાં લાગી ગયા છે.

### વાવ - થરાદ...

પાના નં.૮ ચાલુ

પરિસ્થિતિમાં સરહદી પંથકના મસીહા પુરવાર થયા હતા. પૂરની વિકટ પરિસ્થિતિમાં કરેલી તેમની કામગીરીથી વાવ- થરાદ બંને બેઠકો ઉપર ભાજપનો ભગવો લહેરાશે તેમણે કરેલી કામગીરીની પળોને લોકો હજુ યાદ કરે છે. તેમના સક્રિય પ્રયાસોથી હેલીકોપ્ટરના મોનીટરીંગ દ્વારા કેટલાક લોકોની જીંદગી બચી છે અને નવજીવન આપ્યું છે. પૂરની પરિસ્થિતિમાં સતત લોકો અને પીડીતોની વચ્ચે રહેલા વાવ ધારાસભ્ય શંકરભાઈ ચૌધરીની સરાહનીય કામગીરીને લોકો કદાપી નહી ભૂલી શકે.

### થરાદમાં હડકાયું ...

પાના નં.૮ ચાલુ

ભરી ગંભીર ઈજાઓ પણ પહોચાડી હતી.

જોકે તેને તાબડતોબ હોસ્પીટલમાં દાખલ કરાયો હતો.અને હડકવા વિરોધી રસી ના ઈંજેકશન થરાદમાં ન હોવાના કારણે ડીસાથી મંગાવીને પણ અપાવવામાં આવ્યા હતા.જેના ચાર ડોઝ પુરા થતાં પાંચમો અપાવવા જતાં રસ્તામાં જ હડકવાની બિમારીના કારણે કરૂણ મોત નિપજવા પામ્યું હતું.આમ પરિવારના માસુમ બાળકનું આવી રીતે આક્સ્મિક મોત થતાં પરિવાર ભારે આઘાતમાં સરી પડવા પામ્યો હતો. બનાવને લઈને નગરમાં પણ ભારે અરેરાટી સાથે ચકચારની લાગણી પ્રસરવા પામી હતી.નોંધનીય છેકે થરાદમાં અણીના સમયે હડકવા વિરોધી રસીના ઈંજેકશન કયારેય ઉપલબ્ધ હોતાં નથી તેવો રોષ અનુભવથી પીડાયેલા નાગરીકોએ વ્યક્ત કર્યો હતા

### હુમલાનો ખુલાસો...

પાના નં.૧ ચાલુ

પાકિસ્તાની આંતકવાદીઓ હથિયારોથી સજ્જ થઈ મુંબઈમાં ઘુસ્યા હતા. યા આંત-કવાદીઓ બે બે ટોળકીમાં વહેચાઈ જઈ મુંબઈમા ઠેર ઠેર હુમલાઓ કર્યા હતા. તેમાં મુબઈ ના છત્રપતિ શિવાજી ટર્મિનસ, ઓબોરોય હોટલ , તાજ પેલેસ અને ટાવર, લિયોપાર્ડ કાફે, કામા હોસ્પિટલ, નરીમન હાઉસનો શમાવેશ થાય છે.

રાષ્ટ્રીય સુરક્ષા ગાર્ડ (એનએસજી) અને આતંકિયો ની વચ્ચે લાબી અથડામણમાં ૯ આતંકીઓને ઠાર મારવામાં આવ્યા હતા અને દસમાં આંત-કવાદી અજમલ કસાબને જીવતો પકડી લેવામાં આવ્યો હતો. ૨૬-૧૧ મુબઈ હુમલા પકડાયલે અજમલ કસાબને પુરી કાનૂની કાર્યવાહી બાદ પુર્ણેની યવરડા જેલમાં ફાંસી આપવામાં આવી હતી.

### ડીસામાંથી બાઈક ...

પાના નં.૮ ચાલુ

ને ઝડપી લીધો હતો.બાદમાં કડક પૂછપરછ દરમ્યાન આ શખ્સે ડીસા સહિત અન્ય એક બાઈક ચોર્યું હોવાનું કબલ્યુ હતું.એલ.સી.બી પોલીસે આ શખ્સને ડીસા ઉત્તર પોલીસને સોંપી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

### ભીલડીના ઈસમ...

પાના નં.૮ ચાલુ

સુમારે ૯૫૩૪૩૩૭૬૮૯ નંબર પરથી ફોન આવતા ગોવિંદભાઈ પંચાલને પોતાનું આધારકાર્ડ લીંક કરાવી નહતી તમારૂ ખાતુ બંધ થઈ જશે તેવું જણાવેલ અને ગોવિંદભાઈએ પોતાની આધારકાર્ડ નંબર લખાવ્યા બાદ પોતાના એટ-ીએમ નંબર જણાવ્યા બાદ દશ મિનિટ જેટલા સમયમાંથી તેમના બેંક ખાતામાંથી રૂપિયા ૧૬૦૦/- ઉપડી જવાનો મેસેજ પોતાના મોબાઈલ પર આવતા ગોવિંદભાઈએ તાત્કાલિક ભીલડી દેના બેંકમાં જઈને આ ઘટનાની જાણ કરી હતી પરંતું બેંક કર્મચારીએ ટ્રાન્ઝેકશન વિશે તેમની તરફથી કોઈ સંતોષકારક જવાબ ન મળતા ગોવિંદભાઈએ કાર્ડ લોક કરાવવા જતાં કાર્ડ લોક માટેનો પણ સંતોષકારક જવાબ ન મળતા બેંકમાંથી વિલામોઢે પરત ફરવું પડ્યું હતું.

### ડીસા હાઈવે...

પાના નં.૮ ચાલુ

ડીવાઈડરથી રોડ ક્રોસ કરવો ખૂબ જોખમી બની રહ્યો છે તેમ છતાં વાહન ચાલકો કાયદાના વિરૂધ્ધમાં રોડ સાઈડમાં વાહનો હંકારી તુટેલા ડિવાઈડર પરથી રોડ ક્રોસ કરતા જોવા મળી રહ્યા છે. ચાર રસ્તા પરના પુલના ઢાળના કારણે વાહનોની સ્પીડ પણ ખુબ રહેતી હોય છે તેજ સ્થળે ડિવાઈડર તોડવામાં આવતા વાહનચાલકો બિન્દાસ રીતે રોડ ક્રોસ કરી રહ્યા છે. ઘણીવાર રોડ ક્રોસ કરવાના હબડાટમાં અકસ્માત પણ થઈ જાય છે. આ અગાઉ પણ તુટેલા ડિવાઈડરથી રોડ ક્રોસ કરતા વાહનોના કારણે બે બાઈક સવાર પોલીસ જવાનોનો અકસ્માત થતાં તાત્કાલિક પોલીસ દ્વારા આ ડિવાઈડરને બંધ કરી દેવામાં આવ્યું હતું પણ ફરી ડિવાઈડર તોડી વાહનો પસાર થઈ રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસોથી આ તુટેલી ડિવાઈડર પરથી મોટા વાહનો સહિત રેતી ભરી ચાલતા ડમ્પરો પણ રોડ ક્રોસ કરી રહ્યા છે. ત્યારે કોઈ મોટો અકસ્માતની ભીતી સેવાઈ રહી છે. હાઈવે ઓથોરીટી દ્વારા ઠેરઠેર તુટેલા ડિવાઈડર પરથી ક્રોસ કરતા વાહનો પ રોક લગાવે તે અત્યંત જરૂરી છે.

### ધાનેરા તાલુકાના ..

પાના નં.૮ ચાલુ

૪૬-યુએ-૦૩૫૮ને થોભાવી તલાશી લેતા અંદરથી રૂા.૧,૪૨,૦૦૦ના કિંમતની વિદેશી દારૂ તથા બિયરની બોટલ નંગ-૧૦૩૦, રૂા. ૧૦૦૦ ની કિંમતનો મોબાઈલ તથા રૂા.૬ લાખના બે વાહનો મળી કુલ રૂા.૭,૦૫,૨૦૦નો મુદ્દામાલ ઝડપી પાંથાવાડા પોલીસ મથકે સોંપ્યા બાદ નાશી છૂટેલા બંને વાહનોના અજાણ્યા ચાલકો વિરુદ્ધ પ્રોહીબીસન મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

### હડમતીયાના ..

પાના નં.૮ ચાલુ

ચીમકી ઉચ્ચારી છે. પૂર્વ સરપંચ મોહનભાઈ પ્રજાપતિએ જણાવ્યું હતું કે ચોમાસામાં હડમતીયા વરણાવાડા માર્ગમાં નદીનું પાણી આવતા રોડ તણાઈ ગયો હતો જેવી પચાસફુટના ખાડા પડી ગયા હતા જેને ગ્રામજનોએ રીપેર કરાવી કામચલાઉ રસ્તો શરૂ કર્યો હતો અને ઉચ્ચકક્ષાએ રોડનું કામ કરવા રજુઆત કરી હતી, કુલ અડધો કિલોમીટર સુધી રોડ સંપૂર્ણ બિસ્માર હોવાનું સરપંચ શારદાબેન ખેમાભાઈ રાવળે જણાવ્યું હતું.

### ચોટીલાના ધારાસભ્ય...

અનુસંધાન ૩ નુ ચાલુ..

કાપવામા આવી છે.ભાજપ દ્વારા શામજી ચૌહાણના સ્થાને નવા ચહેરા તરીકે ઝીણાભાઈ નાઝાભાઈને ટિકીટ ફાળવવામા આવી છે.પક્ષ દ્વારા પોતાની ટિકીટ કાપીને નવા ચહેરા તરીકે ઝીણાભાઈને ટિકીટ આપવામા આવતા તેઓ પક્ષના નિર્ણયથી નારાજ થયા હતા.તેમણે જે ઉમેદવારની પક્ષ દ્વારા પસંદગી કરવામા આવી છે તે યોગ્ય નથી અને પાર્ટી વિરૂધ્ધ કામ કર્યુ હોવાનો પણ આક્ષેપ કર્યો છે.અત્રે નોંધનીય છે કે,ભાજપ દ્વારા અનેક બેઠકો ઉપર ઉમેદવારોને બદલીને તેમના સ્થાને નવા ચહેરાને મુકવામા આવ્યા છે.જેના કારણે અનેક બેઠકો ઉપર બળવો થયો છે.એટલુ જ નહી કેટલાક સભ્યોએ તો ઉમેદવારી પણ નોંધાવી છે.ભાજપના મોવડીમંડળ દ્વારા આવા બળવાઓને નાથવા માટે ડેમેજ કંટ્રોલની કામગીરી આરંભી દેવામા આવી છે.

## કોલકાત્તા ટેસ્ટમાં સ્પિનરને એક પણ વિકેટ ન મળી...!

ગઈ કાલે ભારત-શ્રીલંકા વચ્ચેની પ્રથમ ટેસ્ટ ડ્રો રહી. આ ટેસ્ટ ઘણી બધી રીતે મહત્ત્વની રહી. આ ટેસ્ટ મેચને ઘણા બધા રેકોર્ડ્સ માટે યાદ રખાશે, ખાસ કરીને ફાસ્ટ બોલર્સ માટે. બહુ લાંબા સમય પછી ભારતીય ક્રિકેટ ઈતિહાસમાં એવું બન્યું, જ્યારે એક ટેસ્ટ મેચમાં કોઈ સ્પિનર એક પણ વિકેટ ઝડપી ના શક્યો. કોલકાતા ટેસ્ટમાં જેટલી પણ વિકેટ પડી, એ બધી ભારત તરફથી તેના ફાસ્ટ બોલર્સે ઝડપી. આ ટેસ્ટમાં બંને સ્પિનર- અશ્વિન અને જાડેજા ખાલી હાથે જ પેવેલિયનમાં પાછા ફર્યા.

આંકડાની દૃષ્ટિએ જોવામાં આવે તો ટીમ ઈન્ડિયા અત્યાર સુધીમાં કુલ ૫૧૬ ટેસ્ટ મેચ રમી છે. એમાંથી ૨૬૨ ટેસ્ટ બાદ એવું પહેલી વાર બન્યું છે કે ટીમ ઈન્ડિયાનો કોઈ સ્પિનર એક પણ વિકેટ ઝડપી શક્યો નહીં. બંને ઈનિંગ્સમાં મળીને ટીમ ઈન્ડિયાના ફાસ્ટ બોલર્સે કુલ ૧૭ વિકેટ ઝડપી. આ ૧૭ વિકેટમાંથી આઠ વિકેટ ભુવીના ખાતામાં, છ વિકેટ શામીએ અને ત્રણ વિકેટ ઉમેશ યાદવે ઝડપી. આમ લાંબા સમય બાદ ટીમમાં પાછા ફરેલા અશ્વિન અને જાડેજાનાં ખાતાં વિકેટ ઝડપવાના મામલામાં ખાલી જ રહ્યા.

## ક્રિકેટ પ્રેમીઓમાં બોરિંગ નહીં, રોમાંચક બની છે ટેસ્ટ મેચો

ભલે કોલકાતામાં અતિ રોમાંચક બનેલી ભારત-શ્રીલંકા વચ્ચેની ટેસ્ટ મેચ ડ્રોમાં પરિણમી હોય, ભલે દુનિયાના બધા બેટ્સમેન ટેસ્ટ ક્રિકેટને બેસ્ટ ક્રિકેટ માનતા હોય. બધા બેટ્સમેનોનું કહેવું એ જ હોય છે કે ટેસ્ટ ક્રિકેટમાં બેટ્સમેનનો સંપૂર્ણ ટેસ્ટ થઈ જાય છે, તેમ છતાં ટેસ્ટ ક્રિકેટને જોવા માટે એટલા દર્શકો સ્ટેડિયમ સુધી પહોંચતા નથી, જેટલા વન ડે અથવા ટી-૨૦ મેચ જોવા પહોંચે છે. એક બે દેશને બાદ કરતાં જ્યાં પણ ટેસ્ટ રમાય છે ત્યાં સ્ટેડિયમની મોટા ભાગની ખુરશીઓ ખાલીખમ હોય છે. વર્તમાન સમયમાં ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા, ભારત અને દક્ષિણ આફ્રિકા જેવા દેશને બાદ કરવામાં આવે તો ટેસ્ટ મેચ દરમિયાન અન્ય કોઈ સ્થળે એટલા દર્શક સ્ટેડિયમમાં હાજર હોતા નથી.

જો વન ડે અને ટી-૨૦ ક્રિકેટની વાત કરવામાં આવે તો સ્ટેડિયમ ખીચોખીચ ભરેલું હોય છે, દર્શકો ખૂબ એન્જોય કરે છે. જાણકારો એવું પણ માની રહ્યા છે કે ટેસ્ટ ક્રિકેટમાં પાંચ દિવસનો સમય લાગે છે અને એટલો સમય કોઈ પાસે આજના જમાનામાં હોતો નથી કે તેઓ પાંચેય દિવસ ટેસ્ટ ક્રિકેટ નિહાળવા સ્ટેડિયમમાં હાજર રહે. ટેસ્ટ ક્રિકેટમાં બેટિંગ ઘણી ધીમી હોય છે અને મેચનું પરિણામ પણ મોટા ભાગે નથી આવતું. આથી દર્શકો ટેસ્ટ જોવા પહોંચતા નથી.

જોકે ૨૦૧૭ના વર્ષમાં દર્શકોને ટેસ્ટ ક્રિકેટે ઘણી મજેદાર પળો આપી છે. આ વર્ષે રમાયેલી ટેસ્ટ મેચોમાંથી મોટા ભાગનાં પરિણામ આવ્યાં છે. આ પરિણામોએ દર્શકોને ખૂબ આનંદ પણ આપ્યો છે. વર્ષ ૨૦૧૭માં રમાયેલી ટેસ્ટ મેચોએ તો જાણે કે ટેસ્ટ ક્રિકેટને જ બદલી નાખ્યું છે. આ વર્ષે અત્યાર સુધીમાં લગભગ ૩૭ ટેસ્ટ રમાઈ ગઈ છે, જેમાંથી ૩૩ ટેસ્ટ મેચમાં હાર જીતનું પરિણામ આવ્યું છે. અગાઉ મોટા ભાગની ટેસ્ટ મેચ ડ્રોમાં પરિણમતી હતી, જેના કારણે દર્શકોની રુચિ ટેસ્ટ મેચમાંથી ઓછી થઈ રહી હતી, પરંતુ હવે ફરીથી ટેસ્ટ ક્રિકેટને લઈને દર્શકોમાં ક્રેઝ વધી રહ્યો છે. એવું કહેવું પણ ખોટું નહીં હોય કે ટેસ્ટ મેચનાં પરિણામ આવી જ રીતે આવતાં રહેશે તો વધુ ને વધુ દર્શકો સ્ટેડિયમમાં પહોંચશે.

## સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર**(કીલોના)
**ચાંદી ચોરસા ૪૦૧૦૦-૪૦૨૦૦**
રૂપુ કાચું ૪૦૧૦૦-૪૦૨૦૦
સોનુ તોલો ૩૦૩૦૦-૩૦૫૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૧૦૦**
પામોલીન ૧૦૭૦
સોયા રીફાઈન ૧૩૬૦
રાયડાતેલ ૧૫કી.૧૧૧૦-૧૨૨૦
સીંગતેલ૧૫ કી. ૧૫૩૦-૧૫૫૦
સીંગતેલ ૧૫ લી.૧૪૨૦
સીગતેલ ૫ લી. ૪૭૫
તિરૂપતી કપા. ૧૨૩૦
૫ લીટર ૩૯૦
વનસ્પતિ ઘી ૧૦૬૦-૧૧૮૦
કોપરેલ ૧૫ કિલો ૨૯૦૦-૩૧૦૦
૫ કે. કોપરેલ૧૧૦૦
૫લી. અંકુર સીંગતેલ ૪૭૫
**૧૫ લીટર સનફલાય ૧૨૦૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૪૦
૫ લી. ૪૫૦
૨ લી. ૧૬૩
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૬૦૦
મગદાળ નર્મદા સુપર ૬૨૦૦
નર્મદા મગ મોગર ૬૦૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૨૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૭૮૦૦
હેરીટેજ દુબાર ૬૦૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પી ૮૫૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૨૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૩૯૦૦-૪૦૦૦**
**ખાંડ એમ. ૪૦૦૦-૪૧૦૦**
ખાંડએલ. ૪૦૫૦-૪૧૦૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેકીટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર**
દાણ ૭૦ કી.ગ્રા. ૬૫૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૭૦૦
જીરાળુ ૧૭૪૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
**પરચુરણ**
સોજી ૮૬૦
મેંદો ૮૬૦
શ્રીફળ એમ. ૮૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૪૪૦૦
ખાંડ બુરૂ ૪૪૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૯૪
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૨૦૦-૨૪૦
સુકી ડુંગળી ૭૦૦-૭૪૦
લસણ ૭૦૦-૮૦૦
ધાણા ૧૦૦૦-૧૨૦૦
મરચાં ૪૦૦-૫૦૦
લીંબુ ૪૦૦-૫૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૬૦૦-૭૦૦
રીંગણ ૪૦૦-૫૦૦
ટામેટા ૭૦૦-૮૦૦
ભીંડા ૭૦૦-૮૦૦
કોબી ૪૦૦-૪૪૦
વટાણા ૧૦૦૦-૧૧૦૦
ટીંડસા ૫૦૦-૬૦૦
ગવાર ૮૦૦-૯૦૦
બાદશાહ બટાકા ૧૪૦-૨૦૦
સાંગા બટાકા ૧૨૦- ૧૪૦
ચોળી ૬૦૦-૭૦૦
તુરીયા ૩૦૦-૬૦૦
તુવેર ૯૦૦-૧૦૦૫

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.
★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહી.
કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.
★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

જન્મદિન મુબારક

નામ :......................... પતિ/પિતા :.........................
માતા : .........................જ.તા. ................ઉ.વ.
પરિચય: ...........................................................
સરનામુ : .........................................................
મોકલનારની સહી : ...............................................

## મહેસાણાના કુકસ ચાર રસ્તા પાસે સ્કૂલબસ એકટીવાને અથડાતાં બેને ઈજા

મહેસાણા

મહેસાણાના કુકસ ચાર રસ્તા પાસે સ્કૂલબસ અને એકટીવા વચ્ચે તાજેતરમાં અકસ્માત સર્જાયો હતો જેમાં બે વ્યક્તિઓને ઈજા થઈ હતી આ અંગે મહેસાણા તાલુકા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી. જાણવા મુજબ વિજાપુરના વસઈના ધવલ વાસુદેવભાઈ નાયક અને તેમના માસી એકટીવા પર મહેસાણાના કુકસ ચાર રસ્તા પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક સ્કૂલ લકઝરીના ચાલકે પુર ઝડપે પોતાનું વાહન ચલાવી એકટીવાને ટક્કર મારી ફરાર થઈ ગયો હતો. જેથી બે જણાને ઈજાઓ થઈ હતી.

## મેઘરજના વાવકંપા ગામે ખેતરમાં ખેતમજૂરના મોતથી ચકચાર

મોડાસા

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના વાવ કંપા ગામે રહેતા હિતેશભાઈ વિઠ્ઠલભાઈ પટેલ ખેતીકામ કરે છે. તેઓએ ખેતરમાં રામાભાઈ નામના ઈસમને ખેતમજૂર તરીકે રાખ્યો હતો. તાજેતરમાં તેમના ખેતરમાં ખેતમજુર રાત્રે પાણી પાવા ગયો હતો. બાદમાં ખેતરમાં જ સુઈ ગયો હતો. ત્યારે વહેલી સવારે એક ખેતરનો માણસ તેને ચા આપવા માટે જતા ખેતમજુર અગમ્ય કારણોસર મોતને ભેટ્યો હતો. આ બનવાથી ગામમાં ચકચાર મથી હતી.

### પાટણ જિલ્લામાં વિધાનસભાની ચૂંટણી લડતા ઉમેદવારોની એફિડેવિટની નકલ કેન્દ્રિય ચૂંટણી પંચની વેબસાઈટ પરથી મેળવી શકાશે

પાટણ

પાટણ જિલ્લામાં ૧૬-રાધનપુર,૧૭-ચાણસ્મા, ૧૮-પાટણઅને ૧૯-સિધ્ધપુર વિધાનસભાની બેઠકોની ચૂંટણી લડતા ઉમેદવારો તરફથી રજૂ કરવામાં આવેલ એફીડેવીટની નકલો જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીની કચેરી, પાટણ ખાતે તથા સબંધિત ચૂંટણી અધિકારીશ્રીની કચેરીએથી મેળવી શકાશે. તદુપરાંત ઉમેદવારો દ્વારા રજૂ થયેલ એફિડેવિટ ભારતના ચૂંટણી પંચની વેબસાઈટર ttp://ceo.gujarat.gov.in/Affidavits-of-Candidate પરથી ડાઉનલોડ કરી નકલ મેળવી શકાશે. જેની જાહેર જનતાએ નોંધ લેવા નોડલ ઓફીસર, ઓબ્ઝર્વર અને જિલ્લા પુરવઠા અધિકારીશ્રી પાટણની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## રાધનપુર કોલેજમાં સ્વેટર વિત્તરણ કાર્યક્રમ યોજાયો


કમલ ચક્રવર્તી

રાધનપુર

શ્રી હિંમત વિદ્યાનગર સ્થિત શ્રી ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટસ એન્ડ જે.વી.ગોકળ ટ્રસ્ટ કોમર્સ કોલેજ રાધનપુર દ્વારા તારીખ ૨૨/૧૧/૨૦૧૭ ના રોજ ટ્રસ્ટના પ્રમુખ ડૉ.મહેશભાઈ મુલાણીના અધ્યક્ષ સ્થાને લજપતનગર પ્રાથમિક શાળામાં સ્વેટર વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના પ્રિન્સીપાલ ડૉ.સી.એમ. ઠક્કરે મહેમાનોને આવકારી સ્વેટર વિત્તરણના હેતુની જાણકારી આપી. આ કાર્યક્રમ માટે દર વર્ષે જેમના તરફથી સૌજન્ય મળે છે તેવા શ્રેષ્ઠીઓના કાર્યને બિરદાવી તેમના સામાજીક સેવાના આ કાર્યમાં સહભાગી થવા બદલ કોલેજ વતી આભારની લાગણી વ્યક્ત કરી હતી. આ કાર્યક્રમમાં મેનેજીંગ ટ્રસ્ટી રાયચંદભાઈ ઠક્કર, કોષાધ્યક્ષ ધીરૂભાઈ પી. ઠક્કર (પંપવાળા) તથા સ્કુલના તમામ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં દર વર્ષે વિવિધ શ્રેષ્ઠીઓના સૌજન્યથી લગભગ ૭૦૦ થી વધારે એસસી, એસટી, ઓબીસી તથા આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને સ્વેટર વિતરણ કરવામાં આવે છે.

## વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| | **ડીસા** | અજમો | ૬૫૧-૮૫૯ |
| એરંડા | ૮૪૫-૮૫૦ | રાયડો | ૬૩૫-૬૮૫ |
| રાયડો | ૬૬૧-૬૮૨ | એરંડા | ૮૨૬-૮૬૨ |
| મગફળી | ૬૫૦-૮૦૩ | તલ | ૧૫૦૫-૧૭૧૧ |
| બાજરી | ૨૬૦-૨૯૫ | | **ધાનેરા** |
| અડદ | ૬૨૫-૮૦૧ | જીરૂ | ૩૨૫૦-૩૪૭૦ |
| ઘઉં | ૩૫૧-૩૫૫ | એરંડા | ૮૧૧-૮૫૫ |
| ગવાર | ૬૫૧-૭૧૫ | મેથી | ૪૯૦-૫૪૧ |
| કપાસ | ૮૮૫-૮૮૬ | રાજગરો | ૬૦૦-૭૯૧ |
| | **પાલનપુર** | ઈસ. | ૧૬૬૧-૧૭૭૭ |
| એરંડા | ૮૫૦-૮૫૭ | સુવા | ૭૨૫-૮૨૬ |
| ઘઉં | ૩૦૦-૩૬૯ | રાયડો | ૬૬૦-૭૦૭ |
| જુવાર | ૫૫૦-૬૪૦ | ગવાર | ૬૫૧-૭૦૦ |
| બાજરી | ૨૧૧-૨૮૦ | બીજડા | ૯૬૦-૧૫૨૫ |
| મગફળી | ૬૦૦-૮૬૮ | ઘઉં | ૩૦૦-૩૩૫ |
| અડદ | ૬૩૭-૭૩૫ | મગ | ૭૨૧-૧૨૦૦ |
| રાજગરો | ૭૨૯-૮૨૫ | બાજરી | ૨૫૦-૩૦૪ |
| રાયડો | ૬૬૪-૬૮૦ | મગ | ૭૦૦-૭૮૮ |
| મકાઈ | ૨૫૦-૨૫૬ | મઠ | ૬૪૩-૭૭૫ |
| | **લાખણી** | ચોળા | ૫૫૧-૬૮૭ |
| રાયડો | ૬૬૭-૬૮૫ | તલ | ૧૪૦૦-૧૭૩૯ |
| બાજરી | ૨૫૦-૨૯૩ | અજમો | ૬૧૧-૭૪૫ |
| ર.બાજરી | ૩૬૮-૪૦૪ | મગફળી | ૫૫૦-૮૬૦ |
| તલ | ૧૫૬૧-૧૭૧૮ | અન્ય | ૬૨૫-૯૪૩ |
| ગવાર | ૬૬૧-૭૦૬ | | **થરા** |
| એરંડા | ૮૫૧-૮૬૪ | જીરૂ | ૩૦૦૦-૩૫૦૧ |
| કપાસ | ૮૫૦-૮૯૫ | એરંડા | ૮૫૩-૮૫૭ |
| મેથી | ૪૪૬ | રાયડો | ૬૬૫-૬૭૫ |
| મગફળી | ૬૦૦-૮૩૫ | ગવાર | ૬૫૦-૬૯૦ |
| | **પાટણ** | ઘઉં | ૩૨૦-૩૪૫ |
| જીરૂ | ૩૩૯૦-૩૪૯૧ | બાજરી | ૨૪૦-૨૬૩ |
| વરી. | ૮૫૦-૧૦૭૬ | અડદ | ૬૯૦-૭૯૨ |
| મેથી | ૪૨૫-૫૧૬ | તલ | ૧૪૦૦-૧૬૨૫ |
| સુવા | ૮૨૦-૯૦૮ | મગફળી | ૯૦૦ |
| ઘઉં | ૩૧૯-૩૫૫ | | **સિદ્ધપુર** |
| બાજરી | ૨૩૦-૨૮૪ | રાયડો | ૬૪૫-૬૮૬ |
| બંટી | ૩૦૦-૩૩૯ | એરંડા | ૮૦૦-૮૬૪ |
| મગ | ૬૬૧-૭૦૦ | મગ | ૭૨૦-૮૫૦ |
| કપાસ | ૯૦૦-૯૪૦ | અડદ | ૬૨૦-૮૪૨ |
| મગ | ૫૮૦-૭૧૦ | ગવાર | ૫૦૦-૭૦૭ |
| અડદ | ૬૫૦-૮૭૨ | ઘઉં | ૩૨૧-૩૬૬ |
| ગવાર | ૫૬૫-૭૦૬ | બાજરી | ૨૦૦-૨૯૯ |
| મગફળી | ૬૪૦-૭૩૮ | જવ | ૩૮૧ |
| જુવાર | ૫૧૧ | કપાસ | ૮૬૧-૯૪૦ |

## હિંમતનગર-ચિલોડા હાઈ-વે પરથી નકલી પોલીસ સહિત બે દારૂના જથ્થા સાથે ઝડપાયા

(જી.એન.એસ) હિંમતનગર

ગાંધીનગર ચિલોડા પોલીસે ગઈકાલે રાતના સમયે હિંમતનગર- ચિલોડા હાઈવે પરથી એક બોલેરો કારને રોકીને તેમાં તપાસ કરતા રૂપિયા ૨૦ હજારની કિંમતનો વિદેશી દારૂ અને બિયરનો જથ્થો જપ્ત કર્યો હતો. નવાઈની વાત એ હતી કે, જે બોલેરો કારને પોલીસે રોકીને તપાસ કરી હતી તે કાર પોલીસની પ્લેટ લગાવવામાં આવી હતી અને દારૂની હેરફેર કરનાર બે વ્યક્તિ પૈકી એક વ્યકિતએ પોલીસનો ડ્રેસ પહેર્યો હતો. આ અંગે પોલીસે ગુનો નોંધી, કાર અને દારૂ બીયરનો જથ્થો જપ્ત કરી વધુ તપાસ શરૂ કરી છે.

ચિલોડા પોલીસનો સ્ટાફ ગઈકાલે રાતના સમયે ચંદ્રાલા ગામ પાસે વાહન ચેકિંગમાં હતો ત્યારે એક બોલેરો કાર ત્યાથી પસાર થઈ હતી, જેના પર પોલીસનું બોર્ડ લગાવવામાં આવ્યું હતુ.

પરંતુ કારના ચાલકે પોલીસને જોઈને ગભરાઈ ગયો હોય તેમ કાર ઝડપથી હંકારી મુકી હતી. જેથી ચિલોડા પોલીસે પીછો કરીને ચિલોડા સર્કલ પાસે જીપને રોકીને તપાસ કરતા તેમાંથી ૬૦ બોટલ દારૂ અને બિયરનો જથ્થો મળી આવ્યો હતો. આ બે વ્યક્તિ કારમાં બેઠેલા હતા, જેમાં દિલીપ વજેસીંગ ચૌહાણ (રહે. સીગરવા ગામ) નામના વ્યકિતએ પોલીસનો ડ્રેસ પહેર્યો હતો.

જયારે બીજા વ્યકિતનુ નામ સજ્જનસિંહ ચુડાવત (રહે. કણભા) હોવાનું જાણવા મળ્યું હતુ. આ દારૂનો જથ્થો રાજસ્થાનથી લાવવામાં આવી રહ્યો હતો અને કોઈને શંકા ન જાય તે માટે દિલીપે પોલીસનો ડ્રેસ પહેર્યો હતો.

## શંખલપુરના ટોડા બહુચર માતાના મંદિરે મહિલાઓ દ્વારા આનંદ ગરબા યોજાયા



ચાણસ્મા

બહુચરાજી તાલુકાના શંખલપુર ગામે આવેલા ટોડા બહુચરાજી માતાજીના મંદિરે માગસર સુદ બીજને સોમવારના પવિત્ર દિવસે સ્થાનિક મહિલા મંડળ દ્વારા આનંદના ગરબા તેમજ રાત્રે માઈભક્તો દ્વારા રસ- રોટલીના પ્રસાદનું આયોજન કરાયું હતું. જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો સહિત ભક્તજનોએ લાભ લઈ જીવનની ધન્યતા અનુભવી હતી. માગસર સુદ બીજના દિવસે બહુચર માતાજીએ ભક્ત કવિ વલ્લભ ભટ્ટની આબરૂ રાખવા સમગ્ર ભટ્ટજીની નાતને ભરશિયાળે રસ- રોટલીનું જમણ કરાવ્યું હતું. માતાજીના આ પરચાને જીવંત રાખવા માઈભક્તો દ્વારા પ્રતિવર્ષ આયોજન કરાય છે. તે મુજબ આ વર્ષે પણ આયોજન થયું હતું. આ પવિત્ર દિવસે ઉત્તર ગુજરાત સહિત રાજયભરમાંથી મોટી સંખ્યામાં લોકો માતાજીના દર્શન માટે ઉમટી પડ્યા હતા.

## પાટણ જિલ્લામાં ચૂંટણી કર્મીઓનો તાલીમનો પ્રથમ રાઉન્ડ પૂર્ણ, બીજા તબક્કાની તાલીમ અપાશે




પાટણ

પાટણ જિલ્લાના ચૂંટણી અધિકારી આનંદ પટેલે ચૂંટણી પ્રક્રિયામાં જોડાયેલા કર્મચારીઓની તાલીમ જિલ્લામાં મતદાતા જાગૃતિના કાર્યક્રમો સહિત ચૂંટણી માટેની તૈયારીઓની સમીક્ષા કરી હતી. નોડલ ઓફિસર્સ બેઠકમાં જિલ્લા ચૂંટણી અધિકારીએ ચુંટણીની તાલીમ માટે સબંધિત કર્મચારીઓને તાકીદ કરતા જણાવ્યું હતું કે, ચૂંટણી કર્મચારીઓ તાલીમને અગ્રતા આપી તાલીમ સેશનમાંઅચુક હાજર રહે તે જરૂરી છે. જિલ્લામાં પ્રથમ તબક્કાની તાલીમ પૂર્ણ થઈ છે. બીજો તબક્કો ટૂંક સમયમાં હાથ ધરાશે. જિલ્લા ચૂંટણી અધિકારીએ પોસ્ટલ બેલેટની કામગીરી સમયસર પૂરી કરવા અનુરોધ કર્યો હતો. દિવ્યાંગ મતદાતાઓ માટે વ્હીલચેર જેવા ઉપકરણોની પણ સમય મર્યાદામાં નિયત મતદાન મથકોએ આપૂર્તિ કરાય તે જોવા તાકીદ કરી હતી. બેઠકમાં આદર્શ આચાર સંહિતા, મતદાતા

જાગૃતિ માટેના કાર્યક્રમો, મેનપાવર મેનેજમેન્ટ, ચૂંટણીખર્ચ,એમ.સી.એમ.સી.ન ીકામગીરીની સમીક્ષા કરાઈ હતી. બેઠકમાં ચૂંટણી ખર્ચના કો-ઓર્ડિનેટર અને જિલ્લા વિકાસ અધિકારી રાજેશ રાજયગુરૂ, અધિક નિવાસી કલેકટર બી.જી.પ્રજાપતિ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી જે.જે. પટેલ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી જે.કે.પટેલ, નાયબ કલેકટર એ.વી. દેસાઈ, ડી.આર. અસારી, ઓબ્ઝર્વર- નોડલ અધિકારી ગીતા દેસાઈ સહિત સ્વીપના નોડલ ઓફિસરશ્રી સંજય વ્યાસ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## મોડાસા પોલીસે રૂા.૨.૬૪ લાખ વિદેશી દારૂ સહીત રૂા.૮૨.૩૦ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો

(હિં.સ.) મોડાસા

રૂરલ પોલીસે રાજેન્દ્રનગર પોલીસ ચોકી પાસે આવેલા ગઢડા ગામની સીમમાંથી આયશર મીની ટ્રકમાં દવાના બોક્સની આડમાં સંતાડીને લવતો ૨.૬૪ લાખનો વિદેશી દારૂ સહિત ૮૨.૩૦ લાખનો મુદ્દામાલ ઝડપી પાડી ટ્રક ચાલકની ધરપકડ કરી અન્ય પોલીસ ચેકીંગ દેખી ફરાર થઈ ગયેલા ૨ શખ્સોની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા હતા.રાજેન્દ્રનગર ચોકડી પાસે આવેલા ગઢડા ગામની સિમમાંથી મોડાસા રૂરલ પોલીસે રાજસ્થાન તરફથી દવા ભરેલ પસારથતી આયશર મીની ટ્રક (ગાડી નં. ડીએલ-૧- એલવી- ૪૮૭૪) માં દવાના કાર્ટુનની પાછળ સંતાડીને લવાતો ગેરકાયદેસર વગર પાસ પરમીટનો વિદેશી બોટલ નંગ- ૧૨૦ કી.રૂા. ૨૬૪૦૦૦/-નો જથ્થો ઝડપી પાડી, ટ્રકમાં રાખેલા દવાના બોક્સની આડમાં સંતાડીને ઘુસાડવા નો પ્રયત્ન નિષ્ફળ દવાના કાર્ટુન નંગ -૨૦૦ કીં. રૂા. ૬૯૬૨૦૦૦/- તથા ટ્રકની કિંમત રૂા.૧૦૦૦૦૦૦/- અને મોબાઈલ નં-૧ કી.રૂા. ૧૦૦૦, તાડપત્રી રૂા.૨૦૦૦, રસ્સી રૂા.૧૦૦૦ મળી કુલ કિંમત રૂપિયા ૮૨૩૦૦૦૦/-ના મુદ્દામાલ સાથે ટ્રક ચાલક ભગવાન રામમહેર રાજપૂત ઉં.વર્ષ - ૫૬ (રહે. ૨૨ વીલા ગાસીપુરા, નજફગર, ન્યૂ દિલ્હી- ૧૧૦૦૪૩)ને ઝડપી પાડી અન્ય દિનેશ (રહે. શીલાણી, તા.જજર, હરિયાણા), અરવિંદ કુમાર જગદીશ સીંગ જાટ (રહે. આરઝેડ શિવપાર્ક, કાકરુલાવીલ, ન્યૂ દિલ્હી) વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી બંને ફરાર આરોપીઓને ઝડપી પાડવા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## સાબરકાંઠામાં ૩૧ ઉમેદવારી પત્રોનું વિતરણ

હિંમતનગર

વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અંતર્ગત સાબરકાંઠા જિલ્લાની તમામ વિધાનસભા મતદાર વિભાગના ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારીશ્રીએ ચૂંટણી અંગેની નોટીસ બહાર પાડી હતી, જે કાર્યક્રમ મુજબ તા.૨૦ થી તા.૨૭ નવે.-૨૦૧૭ સુધી ઉમેદવારો તરફથી સંબંધિત ચૂંટણી અધિકારી પાસે ઉમેદવારી પત્રો ભરવામાં આવશે. જેમાં હિંમતનગર અને પ્રાંતિજ વિધાનસભામાં એક-એક ઉમેદવારે ઉમેદવારીપત્ર રજૂ કર્યા હતા. આમ જિલ્લામાં ત્રણ દિવસ દરમિયાન કુલ ૩ ઉમેદવારી પત્ર નોંધાયા છે.

આજ રોજ તા.૨૨ નવેમ્બતર-૨૦૧૭ને બુધવારના રોજ ત્રીજા દિવસે સાબરકાંઠા જિલ્લાતની ચાર વિધાનસભા મતવિભાગમાં ૩૧ ફોર્મનું વિતરણ થયું હતું

જેમાં હિંમતનગરમાં ૧૫, ઈડરમાં પાંચ, ખેડબ્રહ્માામાં ૭ અને પ્રાંતિજમાં ૪ ફોર્મનું વિતરણ થયું ઉલ્લેખનીય છેકે જિલ્લમાં ત્રણ દિવસ દરમિયાન કુલ કુલ ૯૪ ફોર્મનું વિતરણ થયુ હોવાનું એક અખબારી યાદીમાં જણાવાયું છે. ૨૭-હિંમતનગર રાજેન્દ્રસિંહ ચાવડા ભારતીય જનતા પાર્ટી ૨૧/૧૧/ ૨૦૧૭ સલાઉદ્દીન હુસેનભાઈ હુક્કાવાલા અપક્ષ ૨૨/૧૧/૨૦૧૭ ૨ ૩ ૩ - પ્રાંતિજ ગજેન્દ્રસિંહ ઉદેસિંહ પરમાર ભારતીય જનતા પાર્ટી ૨૨/૧૧/૨૦૧૭

## જિલ્લા બાળ સુરક્ષા એકમ, પાટણ દ્વારા રાષ્ટ્રીય બાળદિન સપ્તાહની ઉજવણી

પાટણ

સંકલિત બાળ સુરક્ષા યોજના અંતર્ગત દરેક જિલ્લા ખાતે કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને જિલ્લા બાળ સુરક્ષા એકમની રચના થયેલ છે. જેનો મુખ્ય હેતુ બાળકોના શ્રેષ્ઠ હિત, અધિકારોનું રક્ષણ કરી યોગ્ય માળખાઓ ઉભા કરવા તથા સમાજમાં યોગ્ય પુનઃ સ્થાપન કરવાનો છે. જેમાં કાળજી અને રક્ષણની જરૂરિયાતવાળા બાળકો, કાયદા સાથે સંઘર્ષમાં આવેલા બાળકો તથા કાયદાના સંપર્કમાં આવેલા બાળકોના રક્ષણ માટે વિવિધ પ્રકારના અવેરનેશના ભાગરૂપે યોજનાના અમલીકરણ અર્થે વિવિધ કામગીરીઓ કરવામાં આવે છે. જે અંતર્ગત તા.૧૪ નવેમ્બર થી તા. ૨૦ નવેમ્બર દરમિયાન બાળદિન સપ્તાહની પૂરા ભારત દેશમાં ઉજવણી કરવામાં આવે છે. જે અંતર્ગત જિલ્લા બાળ સુરક્ષા એકમ, પાટણ ટીમ દ્વારા બન્ને બાળગૃહોમાં બાળકોને બાળકોને વિવિધ સ્પર્ધાઓ જેવી કે ફુગ્ગાફોડ,

સંગીત ખુરશી,લીંબુ ચમચી રમાડવામાં આવેલ. જિલ્લા ટોબેકો કંટ્રોલ સેલ દ્વારા બાળકોને વ્યસન મુક્તિ વિશે વિવિધ પ્રકારનું માર્ગદર્શન આપવામાં આવેલ.

આ ઉપરાંત કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયો (સમી, હારીજ) માં પણ ૨૫૦ જેટલી દીકરીઓને બાળ અધિકારો, જાતીય સતામણી અધિનિયમન-૨૦૧૨, વિવિધ યોજનાઓ વગેરે વિશે માહિતગાર કરી જાગૃત્તિ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

કાર્યકમમાં સમિતિના સદસ્યશ્રીઓ ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહન આપ્યું હતું.

સ્પર્ધામાં વિજેતા બાળકોને સંસ્થાના ટ્રસ્ટીશ્રી દ્વારા ઈનામ વિતરણ કરીને બાળકોની સાથે બાળદિન સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી, તેમ જિલ્લા બાળ સુરક્ષા અધિકારી કેતનભાઈ પ્રજાપતિની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## મહેસાણા નજીક પાંચોટ સર્કલ નજીક ટ્રકે ટક્કર મારતાં બસ પલટી ખાઈ ગઈ,મુસાફરોનો બચાવ

(જી.એન.એસ) મહેસાણા

મહેસાણા નજીક પાંચોટ બાયપાસ સર્કલ નજીક ટ્રકે પાછળથી ટક્કર મારતા એસ.ટી. બસ પલટી ખાઈ જતાં અફરાતફરી મચી ગઈ હતી. આ અકસ્માતની ઘટનામાં બસમાં બેઠેલા તમામ મુસાફરોનો અદ્દભુત બચાવ થયો હતો. જોકે ૧૭ મુસાફરોને નાની મોટી ઈજા પહોંચતા સારવારર્થે ખસેડાયા હતા. સદ્દનસીબે કોઈ જાનહાની થઈ નથી.

પ્રાપ્ત માહિતી અનુસાર ડિસા એસ.ટી. ડેપોની બોપલથી ડિસા જતી એક્સપ્રેસ બસ સવારના ૮ કલાકે મહેસાણા નજીક પાંચોટ બાયપાસ સર્કલ નજીકથી પસાર થઈ રહી હતી ત્યારે પાછળથી પુરઝડપે આવી રહેલી ટ્રકે બસને પાછળથી ટક્કર મારતા બસ પલટી ખાઈ જઈ ૧૦ ફૂટ ઢસડાઈ હતી. બસમાં બેઠેલા મુસાફરોએ ભયના કારણે ચીચીયારીઓ કરી મૂકતા ઉત્તેજના છવાઈ હતી. આ ઘટનામાં ચાર મહિલા સહિત ૧૭ મુસાફરોને નાની-મોટી ઈજા પહોંચી હતી. પોલીસે ટ્રકચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

## ઉંઝામાં કરીયાણાની દુકાનમાં તસ્કરો ત્રાટક્યા રૂા. ૧,૭૧,૨૧૦ ના મુદ્દામાલની ચોરી

ઊંઝા

ઊંઝા વિસ્તારમાં પોલીસતંત્રની સરેઆમ નિષ્ક્રિયતાના કારણે મિલકત વિરૂધ્ધના તેમજ શરીર સંબંધી ગંભીર પ્રકારના ગુનાઓનું પ્રમાણ વધી જતા લોકોમાં ભય સામે ચિંતાની લાગણી ફેલાઈ છે.

ઊંઝા તાલુકાના કહોડા ગામે બસ સ્ટેન્ડ પાસે આવેલ ગજાનંદ કિરાણા સ્ટોર નામની કરીયાણાની દુકાનમાં રાત્રિના સમયે તસ્કરો ત્રાટક્યા હતા. તસ્કરોએ આ હૉલસેલની દુકાનનું શટરનું તાળુ તોડી અંદર પ્રવેશ કર્યો હતો. બાદ દુકાનમાંથી તેલ, ઘીના ડબા, તેમજ અન્ય કરીયાણાની ચીજવસ્તુઓ મળી કુલ ૨,૭૧,૨૧૦ રૂપિયાની કિંમતની મત્તાના માલસામાનની ઉઠાંતરી કરી હતી.

આ બનાવ અંગે કહોડા ગામના વિવેકકુમાર અમૃતભાઈ પટેલની ફરિયાદના આધારે ઊંઝા પોલીસે ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે. આ ચોરીમાં ગણવાડા ગામના અજાણ્યા ડફેર કહેમના ઈસમોની સંડોવણી હોવાનું ફરિયાદમાં જણાવ્યું છે.

આ ઉપરાંત ઊંઝા ખાતે કેવલેશ્વર મહાદેવ મંદિર પરિસરમાંથી રાત્રિના નવેક વાગે કોઈ તસ્કરો રૂપિયા ૨૦ હજારની કિંમતની મત્તાના એક્ટીવાની ચોરી કરીને ક્યાંક પલાયન થઈ ગયા હોવાની ફરિયાદ નોંધાયેલ છે.

## મહેસાણા જિલ્લામાં તહેવારોમાં શસ્ત્રો રાખવા પર પ્રતિબંધ ફરમાવાયો

(જી.એન.એસ) મહેસાણા

મહેસાણા જિલ્લામાં આગામી ઉત્તર ગુજરાત યુનિવર્સીટીની પરીક્ષા તેમજ વિધાનસભા સામાન્ય ચૂંટણી ૨૦૧૭ ની કામગીરી શરૂ થયેલ છે.મહેસાણા જિલ્લામાં શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ના ૨૨ માની કલમ(૩૭)(૧) મુજબ સાવચેતીના ભાગ રૂપે સુરક્ષાના આદેશ કરેલ છે. પરીક્ષાઓ અને વિધાનસભા ચૂંટણીને અનુંલક્ષીને જિલ્લાના તમામ વિસ્તારોમાં ૦૧ ડિસેમ્બર ૨૦૧૭ સુધી શસ્ત્રો રાખવા પર પ્રતિબંધ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ રમેશ મેરજાએ ફરમાવ્યો છે.

જિલ્લામાં શસ્ત્રો, તલવાર, ભાલા, સોટા,ચપ્પુ,લાકડી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવા સાધનો કે હથિયારો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું,જલદી સળગી ઉઠે તેવા વિસ્ફોટક પદાર્થો બનાવવાનું કે એકઠા કરવાનું તે સાથે રાખી ફરવાનું કે કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મસાલો સાથે લઈ જવાનું, પત્થર અથવા પત્થર જેવા પદાર્થો અથવા હથિયાર અગર ફેંકી શકાય તેવા સાધનો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું,જુસ્સાદાર ભાષણ કરવાનું કે નનામીઓ કે પુતળાં કાઢવાનું કે ચાળા પાડવાનું કે અસભ્યતા પ્રેરે અગર નીતિનો ભંગ કરે તેવા ચિત્રો તૈયાર કરવાનું કે પ્રદશિત કરવાનું,ધાર્મિક કે સામાજિક લાગણી દુભાય તેવા સુત્રો પોકારવાનું,અપમાન કરવાનું કે જાહેર ઈરાદાથી જાહેરમાં બિભિત્સ સુત્રો પોકારી કે અસ્લીલ ગીતો ગાવાનું કે ટોળામાં ફરવાનું,માણસનું મડદું,આકૃતિ અગર પ્રતિમા પ્રદર્શિત કરવાનું સુરૂચિનો ભંગ કરે તેવું ભાષણ કરવાનુ, અસભ્ય વાણી ઉચ્ચારવાનું, નિતિનો ભંગ થાય તેવા હાવ-ભાવ કરવા,તેવી ચેષ્ટાઓ કરવાની તથા ચિત્રો,પત્રિકાઓ અથવા પ્લેકાર્ડો તૈયાર કરવાનું કે ઉપયોગ કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

## સિધ્ધપુર શહેર ભાજપ મહિલા મોરચાના પદાધિકારીઓની વરણી

પાટણ

જિલ્લા મહિલા મોરચાના પ્રમુખ દામિનીબેન પ્રજાપતિની અનુમતીથી સિધ્ધપુર શહેર ભાજપ પ્રમુખ મનીષભાઈ આચાર્યના માર્ગદર્શન હેઠળ, શહેર મહિલા મોરચા પ્રમુખ વર્ષાબેન દવે દ્વારા ગતરોજ સિધ્ધપુર શહેર મહિલા મોરચાના પદાધિકારીઓની નિયુક્તિ કરવામાં આવે છે.

સિધ્ધપુર શહેર મહિલા મોરચો પદાધિકારીઓ

ઉપપ્રમુખઃ- ૧. પંચાલ ચંદ્રિકાબેન કનુભાઈ, ૨. ઠાકર સર્વમંગલાબેન હરેશભાઈ, મંત્રીઃ- ૩. ઠાકોર લક્ષ્મીબેન હરચંદજી, ૪. જોષી અલકાબેન હસમુખભાઈ, ૫. ઠાકોર પારૂબેન, ૬. રાવ વર્ષાબેન રાજુભાઈ, કોષાધ્યક્ષઃ- ૭.પંડ્યા લતાબેન કૌશિકકુમાર